વર્ષઃ 02 અંકઃ 22

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

16-31 મે, 2022

નિઃશુલ્ક





# "પ્રધાનમંત્રી મ્યૂઝિયમ યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર, દેશનાં અમૂલ્ય વારસા સાથે તેમને જોડી રહ્યું છે"

**દેશના વડાપ્રધાનોના પ્રદાનને યાદ કરવા માટે આઝાદીના અમૃત મહોત્સવથી સારો સમય બીજો કયો હોઈ શકે.? પીએમ મ્યૂઝિયમ યુવાનોને દેશનાં અમૂલ્ય વારસા સાથે જોડી રહ્યું છે. આ એવો વિષય છે જે ઇતિહાસ, વર્તમાન અને ભવિષ્ય ત્રણેય સાથે જોડાયેલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' માં પીએમ સંગ્રહાલયની સાથે સાથે દેશભરનાં મ્યુઝિયમ અંગે વાત કરી અને મ્યૂઝિયમ અંગે સાત પ્રશ્ન કર્યા. તેમણે #MuseumQuiz નો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર સવાલોનાં જવાબ આપવાની અપીલ કરી. આ ઉપરાંત, વડાપ્રધાને દેશમાં વધી રહેલા કેશલેસ વ્યવહારો, વૈદિક ગણિત, દરેક જિલ્લામાં 75 અમૃત સરોવરનું નિર્માણ અને ટેકનોલોજી અંગે વાત કરી તેમજ જળ સંરક્ષણનો સંકલ્પ લેવાની અપીલ કરી. વડાપ્રધાને પીએમ મ્યૂઝિયમ અંગે ગુરુગ્રામના રહેવાસી પાર્થનું નામ લીધું અને વૈદિક ગણિત પર કોલકાતાના ગૌરવ ટેકરીવાલ સાથે વાતચીત પણ કરી...**

- **#MuseumMemories દ્વારા અનુભવ રજૂ કરો:** 18 મેનાં રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવશે. તેને જોતાં મારા યુવાન સાથીઓ સાથીઓ માટે મારી પાસે એક આઇડિયા છે. આગામી વેકેશનમાં તમે તમારા મિત્રોની મંડળી સાથે કોઇ સ્થાનિક સંગ્રહાલય જોવા જાવ અને તમારા અનુભવ #MuseumMemories દ્વારા જરૂર રજૂ કરો. બીજાંઓના મનમાં પણ સંગ્રહાલયો અંગે જીજ્ઞાસા જાગશે.
- **દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવામાં આવશે:** જળથી જોડાયેલો આપણો દરેક પ્રયાસ કાલ સાથે સંકળાયેલો છે. અમૃત કાળના સંકલ્પોમાં એક સંકલ્પ જળ સંરક્ષણ પણ છે. દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર બનાવવામાં આવશે. વાલ્મિકી રામાયણમાં જળ સ્ત્રોતોને જોડવા પર અને જળ સંરક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.
- **જળ સંરક્ષણનો સંકલ્પ લોઃ** તમારા વિસ્તારના જૂના તળાવો, કુવા અને સરોવરો અંગે જાણો. અમૃત સરોવર અભિયાનથી જળ સંરક્ષણ થશે, સ્થાનિક પર્યટન સ્થળનો વિકાસ થશે. સિંધુ અને હડપ્પા સભ્યતાના સમયે પણ લોકો જળ સંરક્ષણ પ્રત્યે ઘણાં જાગૃત હતા. આપણે ફરીથી એ દિશામાં પ્રયત્ન કરવા પડશે.
- **બાળકોને વૈદિક ગણિત ચોક્કસ શીખવાડો:** આપણે ભારતીયો માટે ગણિત ક્યારેય મુશ્કેલ વિષય નહોતો, તેનું એક મોટું કારણ આપણું વૈદિક ગણિત પણ છે. તમામ માતા-પિતા પોતાના બાળકોને વૈદિક ગણિત ચોક્કસ શીખવાડે. તેનાંથી તેમનો આત્મવિશ્વાસ તો વધશે જ, તેમની તાર્કિક વિશ્લેષણ ક્ષમતા પણ વધશે.
- **દેશમાં સર્જાઇ રહેલું ડિજિટલ ઇકોનોમી કલ્ચરઃ** ડિજિટલ ઇકોનોમીથી દેશમાં એક કલ્ચર પેદા થઈ રહ્યું છે. ગલી-નુક્કડની નાની નાની દુકાનોમાં ડિજિટલ પેમેન્ટથી વધુ ગ્રાહકોને સર્વિસ પૂરી પાડવી સરળ થઈ ગયું છે. છુટ્ટા પૈસાની સમસ્યા નથી થતી. યુપીઆઇ પેમેન્ટનો ફાયદો રોજબરોજ અનુભવતા હશો.
- **જીવન બદલી રહી છે ટેકનોલોજી:** ટેકનોલોજીથી સામાન્ય લોકોનાં જીવનમાં પરિવર્તન, આપણી આસપાસ સતત દેખાઈ રહ્યું છે. ટેકનોલોજીએ દિવ્યાંગ સાથીઓની અસાધારણ ક્ષમતાઓનો લાભ દેશ અને દુનિયાને અપાવવાનું કામ કર્યું છે. અનેક સ્ટાર્ટ-અપ અને સંગઠન આ દિશામાં પ્રેરણાદાયી કામ કરી રહ્યાં છે.
- **કોરોનાથી સાવચેત રહેવાનું છે:** તમારે કોરોનાથી પણ સાવચેત રહેવાનું છે. માસ્ક લગાવવું, નિયમિત સમયાંતરે હાથ ધોતા રહેવું, બચાવ માટે જે પણ જરૂરી ઉપાય છે, તમારે તેનું પાલન કરવાનું છે.

મન કી બાત સંપૂર્ણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

# ન્યૂ ઇન્ડિયા સમાચાર

વર્ષ:2 અંક: 22 | 16-31 મે, 2022

**સંપાદક**
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દુ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**




**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઇન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઇન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

## અંદરનાં પાના પર....

## રાષ્ટ્ર સર્વોપરીના સંકલ્પથી મજબૂત બનતું રાષ્ટ્ર...




**કવર સ્ટોરી:** સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ સાથે સબકા પ્રયાસનાં મૂળભુત મંત્ર પર ચાલતા સુશાસનનાં આઠ વર્ષ । 04-11

## જેમણે પોતાનાં લેખનથી રાષ્ટ્રવાદ જગાવ્યો



હિન્દી પત્રકારત્વ દિવસ પ્રસંગે અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં વાંચો, એ મહાનાયકોની કહાની જેઓ પોતાનાં શબ્દોને શસ્ત્ર બનાવીને આઝાદીની લડાઈ લડ્યા.. | 76-79

## રાજમાતાથી લોકમાતા

ભારતના ઈતિહાસમાં અમીટ છાપ છોડનાર અહિલ્યાબાઈ હોળકરની ગાથા | 80

## વિશેષ પેકેજ

**સ્વસ્થ ભારત-સશક્ત ભારત**
ભારતના આરોગ્ય ક્ષેત્રમાં 8 વર્ષનાં પરિવર્તનની કહાની | 12-17

**માનવજાતિનાં ભવિષ્યની ચિંતા**
જળ અને પર્યાવરણનાં ક્ષેત્રમાં 8 વર્ષમાં ક્રાંતિકારી પહેલ | 18-21

**નવા ભારતનાં કેન્દ્રમાં નારી શક્તિ**
દેશની અડધી વસતિનાં સપના સાકાર થઈ રહ્યા છે | 22-26

**વિશ્વમાં સૌથી ઝડપથી ઊભરી રહેલું અર્થતંત્ર**
અર્થતંત્ર અને ઉદ્યોગ જગતનાં હિતમાં લીધેલાં પગલાં | 27-29

**યુવા સપનાનું ભારત**
શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સાથે યુવાનોનાં સપનાં સાકાર | 30-34

**વિશ્વ ગુરુ બની રહેલું ભારત**
ભારત પ્રથમની નીતિ સાથે વૈશ્વિક અગ્રણી તરીકે ભારત ઊભર્યું | 35-40

**સશક્ત ખેડૂત, ખુશખુશાલ ગામ**
ગામ, ગરીબ, ખેડૂતોની ખુશાલીનો સંકલ્પ | 41-48

**મહાન વારસા સાથે મહાન પરંપરા સાચવતું રાષ્ટ્ર**
નવા ભારતના નિર્માણનું સપનું હવે પૂરું થઈ રહ્યું છે | 49-55

**રાષ્ટ્રની દશા અને દિશાને ગતિની નવી શક્તિ**
માળખાકીય વિકાસથી દેશની સ્થિતિ બદલાઈ | 56-62

**દેશનાં સંરક્ષણ ક્ષેત્રની કાયાપલટ**
આત્મનિર્ભરતાના મંત્ર સાથે આગળ વધી રહેલું સંરક્ષણ ક્ષેત્ર | 63-64

**નવા ભારતનાં સપનાને મળી ડિજિટલની ઉડાન**
ડિજિટલ ઇન્ડિયા સાથે ભવિષ્યની સફર | 65-69

**દેશના સંસાધનો પર હવે બધાંનો સમાન હક**
લઘુમતી અને આદિવાસીઓનાં હિતમાં મહત્વપૂર્ણ પગલાં | 70-75



**પ્રકાશક અને મુદ્રક:** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણ:** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ:** રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલ:** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે....

સાદર નમસ્કાર,

**तुम उठ जाओ,**
**सामर्थ्य को अपने पहचानो...**
**कर्तव्य को अपने सब जानो...**
**यही समय है, सही समय है! भारत का अनमोल समय है!**

કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આ આહવાન આઝાદીનાં અમૃત મહોત્સવ મનાવી રહેલા ભારતની વિકાસ યાત્રાને ગૌરવમયી ઊંચાઇઓ પર લઈ જવાનો મૂળ મંત્ર છે. વર્ષ 2014થી જ તેનાં પર કામ શરૂ થઈ ગયું હતું. વીતેલા આઠ વર્ષમાં વિકાસની યાત્રા અમૃત કાળની આધારશિલા બની રહી છે અને ભવિષ્યનું ભારત પોતાની ઉચ્ચ આકાંક્ષાઓને પૂરી કરવા પ્રતિબધ્ધ છે. કોઇ પણ સંકલ્પ ઉત્સવ વગર સફળ નથી થતો. અમૃત કાળમાં ભારતને વિશ્વગુરુ બનાવવાના સંકલ્પે ઉત્સવનું રૂપ લીધું છે, તો કરોડો લોકોનો સંકલ્પ અને ઊર્જા તેને સાકાર કરી રહ્યાં છે. તેમાં ભારતની સૌથી મોટી શક્તિ યુવાનોની છે. ભારત વિશ્વમાં સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે, જ્યાં સરેરાશ ઉંમર 29 વર્ષ છે. યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદજી જ્યારે ભારતનાં ભવિષ્યની વાત કરતા હતા ત્યારે તેમની આંખો સામે મા ભારતની ભવ્યતાનું ચિત્ર રહેતું હતું. તેઓ કહેતા હતા, શક્ય હોય ત્યાં સુધી ભૂતકાળમાં જૂઓ. પાછળ જે ખળખળ ઝરણું વહી રહ્યું છે, તેનું પાણી ગળા સુધી પીઓ. આગળ વધો અને ભારતને પહેલાં કરતાં પણ વધુ ઉજ્જવળ, મહાન, શ્રેષ્ઠ બનાવો."

સ્વતંત્ર ભારતમાં જન્મેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદના વિચારો આત્મસાત કરીને ભારતને એક નવી દિશા આપી છે. તેનાં પરિણામે, વીતેલા આઠ વર્ષમાં "રાષ્ટ્ર પ્રથમ'નો અભિગમ દરેક યોજનાની નીતિઓનો આધાર રહી છે. તેમનો સંદેશો સ્પષ્ટ છે- હવે દેશ ધીમી ગતિથી ન ચાલી શકી, તૂટ્યો-ફૂટ્યો, અડધો પડધો ન ચાલી શકે. નાનાં-નાનાં કામ કરીને પૂરું નહીં થઈ શકે. જે પણ કરવું હશે, મોટું જ કરવું પડશે. આ જ વિચારે સામાન્ય માણસનું મન બદલ્યું છે અને આ જ કારણથી દેશ આજે સંકલ્પ પણ લે છે અને સિધ્ધિ પણ હાંસલ કરી શક્યો છે. હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને વૈભવશાળી બનાવવાની સંકલ્પ યાત્રા શરૂ કરી છે, તેને અમૃત કાળ નામ આપ્યું છે.

ન્યૂ ઇન્ડિયા સમાચારનો આ વિશેષ અંક વીતેલાં આઠ વર્ષોમાં 700થી વધુ યોજનાઓ દ્વારા સુશાસનનાં અટલ ઇરાદા સાથે સર્વાંગી, સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસની યાત્રામાં સહભાગી દેશનાં તમામ 130 કરોડથી વધુ લોકોને સમર્પિત છે. દેશમાં રાજકારણ પ્રત્યે વિશ્વાસ પેદા થયો છે, તો વિશ્વમાં ભારતનું ગૌરવ પણ વધ્યું છે.

ગૌરવમયી વિકાસની યાત્રાનાં સહભાગી બનો અને તમારા સૂચનો અમને મોકલતા રહો.

**હિંદી, અંગ્રેજી અન્ય અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

जयदीप भटनागर

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

## વધુને વધુ લોકો સુધી મેગેઝિન પહોંચવું જોઇએ

13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝિનનો 16-30 એપ્રિલના અંકની કવર સ્ટોરીમાં સમજાયું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "સબકા સાથ, સબકા વિકાસ'ના સૂત્રને સાર્થક બનાવવા માટે કઈ રીતે "સબકા પ્રયાસ' રાષ્ટ્રનાં વિકાસમાં ભાગીદાર બન્યું છે. આ અંકમાં ભારતના વારસાને સાચવવા અને ચોરાયેલી કળાકૃતિઓ અને પ્રતીમાઓને ભારતની ધરતી પર પાછી લાવવાની ગૌરવશાળી કહાની પણ વાંચવા મળી. પંચાયતી રાજ વ્યવસ્થા પર લેખ, 'ગ્રામ પ્રતિનિધિઓના સંકલ્પથી આવશે સમૃદ્ધિ' અને 'બજેટને ગતિ-રાષ્ટ્રની પ્રગતિ' પ્રશંસનીય છે. આ મેગેઝિનને વધુને વધુ લોકો સુધી પહોંચાડવું જોઇએ.

**ચૌધરી શક્તિસિંહ shaktisinghadv@gmail.com**

## પરીક્ષા અંગે વડાપ્રધાને આપેલો ગુરુ મંત્ર વિદ્યાર્થીઓને બહુ કામમાં લાગશે

ન્યૂ ઇન્ડિયા સમાચારમાં મેં સ્વામી શિવાનંદને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરાયાનો અહેવાલ વાંચ્યો. તેમની ફિટનેસ જોઇને ચમત્કારની અનુભૂતિ થઈ. તેમની વિનમ્રતાની શૈલી, વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પ્રણામ કરતા જોઇને મારું મન ખૂબ જ આદરભાવથી ભરાઈ ગયું. આટલી ઉંમર થવા છતાં સ્વામી શિવાનંદની સ્વસ્થતા અને તેમનાં વ્યક્તિત્વમાં અનોખું આકર્ષણ જોવા મળ્યું. વડાપ્રધાને પરીક્ષા પર વિદ્યાર્થીઓને આપેલો ગુરુમંત્ર તેમને જીવનમાં બહુ કામમાં આવશે. સુંદર પ્રસ્તુતિ બદલ અભિનંદન.

**શ્રીગોપાલ શ્રીવાસ્તવ**
**shrigopal6@gmail.com**

## દરેક અંકની આતુરતાથી રાહ જોઉં છું

ન્યૂ ઇન્ડિયા સમાચાર અત્યંત માહિતીપ્રદ મેગેઝિન છે, જેમાં સરકારી યોજનાઓ અને અન્ય કાર્યોની માહિતી હોય છે. મેગેઝીનમાં સંગ્રહણીય માહિતી આપવા બદલ સંપાદકીય ટીમને અભિનંદન. હંમેશા આગામી અંકની રાહ જોઉં છું.

**લક્ષ્મણ દયાતર**
**laxmandayatar@yahoo.In**

## ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝિને મારું જ્ઞાનવર્ધન કર્યું

મને ન્યૂ ઇન્ડિયા સમાચારનો 1-15 ઓક્ટોબરનો અંક મળ્યો. આખો અંક વાંચી ગયો, જેમાંથી ખૂબ ઉપયોગી માહિતી મળી અને મારાં દેશ પર ગર્વ થયો. સુંદર સંપાદન કામ માટે સમગ્ર ટીમને ખૂબ ખૂબ શુભકામનાઓ અને આભાર.

**અભિષેકકુમાર શર્મા**
**abhisheksharma2412001@gmail.com**

## વડાપ્રધાન અને તેમની ટીમે ખુબ સારી રીતે ફરજ નિભાવી રહી છે

ભારત જેવા વિશાળ અને વિસ્તૃત દેશમાં લોકોની દરેક જરૂરિયાત પૂરી કરવી અને રાષ્ટ્રનાં વિકાસ માટે તમામ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવું એ પડકારજનક કામ છે. જો કે, આપણા વડાપ્રધાન અને તેમની ટીમે આ ફરજને સારી રીતે નિભાવી છે. જેટલું વધું હું ન્યૂ ઇન્ડિયા સમાચાર વાંચું છું, એટલો વધુ હું સત્તામાં બેઠેલા લોકો દ્વારા નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવતા કાર્યોની પ્રશંસા કરું છું. વિશ્વની મહાશક્તિઓ ભારતને આદર અને પ્રશંસાની દ્રષ્ટિએ જૂએ છે. મને વિશ્વાસ છે કે જો આ કામગીરી ચાલુ રહેશે તો ભારત એક સુપર પાવર અને રોલ મોડલ દેશ બની જશે. ન્યૂ ઇન્ડિયા સમાચાર જેવું સુંદર મેગેઝિન પ્રસિધ્ધ કરવા બદલ સંપાદકીય ટીમને અભિનંદન.

**પી પ્રેમા prof.prema@gmail.com**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ: રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઇમેલ: response-nis@pib.gov.in**

કર્તવ્યનાં માર્ગે... 8 વર્ષ

# માત્ર 8 મિનિટ
## ...ભારતનાં વિકાસની ગતિ

**61,92,000** ડોલરની ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવી

**₹76** કરોડ જીડીપીનું નિર્માણ

**112** લોકોએ આયુષ્યમાન ભારતનો લાભ લીધો

**1576** લોકોને રોજગારી મળી

**17,600** મોબાઇલ કનેક્શન

**13,60,000** ડોલર એફડીઆઇ

**4,872** નવાં મોબાઇલ ફોન બન્યાં

**72** વાહનની નિકાસ

**400** નવાં વાહનોનું ઉત્પાદન

**10,400** ઇન્ટરનેટનાં નવા યુઝર નોંધાયા

**₹120** કરોડ યુપીઆઇ ટ્રાન્સફર

સ્રોત: MyGov

# 'રાષ્ટ્ર સર્વોપરી'ના

# સંકલ્પ સાથે સશક્ત બનતું રાષ્ટ્ર

**"જ્યારે યોજનામાં ગતિ આવે છે, ત્યારે દેશમાં પ્રગતિ આવે છે"**

યુગદ્રષ્ટા અને સાહસિક સુધારવાદના પ્રણેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાનાં આ અભિગમને કારણે નવા વિશ્વાસ સાથે નવી શરૂઆતના પ્રતીક બની ચૂક્યા છે. માત્ર મોટાં નિર્ણયો લેવા એ જ નહીં, પણ તેને અંતિમ પડાવ સુધી પહોંચાડવા એ છેલ્લાં આઠ વર્ષમાં સશક્ત નેતૃત્વ ધરાવતી કેન્દ્ર સરકારનો મૂળ મંત્ર રહ્યો છે. જન ભાગીદારી અને જન સામર્થ્યને સુશાસનનું સારથી બનાવીને આ મંત્રને પ્રત્યેક ક્ષેત્રમાં સાકાર કરીને દરેક ભારતીયને ભારતીય હોવાનો સુખદ અહેસાસ કરાવ્યો છે. આ માટે દીર્ઘદ્રષ્ટિ સાથે નવી યોજનાઓની શરૂઆત કરવામાં આવી છે, અગાઉની યોજનાઓમાં વ્યાપક પરિવર્તન કરવામાં આવ્યું છે. આવી લગભગ 700થી વધુ યોજનાઓ દ્વારા લોકોના જીવનમાં સુમગતાનો અહેસાસ કરાવીને આઝાદીના 75મા વર્ષમાં અમૃત કાળને કર્તવ્ય પથ સાથે જોડીને નવા ભારતના નવનિર્માણ તરફ દેશ આગળ વધી રહ્યો છે....



થાકવું, હારવું, તૂટવું જેમને મંજૂર નથી. મોટામાં મોટા પડકારો સામે ઝઝૂમવું, આપત્તિને પણ રાષ્ટ્રની સમૃધ્ધિ માટે અવસરમાં બદલીને નવો ઈતિહાસ રચવો છે. ભારે પરિશ્રમથી માત્ર આગળ વધવાનો જ ધ્યેય છે. નવા ભારતના મજબૂત નેતૃત્વની આ અમીટ ઓળખ બની ગઈ છે. નવાં નવાં લક્ષ્ય નિર્ધારિત કરીને છેવાડાના માનવી સુધી તેની પહોંચ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. આઝાદીના દાયકાઓ સુધી કોઈએ તેનાં પર ધ્યાન નહોતું આપ્યું. જે વર્ષો સુધી લોકોનાં સ્વપ્ન હતાં, તે હવે નવા ભારતના સંકલ્પો સાથે સાકાર થઈ રહ્યા છે અને વિકાસની મજબૂત ગાથા લખવામાં આવી રહી છે. વીતેલાં આઠ વર્ષોમાં શાસનને સુશાસનમાં બદલવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન રહ્યું છે અને જનસામર્થ્યને જનભાગીદારી સાથે જોડવામાં આવી રહ્યું છે. લોક કલ્યાણના સરકારના મિશનને કારણે જ આજે કેન્દ્ર સરકાર દ્વારા 700થી વધુ યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. તેમાં લાંબા ગાળાના દ્રષ્ટિકોણની સાથે લાવવામાં આવેલી નવી નવી યોજનાઓ ઉપરાંત અગાઉની યોજનાઓનો પણ સમાવેશ થાય છે, જેને વ્યાપક સુધારા સાથે લાગુ કરવામાં આવી છે. સરેરાશ જોઈએ તો, વર્તમાન કેન્દ્ર સરકારે છેલ્લાં આઠ વર્ષમાં દર ચોથા દિવસે એક નવી યોજના કે સુધારા સાથેની અગાઉની યોજના લાવવામાં આવી છે. આ યોજનાઓએ સમાજનાં દરેક વર્ગને લાભ પહોંચાડ્યો છે અને પ્રત્યેક નાગરિકને સશક્ત અને સ્વાવલંબી બનાવવાની સાથે સાથે રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવાની દિશામાં નિર્ણાયક ભૂમિકા નિભાવી રહી છે.

વીતેલાં આઠ વર્ષોમાં દેશ વિદેશમાં ભારતનું માન વધ્યું છે અને ભારત એક વિશ્વાસપાત્ર લીડર તરીકે ઊભર્યું છે. રશિયા-યુક્રેન યુધ્ધનાં સમયમાં ઓપરેશન ગંગા દ્વારા વિદ્યાર્થીઓને સલામત સ્વદેશ લાવવામાં આવ્યા, ગ્લાસગોમાં કોપ-26ની બેઠકમાં વિકાસશીલ દેશો વતી અવાજ ઉઠાવ્યો તો બિમ્સટેક અને જી-20 જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર પણ વિશ્વનું ધ્યાન દોર્યું. 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના સાથે ભારતે પડોશી દેશો અને દુનિયાના અન્ય દેશોને મદદ કરી, તો કોવિડ કાળમાં વિશ્વ માટે ઔષધિનું કેન્દ્ર બન્યું. ભારતની સ્થિતિ છેલ્લાં આઠ વર્ષમાં વૈશ્વિક સ્તર પર વિશ્વાસુ ભાગીદારની બની છે, તો દેશમાં સામાજિક, આર્થિક અને રાજકીય સ્તરે એવી છબી બની છે કે કેન્દ્ર સરકારની દરેક યોજનામાં સામાન્ય નાગરિક સહભાગી બનીને વિકાસનો યોધ્ધા બની ગયો છે. "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ"નો મંત્ર હવે રાષ્ટ્ર-સમાજનાં વિકાસનું ધ્યેય વાક્ય બની ગયું છે.

અગાઉ જાતિ-ધર્મ વિશેષને ધ્યાનમાં રાખીને યોજનાઓ બનતી હતી, પણ હવે જાતિ, ધર્મને બદલે સમાજના તમામ વર્ગોને ધ્યાનામાં રાખીને 'સવર્જન હિતાય, સર્વજન સુખાય'ની ભાવના સાથે સમાન લાભ આપતી યોજનાઓ લાગુ કરવામાં આવી રહી છે. યુવાનો હોય કે, મહિલા હોય, ગરીબ, અનુસૂચિત જાતિ, જનજાતિ હોય કે લઘુમતી, વીતેલાં આઠ વર્ષમાં સમાજનો કોઇ વર્ગ એવો નથી જેને વર્તમાન કેન્દ્ર સરકારની યોજનાઓ સાથે ન જોડવામાં આવ્યો હોય. ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ-સ્ટેન્ડ અપ ઇન્ડિયા, આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી આવાસ, ઉજ્જવલા, જલજીવન મિશન, કિસાન સન્માન નિધિ, મુદ્રા યોજના, સ્વનિધિ યોજના, વન નેશન-વન રેશન કાર્ડ, સુગમ્ય ભારત, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, કૌશલ્ય વિકાસ, ખેલો ઇન્ડિયા, એક ભર્તી પરીક્ષા, મિશન કર્મયોગી, સ્વચ્છતા મિશન, પાસપોર્ટ સેવા, શ્રમ સુધાર, સ્વામિત્વ, પીએલઆઇ, ભારતમાલા જેવી યોજનાઓની લાંબી યાદી છે, જેનો લાભ દરેક નાગરિકને મળી રહ્યો છે. વિકાસની પહોંચથી પાછળ રહી ગયેલો વર્ગ હોય કે વિસ્તાર, નવું ભારત બધાંને સાથે લઇને ચાલી રહ્યું છે. લોકોની મૂળભુત જરૂરિયાતોની ચિંતા સાથે દલિતો, પછાતો, આદિવાસીઓ, સામાન્ય વર્ગનાં ગરીબો માટે અનામત આપવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે સમાજના વિકાસ યાત્રામાં કોઈ વ્યક્તિ, વર્ગ રહી ન જાય, કોઈ વિસ્તાર, દેશનો કોઈ ખૂણો રહી ન જવો જોઇએ. તમામ લોકોનો વિકાસ થવો જોઇએ. દેશનાં આવા વિસ્તારોને આગળ લાવવા માટે છેલ્લાં આઠ વર્ષથી પ્રયાસ કરવામાં આવ્યાં છે. પૂર્વ ભારત હોય કે પૂર્વોત્તર, જમ્મુ-કાશ્મીર હોય કે લડાખ સહિત સમગ્ર હિમાલય વિસ્તાર હોય, કિનારાનો વિસ્તાર હોય કે, આદિવાસી વિસ્તાર, ભવિષ્યનાં ભારતની વિકાસ યાત્રાનો તે મોટો આધાર બની રહ્યો છે. જમ્મુ-કાશ્મીર અને લડાખ પણ વિકાસની અપાર સંભાવનાઓ તરફ આગળ વધી રહ્યાં છે.

દેશનાં જે જિલ્લાઓ માટે એવું માનવામાં આવતું હતું કે તે પાછળ રહી ગયા છે તેમને પણ આકાંક્ષા જાગી છે. દેશમાં 110થી વધુ આકાંક્ષી જિલ્લાઓમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, રોડ, રોજગાર સાથે સંકળાયેલી યોજનાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આકાંક્ષી જિલ્લા ભારતનાં અન્ય જિલ્લાઓની સમકક્ષ બને, તે દિશામાં તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે. અર્થતંત્રમાં મૂડીવાદ અને સમાજવાદની ચર્ચા તો ઘણી થાય છે, પણ ભારત સહકારવાદ પર પણ ભાર મૂકે છે. એટલાં માટે જ સહકાર ક્ષેત્રને મજબૂત બનાવવા માટે અલગ મંત્રાલય બનાવીને એ દિશામાં પગલાં ભરવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માને છે કે લોકશાહી વ્યવસ્થામાં રાષ્ટ્ર

**બાબા સાહેબની વિચારધારાના મૂળમાં સમાનતા અનેક રૂપોમાં સમાયેલી રહી છે.**
**સન્માનની સમાનતા,**
**કાયદાની સમાનતા,**
**માનવીય ગરિમાની સમાનતા,**
**તકોની સમાનતા,.**
**આવા અનેક મુદ્દાને બાબા સાહેબે પોતાનાં જીવનમાં સતત ઉઠાવ્યા. તેમણે હંમેશા આશા વ્યક્ત કરી કે ભારતમાં સરકારો બંધારણનું પાલન કરીને નાત જાતના ભેદાવ વગર ચાલશે. આજે આ સરકારની દરેક યોજનામાં તમને કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર તમામને સમાનતાનો અધિકાર આપવાનો પ્રયાસ દેખાશે.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



આજે ભારત પાસે એટલું બધું છે, આપણે માત્ર આપણા આત્મવિશ્વાસને, આત્મનિર્ભરતાની ભાવનાને મજબૂત કરવાની છે. આ આત્મવિશ્વાસ ત્યારે જ આવશે, જ્યારે વિકાસમાં બધાંની ભાગીદારી હશે.
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**
**(સેમીકોન ઇન્ડિયા કાર્યક્રમને સંબોધન કરતી વખતે)**

ભારત અંગેની મારી કલ્પના સહિષ્ણુતા પર આધારિત છે એટલું જ નહીં પણ તે વિચારોનાં વૈવિધ્યને પણ પ્રસન્નતાપૂર્વક સમાવેશ કરે છે, જેમાં દરેક વ્યક્તિની લાગણીનું સન્માન કરવામાં આવે છે. 'ભારતની કલ્પના'નો કેન્દ્રીયકૃત સિધ્ધાંતનું સર્જન સત્ય, શાંતિ અને અહિંસાથી થાય છે. આપણા શાસ્ત્ર 'સત્યમેવ જયતે'નું જ્ઞાન આપે છે, જેનો અર્થ છે કે સત્યનો જ વિજય થાય છે. હું એક એવા ભારત માટે પ્રતિબધ્ધ છું જ્યાં ન્યાયનું ચક્ર વર્ગ, જાતિ કે સંપ્રદાયથી પ્રભાવિત થયા વિના ભારતના પ્રત્યેક નાગરિક માટે ઝડપથી અને એક સમાન રીતે ફરે છે. એક એવું ભારત જ્યાં કોઇ પણ પ્રકારનાં અન્યાય માટે કોઈ પણ પ્રકારની કાનૂની કે નૈતિક કાયદેસરતા ન હોય."

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

અને સમાજનો વિકાસ કરવા એવી વ્યવસ્થા હોવી જોઇએ જેનાંથી દેશનાં સામાન્યમાં સામાન્ય નાગરિકના જીવનમાં પરિવર્તન આવે અને તેને જીવનમાં સુગમતાનો અહેસાસ પણ થાય. એટલે કે ઇઝ ઓફ લિવિંગ માટે શક્ય તમામ પ્રયાસ સરકારનાં સ્તરે થવા જોઇએ. આવા પ્રયાસોથી જ જનતા પણ સરકારની સાથે જોડાઈ જાય છે. એટલાં માટે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "વીતેલાં આઠ વર્ષ દરમિયાન અનેક મોટાં કામ થયાં છે. એમાંના અનેક અભિયાન એવા છે જેનાં મૂળમાં સ્વભાવગત પરિવર્તન છે. મારો મુળ સ્વભાવ રાજકારણનો નથી. હું જન નીતિ સાથે જોડાયેલો માણસ છું. સામાન્ય માણસની જિંદગી સાથે જોડાયેલો માણસ છું. મારો પ્રયત્ન સ્વભાવગત પરિવર્તન લાવવાનો છે. સમાજની મૂળભુત બાબતોમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ થયો છે. સામાન્યથી સામાન્ય માણસના જીવનમાં પરિવર્તન લાવવાની મારી આશા-આકાંક્ષા તેનો જ એક હિસ્સો છે."

## ટેકનોલોજીથી તકદીરમાં પરિવર્તન

કેન્દ્ર સરકારની યોજનાઓની સફળતાના મૂળમાં ટેકનોલોજી છે. યોજનાઓને ટેકનોલોજી સાથે જોડવાની મહત્તા એ બાબત પરથી પણ સમજી શકાય છે કે દેશમાં પ્રથમ વાર એવું શક્ય બની રહ્યું છે કે સમાજના છેવાડે ઊભેલો માણસ પણ સરકારી યોજનાઓનો સીધો લાભાર્થી બન્યો. વિજ્ઞાન અને ટેકનોલોજી નવા ભારતના વિકાસનું માધ્યમ બની ગયાં છે જેને કારણે વહીવટી સુધારા, વીજળી, રેલવે સુધારા, ભ્રષ્ટાચાર પર અંકુશ, ટેક્સ પારદર્શિતા, જીએસટી દ્વારા એક દેશ-એક ટેક્સ, સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, ખેડૂતો-મહિલાઓનાં હિતમાં પગલાં, શિક્ષણનાં ક્ષેત્રમાં પરિવર્તનથી માંડીને સંરક્ષણ આધુનિકીકરણ અને દાયકાઓથી પેન્ડિંગ અનેક પ્રોજેક્ટ્સ સાકાર થઈ રહ્યા છે, જે પહેલા અશક્ય લાગતા હતા. માઈનસ 30 ડિગ્રી તાપમાન ધરાવતા લડાખમાં નળથી જળ પહોંચાડવાનું હોય કે, પછી આસામનું 'અભિશાપ' કહેવાતી બ્રહ્મપુત્રા નદી પર બોગીબિલ બ્રિજનું ઝડપથી નિર્માણ હોય, રોહતાંગમાં મનાલી-લેહ હાઇ

વે પર અટલ ટનલનું નિર્માણ, ગામડે ગામડે રાંધણ ગેસ, વીજળી, રસ્તાની સુવિધાઓનું વિસ્તરણ, 11 કરોડથી વધુ ઘરોમાં શૌચાલય બનાવાને દેશને ખુલ્લામાં શૌચથી મુક્ત કરાવવું, 43 કરોડથી વધુ લોકોને આઝાદી પછી પ્રથમ વાર જનધન યોજના દ્વારા બેન્કિંગ પ્રણાલિથી જોડવા, આયુષ્યમાન ભારત જેવી યોજનાથી 50 કરોડથી વધુ લોકોને પાંચ લાખ રૂપિયાની મેડિકલ સારવારની સુવિધા આપવી, 11 કરોડ ખેડૂતોને અત્યાર સુધી પોણા બે લાખ કરોડથી વધુની રકમ કિસાન સન્માન નિધિ તરીકે આપવી, 34 વર્ષ બાદ દેશને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાની તૈયારી, રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે શાળાઓમાં અટલ ઈનોવેશન મિશનની શરૂઆત, સ્ટાર્ટઅપ દ્વારા યુનિકોર્નની દિશામાં આગેકૂચ, બોડો-બ્રુ-રિયાંગ જેવી સમજૂતિ દ્વારા શાંતિનું પુનઃસ્થાપન, પૂર્વોત્તરનાં રાજ્યોને હવાઈ અને રેલ નેટવર્કને પ્રથમ વાર ભારતનાં નકશા પર લાવવા, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370ની નાબૂદી, ટ્રિપલ તલાક જેવી કુપ્રથાનો અંત, સામાજિક સમરસતા સાથે અયોધ્યામાં રામમંદિર નિર્માણનો માર્ગ પ્રશસ્ત કરવો અને કોવિડ જેવી વૈશ્વિક મહામારીની મુશ્કેલ સ્થિતિમાં આત્મનિર્ભર ભારતની પ્રતિબધ્ધતા. આવા સેંકડો ઉદાહરણો છે જેને નવા ભારતની દશા અને દિશા નિર્ધારિત કરી રહ્યા છે.

## 'પ્રગતિ' દ્વારા વિકાસનો નવો માર્ગ

'પ્રગતિ' પ્લેટફોર્મ દ્વારા દેશભરમાં હજારો કરોડો રૂપિયાનાં પ્રોજેક્ટ્સને ફાઇલમાંથી બહાર લાવીને વાસ્તવિક અમલમાં લાવવામાં આવ્યા છે. તેનાથી ભ્રષ્ટાચારનો અંત આવ્યો છે એટલું જ નહીં, પણ સર્વાંગી વિકાસ થયો છે. જેનો લાભ અંતરિયાળ વિસ્તારો સુધી ખેડૂતો, આદિવાસીઓ, ગરીબો, મહિલાઓ સુધી પહોંચી રહ્યો છે. વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદીની અનોખી પહેલથી દેશનાં વિવિધ રાજ્યોમાં કરોડો રૂપિયાનાં અટકેલા જૂના પ્રોજેક્ટ એક પછી એક ઝડપથી પૂરા થઈ રહ્યા છે. આ ક્રાંતિકારી પરિવર્તનનો શ્રેય 'પ્રગતિ' એટલે કે 'પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઇમલી ઈમ્પ્લિમેન્ટેશન' (PRAGATI) ને જાય છે. વડાપ્રધાન મોદીનાં દિશા-નિર્દેશથી ભારત સરકારે વિવિધ વિભાગો અને રાજ્ય સરકારો વચ્ચે તાલમેલ સ્થાપ્યો છે અને અનેક પેન્ડિંગ પ્રોજેક્ટ્સ પૂરા થયા છે. આ પ્લેટફોર્મ પર વિકાસ પ્રોજેક્ટ્સનું મોનિટરિંગ ખુદ વડાપ્રધાન કરે છે. 25 માર્ચ, 2015થી દર મહિને તેઓ આ પ્રકારની બેઠક કરે છે અને અત્યાર સુધી 39 બેઠકો થઈ ચૂકી છે, જેમાં રૂપિયા 14.82 લાખ કરોડનાં ખર્ચે લાંબા સમયથી અટકેલા 311 પ્રોજેક્ટસની સમીક્ષા થઈ ચૂકી છે. આમાંથી, 3.41 લાખ કરોડનાં 71 પ્રોજેક્ટ્સ ઝડપી ગતિથી ચાલુ થઈ ચૂક્યા છે. દરેક વિભાગ સાથે અહીં તત્કાળ ચર્ચા થાય છે અને સમસ્યાનો નિકાલ લાવવામાં આવે છે.

**2014થી 8 વર્ષમાં વિકાસ યોજનાઓ પર આશરે 91 લાખ કરોડ રૂપિયા ખર્ચ થયો. 2004થી 2014 દરમિયાન રૂ. 49.2 લાખ કરોડ ખર્ચ થયો હતો.**

NSitharamanOffice
@nsitharamanoffc

RBI data shows total developmental expenditure incurred by Modi Govt in 2014-22 was Rs 90.9 lakh cr, far higher than is being alleged by some sections of the Opposition. In contrast, only Rs 49.2 lakh crore was spent on this during 2004-14.
Source: bit.ly/36YDW5D

## નવી પરંપરાઓથી વધતો દેશ

આજે દેશના રીતિ-રિવાજો અને નીતિઓ બદલાઈ છે અને નવી પરંપરાઓ ઉભરી રહી છે, તો તે માત્ર વડાપ્રધાન મોદીની અનોખી કાર્યશૈલીને કારણે છે. ઝડપી નિર્ણયો, ઝડપી પગલાં, ગરીબો માટે ચિંતા, ટેકનોલોજી સાથે વિકાસ અને જીવનધોરણમાં સુધારો આજે વાસ્તવિકતા બની રહી છે. વડાપ્રધાન મોદીનું વિઝન એટલાં માટે પણ સ્પષ્ટ છે કે તેઓ જાણે છે કે વિશ્વના સૌથી યુવાન દેશ ભારતની અડધી વસતિ 27 વર્ષથી ઓછી વયની છે, જેઓ આકાંક્ષાઓ ધરાવે છે અને રાષ્ટ્રને નવી ઉંચાઇઓ પર લઈ જવાનો જુસ્સો પણ ધરાવે છે. વડાપ્રધાન મોદીના ન્યુ ઈન્ડિયાના મંત્રને કારણે વિશ્વનો ભારત પ્રત્યેનો અભિગમ પણ બદલાઈ રહ્યો છે. પહેલાં એવો અભિગમ હતો કે ભારત કેમ? પણ હવે વાતાવરણ બદલાઈ રહ્યું છે અને દુનિયા કહી રહી છે- ભારત કેમ નહીં? આ જ છે નવું ભારત જેની કલ્પના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી છે. વાસ્તવમાં, તેઓ કોઈ પણ યોજના અંગે વિચારે છે ત્યારે તેની શરૂઆત પરિણામથી જ હોય છે. એટલે કે, કઈ નીતિ, કથન કે યોજનાની અસર શું હશે, તેનાં વાસ્તવિક અમલીકરણથી વિચારવાનું શરૂ કરે છે. તેમની વિચારશૈલી અલગ જ છે, જે તેમને બાકીનાં રાજનેતાઓથી અલગ કરે છે. તેમની આ વિશિષ્ટ કાર્યશૈલીનું પરિણામ એ આવ્યું કે વડાપ્રધાન મોદી કોઈ પણ યોજનાને ત્યારે જ લાવે છે જ્યારે તેનાં વાસ્તવિક અમલની પૂરી તૈયારી હોય. એટલાં માટે જ લાલ કિલ્લા પરથી જાહેર કરવામાં આવેલી યોજના વડાપ્રધાન મોદીની વિચારસરણી પ્રમાણે જ સાકાર થાય છે.

## દરેક યોજનામાં હવે 'ભારત જોડો'ની નીતિ

દરેક દેશની વિકાસ યાત્રામાં એક સમય એવો આવે છે જ્યારે દેશ ખુદને નવેસરથી વ્યાખ્યાયિત કરે છે. ખુદને નવા સંકલ્પો સાથે આગળ વધારે છે. ભારતની વિકાસ યાત્રામાં આજે એવો સમય આવી ગયો છે જ્યાં નવા સંકલ્પોને આધાર બનાવવાનાં છે અ તેને લઈને નવનિર્માણ તરફ પ્રસ્થાન કરવાનું છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષથી શરૂ થયેલી અમૃત કાળની યાત્રા નવા ભારતનો સર્જન કાળ છે. ભારતને આઝાદીના 100મા વર્ષમાં  મહાનતમ સફળતાના શિખરો પર લઈ જવા માટે 'સંકલ્પોથી સિધ્ધિ'નો મંત્ર અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણમાં 2014થી અત્યાર સુધી સર્વગ્રાહી અભિગમ સાથે નવા ભારતનો પાયો નાખવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદીની નીતિઓને કારણે જ સરકારના કામકાજની પધ્ધતિ અને સંસ્કૃતિમાં પરિવર્તન જોવા મળી રહ્યું છે. હવે પ્રોજેક્ટ્સને લટકાવવાનાં કે અટકાવવાનાં કામ નથી થતા, ફાઈલોને દબાવવાની સંસ્કૃતિ દૂર કરી દેવામાં આવી છે. સરકાર તેનાં દરેક મિશન, દરેક સંકલ્પને જનતાના સહયોગથી પૂરા કરી રહી છે. હવે દેશમાં એવી સરકાર છે જે જન-મનને જોડવા માટે કામ કરી રહી છે. એક ભારત-શ્રેષ્ઠ ભારતન વાત કરે છે, ભારત જોડોની વાત કરે છે.

## જનશક્તિથી જનભાગીદારી

જનસહભાગિતા એટલે કે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ને પરિણામે જ સ્વચ્છ ભારતથી શરૂ થયેલી યાત્રા ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારતથી થઈને વોકલ ફોર લોકલ સુધી પહોંચી ગઈ છે, જે લોક આંદોલનમાં ફેરવાઈ ગયું છે. લોકોની જરૂરિયાતને સમજવી એ પીએમ મોદીની કાર્યશૈલીનાં કેન્દ્રસ્થાને છે. તેઓ સરકાર કે રાજકારણમાં કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં સીધા લોકોનાં વિચાર સાથે જોડાવાનો પ્રયત્ન કરે છે. જ્યારે પૂરતું હોમવર્ક થઈ જાય પછી જ તેઓ આગળનાં વ્યૂહ પર કામ કરીને તેને સાકાર કરે છે. તાજેતરનાં જ કેટલાંક ઉદાહરણો જોઈએ તો કોરોના કાળમાં તેમણે આત્મનિર્ભરતાની એવી ઝૂંબેશ શરૂ કરી જે લોકોનાં મન-મસ્તિષ્ક પર છવાઈ ગઈ, કારણ કે લોકો લોકડાઉનને કારણે ઘરમાં બંધ હતા અને આવા સમયમાં દરેક વ્યક્તિ પોતાના મર્યાદિત સંસાધનોમાં પણ જિંદગીને કઈ રીતે આગળ વધારવી તેને ધ્યાનમાં રાખીને કોરોના સામે લડી રહી હતી. 25 માર્ચથી લોકડાઉન શરૂ થયું અને 26 માર્ચનાં રોજ 1.7 લાખ કરોડ રૂપિયાની ગરીબ કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી. સંપૂર્ણ વ્યૂહરચના સાથે કામ કરવાની મોદી સરકારની પોતાની અલગ શૈલી છે.

## અમૃતકાળની સોનેરી તસવીર

વીતેલા આઠ વર્ષોમાં શરૂ થયેલી અનેક યોજનાઓનો લાભ કરોડો ગરીબોને તેમનાં ઘર સુધી પહોંચાડવામાં આવ્યો છે. ઉજ્જવલાથી

> અમારી વિચારધારા દેશહિત માટે હોય છે. અમે એ વિચારધારામાં ઉછર્યા છીએ, જે રાષ્ટ્ર પ્રથમ (નેશન ફર્સ્ટ)ની વાત કરે છે. એ અમારી વિચારધારા છે કે અમને રાજનીતિનો પાઠ રાષ્ટ્રનીતિની ભાષામાં ભણાવવામાં આવે છે. આપણી રાજનીતિમાં રાષ્ટ્રનીતિ સર્વોપરી છે. આપણે રાજનીતિ અને રાષ્ટ્રનીતિમાંથી એકને સ્વીકાર કરવી પડશે. અમને સંસ્કાર મળ્યા છે, રાષ્ટ્રનીતિને સ્વિકારવી અને રાજનીતિને નંબર બે પર મૂકવી. અમને ગર્વ છે કે અમારી વિચારધારા 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ'ની વાત કરે છે, એ જ મંત્રને જીવે છે.
>
> - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન





માંડીને આયુષ્યમાન ભારતની તાકાત આજે દેશનો દરેક ગરીબ જાણે છે. આજે સરકારી યોજનાઓની ગતિ વધી છે. યોજનાઓનાં લક્ષ્યાંકો સમયસર પૂરા થઈ રહ્યા છે. પહેલાંની સરખામણીમાં દેશ બહુ ઝડપથી આગળ વધી રહ્યો છે. પણ, અહીં સફર પૂરી નથી થતી. યાત્રા ઘણી લાંબી છે અને તે પૂરી કરવાની છે. આ સંકલ્પ સાથે જ ભારતે અમૃત કાળની યાત્રા શરૂ કરી છે, જ્યાં એવા ભારતનું નિર્માણ કરવાનું છે જેનાં 100 ટકા ગામોમાં રોડ હોય, 100 ટકા પરિવારોનાં બેન્ક એકાઉન્ટ હોય, 100 ટકા લાભાર્થીઓ પાસે આયુષ્યમાન ભારત કાર્ડ, 100 ટકા પાત્ર વ્યક્તિઓને ઉજ્જવલા યોજના હેઠળ ગેસ જોડાણ હોય. સરકારની વીમા યોજના હોય, પેન્શન યોજન હોય, આવાસ યોજના હોય, દરેક પાત્ર વ્યક્તિને તેની સાથે જોડવાનાં છે. ફુટપાથ પર બેસીને સામાન વેચનાર કે લારી-ગલ્લા ચલાવનારને સ્વનિધિ યોજના દ્વારા બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવી રહ્યા છે. દેશ આજે હર ઘર જલ મિશનમાં ઝડપથી કામ કરી રહ્યો છે. જલ જીવન મિશન અંતર્ગત માત્ર બે-અઢી વર્ષમાં 9 કરોડથી વધુ પરિવારોને નળમાંથી જળ મળવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધી 75,000થી વધુ હેલ્થ-વેલનેસ સેન્ટર બનાવી દેવામાં આવ્યા છે. હવે બ્લોક સ્તરે સારી હોસ્પિટલો અને આધુનિક લેબોરેટરી નેટવર્ક પર કામ કરવામાં આવી રહ્યું છે. બહુ જલ્દી, દેશની હજારો હોસ્પિટલો પાસે પોતાનાં ઓક્સિજન પ્લાન્ટ પણ ઉપલબ્ધ થઈ જશે.

2014 બાદ દેશના રાજકારણ જ નહીં, શાસનના કામકાજની રીત અને અભિગમમાં પણ અભૂતપુર્વ પરિવર્તન આવ્યું છે. તેનું કારણ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જીવનનો સંઘર્ષ. પ્રારંભિક વર્ષના સંઘર્ષોએ વડાપ્રધાન મોદીના મન પર મજબૂત છાપ છોડી. તેઓ રાષ્ટ્રવાદી વિચારોથી ઓતપ્રોત એ વિચારધારામાં ઉછર્યા, જ્યાં 'નેશન ફર્સ્ટ'ની વાત થાય છે, રાજનીતિનો પાઠ રાષ્ટ્રનીતિની ભાષામાં ભણાવવામાં આવે છે. વડાપ્રધાન મોદીની રાજનીતિમાં પણ રાષ્ટ્રનીતિ સર્વોપરિ છે. વાસ્તવમાં, જ્યાં તેમનો રાજકીય ઉછેર થયો છે, ત્યાં રાજનીતિ અને રાષ્ટ્રનીતિમાંથી કોઇ એકને સ્વીકારવાની જરૂર પડે તો રાષ્ટ્રનીતિને સૌ પ્રથમ અને રાજનીતિને બીજા નંબરે રાખવામાં આવે છે. આ જ ગુણ એક વ્યક્તિ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદે દેશ જ નહીં, દુનિયાના અન્ય નેતાઓથી અલગ કરે છે. તેમની જીવનયાત્રામાં અનેક ચડ-ઉતર આવી, પણ રાષ્ટ્ર સર્વોપરિનાં તેમનાં વિચારે તેમને હંમેશા શક્તિ આપી.

**વાંચો, કેન્દ્ર સરકારની એ યોજનાઓ અને અભિયાનો અંગે જે નવા ભારતના નિર્માણમાં પોતાનું મહત્વનું યોગદાન આપી રહ્યાં છે... ●**



### આરોગ્ય ક્ષેત્ર

# સ્વસ્થ ભારત સશક્ત ભારત

સફળતા અને સમૃધ્ધિનો આધાર છે આરોગ્ય. પછી એ પ્રગતિ એક વ્યક્તિ સાથે સંકળાયેલી હોય કે પરિવાર કે સમાજ સાથે સંકળાયેલી હોય કે પછી સમગ્ર રાષ્ટ્ર સાથે. તેનો પાયો આરોગ્ય પર જ ટકેલો હોય છે. વીતેલા આઠ વર્ષોમાં આરોગ્ય ક્ષેત્ર કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતામાં સામેલ રહ્યું છે. કોવિડ જેવી મહામારી વચ્ચે આરોગ્ય સાથે સંકળાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બ્લોક સ્તરથી સુધારવાની નવી શરૂઆત થઈ છે.



**કેન્સર જેવી ગંભીર બિમારીઓ એક પરિવાર તરીકે અને એક સમાજ તરીકે આપણને ભાવનાત્મક રીતે અને આર્થિક રીતે નબળી કરે છે. એટલે છેલ્લાં સાત-આઠ વર્ષથી દેશમાં આરોગ્ય અંગે મોટા પાયે કામ કરવામાં આવી રહ્યું છે. અમારી સરકારે સાત વિષયો પર, એમ કહી શકાય કે આરોગ્યનાં સપ્તર્ષિઓ પર ફોકસ કર્યું છે.**

**- નરેન્દ્ર મોદી (વડાપ્રધાન, આસામમાં સાત કેન્સર હોસ્પિટલોનાં ઉદઘાટન દરમિયાન)**

યોજના

પ્રારંભ ઓક્ટોબર 2016

પ્રગતિ

### પીએમ ભારતીય જનઔષધિ પરિયોજના

## અહીં મળે છે 50થી 90 ટકા સસ્તી જેનરિક દવાઓ

*હેતુઃ દવાઓ પર લોકોને કરવો પડતો ખર્ચ ઘટાડવો. બજાર કિંમત કરતાં 50થી 90 ટકા સુધી ઓછાં ભાવમાં જેનરિક દવા અને સર્જિકલ સાધનો ઉપલબ્ધ કરાવવા અને રોજગારની તકો પૂરી પાડવી.*

દેશભરમાં 31 માર્ચ, 2022 સુધી આશરે 8,700 જન ઔષધિ કેન્દ્રો ખોલવામાં આવ્યા. લેબ રીએજન્ટને બાદ કરતાં રાષ્ટ્રીય આવશ્યક દવા લિસ્ટની તમામ દવા સહિત 1600થી વધુ દવાઓ અને 250 સર્જિકલ પ્રોડક્ટ્સ અહીં મળે છે. દર મહિને આશરે 1.25 કરોડ લોકો દવા ખરીદે છે. 2018થી 1 રૂપિયામાં સેનેટરી નેપકિનનું વેચાણ શરૂ.

**10,500**

**જનઔષધિ કેન્દ્ર સમગ્ર દેશમાં 2025 સુધી ખોલવામાં આવશે. કેન્દ્રના માલિકોને હવે પાંચ લાખ રૂપિયાનું પ્રોત્સાહન**

યોજના

## પીએમ જય-આયુષ્યમાન ભારત

પ્રારંભ 23 સપ્ટેમ્બર 2018

# હવે ગરીબીને કારણે કોઈની સારવાર અટકતી નથી

**હેતુઃ** *10 કરોડ 74 લાખ પરિવારોનાં 50 કરોડ લોકોને વર્ષે પાંચ લાખ રૂપિયાની મફત સારવારની સુવિધા.*

**માહિતી અહીંથી મળશેઃ** ***યોજનાની વેબસાઈટ mera.pmjay.gov.in અને ટોલ ફ્રી નંબર 14555, 1800-111-565 પર માહિતી મળશે.***

## પ્રગતિ

આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત માર્ચ 2022 સુધી 17.90 કરોડથી વધુ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ પૂરાં પાડવામાં આવ્યા છે. 3.28 કરોડથી વધુ લોકો સારવાર કરાવી ચૂક્યા છે. આ યોજના સાથે આશરે 27,300 ખાનગી અને સરકારી હોસ્પિટલો જોડાઈ ચૂકી છે. આ યોજના અંતર્ગત 141 મેડિકલ પ્રોસિજર્સ સામેલ કરવામાં આવી છે, જે માત્ર મહિલાઓ માટેની છે. ઓક્ટોબર 2019થી સપ્ટેમ્બર 2021 સુધી આ યોજનાનો લાભ મેળવનારાઓમાં 46.7 ટકા મહિલાઓ છે.

યોજના

## હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને ઈ-સંજીવની ઓપીડી

પ્રારંભ 2018 અને 2020

# ઘર પાસે અને ઘર બેઠાં સારવારની સુવિધા

**હેતુઃ** *હેલ્થ અને વેલનેસ સેન્ટર દ્વારા ઘરથી ડોક્ટર સુધીનું અંતર 30 મિનિટથી ઓછું, ટેલિ મેડિસિન દ્વારા ઘર બેઠાં ડોક્ટરની સલાહ*

**આવી રીતે લાભ લોઃ** ***esanjeevaniopd.in પર સેવાનો લાભ લઈ શકાય છે. 20 એપ્રિલ 2022 સુધી તેનાં દ્વારા 3.16 લાખ કલાકોથી વધુ કન્સલ્ટન્સી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.***

## પ્રગતિ

આયુષ્યમાન ભારત અંતર્ગત 2018માં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલવાની શરૂઆત થઈ હતી. 29 એપ્રિલ, 2022 સુધી 1.18 લાખ આવા સેન્ટર શરૂ થઈ ચૂક્યાં છે. આમાં 1.02 કરોડ વેલનેસ સત્ર થયા અને 85.63 કરોડ વાર લોકો આવ્યા. ડિસેમ્બર 2022 સુધી આ કેન્દ્રોની સંખ્યા 1.58 લાખ પહોંચાડવાનો લક્ષ્ય. 2020માં શરૂ થયેલી ટેલિ મેડિસિન સેવા ઈ-સંજીવનીથી એક લાખથી વધુ હેલ્થ અને વેલનેસ સેન્ટરને જોડવાં આવ્યા છે. ઈ-સંજીવનીથી દેશભરમાં દરરોજ લગભગ 90,000 દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

યોજના

## મેડિકલ ડિવાઈસ પાર્ક પ્રોત્સાહન સ્કીમ

મુદત 2020-2025 સુધી

# મેડિકલ ઈક્વિપમેન્ટ્સના ઉત્પાદનને પ્રોત્સાહન

**હેતુઃ** *ભારતીય મેડિકલ ઈક્વિપમેન્ટ્સ ઉદ્યોગને વૈશ્વિક સ્તર પર અગ્રણી બનાવવો, સ્થાનિક બજારમાં મેડિકલ ઈક્વિપમેન્ટ્સની ઉપલબ્ધતા વધારવી*

પ્રગતિ

ભારતમાં મેડિકલ ઈક્વિપમેન્ટ્સનો ઉદ્યોગ પાંચ અબજ અમેરિકન ડોલરથી વધુ છે, જેમાં 80-90 ટકા માટે આયાત પર આધાર રાખવો પડે છે. 1 એપ્રિલ 2020થી મેડિકલ ઈક્વિપમેન્ટ્સને દવાની વ્યાખ્યામાં સમાવી લેવામાં આવ્યા છે. 16 રાજ્યોમાંથી અરજીઓ મળી હતી, જેમાંથી ઉત્તરપ્રદેશ, તામિલનાડુ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશને નાણાકીય સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. યોજના 2024-25 સુધી છે.

**400**

*કરોડ રૂપિયાના ખર્ચે કાર્યાન્વિત કરવામાં આવી રહી છે મેડિકલ ડિવાઈસ પાર્ક પ્રોત્સાહન યોજના*

યોજના

પ્રારંભ જુલાઈ 2014

## નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી

# એ જ દવા, ઓછાં ભાવે-ડાયાબિટીસ, કેન્સરની દવા હવે સસ્તામાં

**હેતુઃ** *ડાયાબિટીસ, કાર્ડિયોવસ્ક્યુલર, કેન્સરની મોંઘી દવા અને સ્ટેન્ટ તથા ની રિપ્લેસમેન્ટનાં ભાવ પર નિયંત્રણ લાવીને ગ્રાહકોને બિમારીમાં થતાં ખર્ચમાં ઘટાડો કરવો.*

## પ્રગતિ

106 એન્ટી-ડાયાબિટિસ અને હૃદયરોગની દવાની કિંમત ઓછા કરી, સ્ટેન્ટનું મૂલ્ય નિર્ધારણ, ઘૂંટણના પ્રત્યારોપણનું મૂલ્ય નિર્ધારણ, 8 માર્ચ 2019નાં રોજ કેન્સર વિરોધી 42 દવાઓનાં મૂલ્ય નિર્ધારણની સાથે ઓક્સિ-ગ્લુકો-બ્લડપ્રેશર મોનિટર અને નેબ્યુલાઈઝરની કિંમત પણ નક્કી કરી.

**8400**

**કરોડ રૂપિયાની બચત ગ્રાહકોને દર વર્ષે થાય છે દવાઓ અને મેડિકલ ઈક્વિપમેન્ટ્સનાં ભાવ ઘટાડવાથી**

# આરોગ્ય ક્ષેત્રમાં પરિવર્તન લાવનારી યોજનાઓ

યોજના

પીએમ આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન

પ્રારંભ 25 ઓક્ટોબર 2021

## દેશનાં આરોગ્ય માળખામાં સુધારાનો સમય

**હેતુ:** *દેશની હેલ્થકેર સિસ્ટમમાં બ્લોકથી માંડીને ઉપર સુધી દરેક સ્તરે સુધારો કરવો.*

પ્રગતિ

- ગયા વર્ષે વારાણસીથી વડાપ્રધાન મોદીએ તેની શરૂઆત કરી. દેશનાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરનારી અત્યાર સુધીની આ સૌથી મોટી યોજના છે, જેનાં પર પાંચ વર્ષમાં 64,000 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવશે.
- 15 બીએસએલ-3 ટેસ્ટિંગ લેબોરેટરી, 33 બિમારીઓનાં વિશ્લેષણ, પૂર્વાનુમાનની ક્ષમતા વિક્સિત કરવી.
- 12 સેન્ટ્રલ હોસ્પિટલ્સમાં ક્રિટિકલ કેર બ્લોકનું નિર્માણ. 1800 વધારાનાં બેડ. 4 નવી રિજનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની શરૂઆત. 17,788 ગ્રામીણ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખોલવામાં આવશે.

**602**

જિલ્લામાં ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોક બનાવવામાં આવશે. યુપીના 75 જિલ્લામાં ક્રિટિકલ કેર બ્લોક બનશે.

## પીએમ માતૃ વંદના યોજના

માતૃ વંદના યોજનાની શરૂઆત 2016માં થઈ હતી. 1 જાન્યુઆરી, 2017થી દેશનાં તમામ જિલ્લામાં આ યોજના લાગુ છે. આ અંતર્ગત ગર્ભવતી મહિલાઓને સલામત ડિલિવરી કરાવવા અને સ્તનપાન કરાવતી મહિલાઓને પોષક આહાર આપવા માટે રૂ. 5,000 આપવામાં આવે છે. દેશનાં 650 જિલ્લામાં આ યોજનાનો ફાયદો ઉઠાવનારી મહિલાઓની સંખ્યા આશરે બે કરોડ છે. નાણાકીય વર્ષ 2018થી 2020 દરમિયાન આ યોજના અંતર્ગત 1.75 કરોડ પાત્ર લાભાર્થીઓને કુલ 5931.95 કરોડની ચૂકવણી કરવામાં આવી.



યોજના

પ્રારંભ 27 સપ્ટેમ્બર 2021

આયુષ્યમાન ભારત ડિજિટલ હેલ્થ મિશન

## હવે દેશનાં દરેક નાગરિકનું પતાનું હેલ્થ આઇડેન્ટિટી કાર્ડ

**હેતુ:** *દરેક નાગરિકના આરોગ્ય સાથે સંકળાયેલી તમામ માહિતી એક ક્લિક પર ઉપલબ્ધ થશે.*

**આવી રીતે લાભ લો:** *સત્તાવાર વેબસાઈટ ndhm.gov.in પર જઈને આરોગ્ય ખાતું બનાવી શકો છો.*

પ્રગતિ

15 ઓગસ્ટ 2020નાં રોજ વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી તેની જાહેરાત કરી હતી. 6 રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટ બાદ સમગ્ર દેશમાં તેને લાગુ કરવામાં આવી રહી છે. આ આધાર કાર્ડ જેવું જ હેલ્થ કાર્ડ છે, જેમાં લાભાર્થીનાં આરોગ્ય અંગેનો તમામ ડેટા હશે.

**21,50,71,056**

લોકોનાં આરોગ્ય ખાતા આ મિશન અંતર્ગત ખોલી દેવામાં આવ્યા છે 20 એપ્રિલ 2022 સુધી

## રાષ્ટ્રીય પોષણ મિશન

8 માર્ચ, 2018નાં રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે રાજસ્થાનથી શરૂઆત કરવામાં આવી. આ અગાઉ, આ યોજનાનું નામ ન્યુટ્રીશન મિશન હતું, જેને 2018માં પોષણ અભિયાન નામ આપીને મોટા પાયે લાગુ કરવામાં આવી. આ યોજના અંતર્ગત બાળકના જન્મ બાદ શરૂઆતનાં 1000 દિવસ પર વિશેષ ફોકસ કરવામાં આવી રહ્યું છે. 0થી 6 વર્ષના બાળકો, ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી મહિલાઓનાં આરોગ્ય અને પોષણમાં સુધારા માટે રાષ્ટ્રીય પોષણ મિશનની રચના કરવામાં આવી છે. તેમાં કુપોષણને તબક્કાવાર રીતે દૂર કરવા માટે ત્રણ વર્ષનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. હવે ભારતે 2030 સુધી તમામ પ્રકારની ભુખ અને કુપોષણને નાબૂદ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. રેશનિંગની દુકાનોથી આ માટે ફોર્ટિફાઇડ ચોખા વહેંચવાની શરૂઆત કરવામાં આવી છે.

## ટીબી મુક્ત ભારત

સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વને 2030 સુધી ટીબી મુક્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જ્યારે ભારતે આ માટે 2025નું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. ત્રણ વર્ષમાં 12,000 કરોડ રૂપિયાનાં ખર્ચવાળા અભિયાનની શરૂઆત થઈ ચૂકી છે.

## મલેરિયા મુક્ત ભારત

મોદી સરકારે જુલાઈ 2017માં દેશમાં મેલેરિયાને નાબૂદ કરવા માટે નેશનલ સ્ટ્રેટેજિક પ્લાન ફોર મેલેરિયા એલિમિનેશન 2017-22 લોંચ કર્યો. પૂર્વોત્તર ભારતમાં લક્ષ્ય હાંસલ કર્યા બાદ હવે મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ જેવા રાજ્યો પર ભાર છે. 2016માં સરકારે નેશનલ ફ્રેમવર્ક ફોર મેલેરિયા એલિમિનેશન 2016-2030 જારી કર્યું હતું.

## દુનિયાની ફાર્મસી ભારત

- ભારત જેનરિક દવાઓનું વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઉત્પાદક છે. તેનાં વૈશ્વિક બજારમાં આપણો 20 ટકા હિસ્સો છે.
- 12 ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે 2020-21માં ભારતનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ 50 અબજ ડોલરને પાર થયો.
- 200થી વધુ દેશોને ઉચ્ચ ગુણવત્તાની દવાઓ પૂરી પાડે છે ભારત.





## યોગ બન્યું જન આંદોલન

કેન્દ્ર સરકારે સત્તા સંભાળ્યાનાં પહેલાં જ વર્ષમાં કહી દીધું હતું કે, તેની ચિંતા દેશનાં જ નહીં, સમગ્ર વિશ્વનાં આરોગ્ય અંગેની છે. આયુષ મંત્રાલયની સ્થાપનાને કારણે આજે વિશ્વભરમાં જન આંદોલન ચાલી રહ્યું છે. ખુદને તણાવમુક્ત અને સ્વસ્થ રાખવા માટે દેશમાં યોગ કરનારાઓની સંખ્યા પહેલાં કરતા ઘણી વધી ગઈ છે. આ ઉપરાંત, યોગની તાલીમ સાથે સંકળાયેલી તકો પણ વધી છે. આજે વિશ્વનાં આશરે 177 દેશોમાં યોગ કરવામાં આવી રહ્યો છે.

યોજના

**પ્રારંભ** 25 ડિસેમ્બર 2014

**મિશન ઈન્દ્રધનૂષ**

## ...જેથી રસીકરણથી કોઈ બાળક કે માતા રહી ન જાય

*હેતુ: બે વર્ષ સુધીનાં બાળકો સાથે ગર્ભવતી મહિલાઓનું 100 ટકા રસીકરણ સુનિશ્ચિત કરવું.*

***આવી રીતે લાભ લો:*** *નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી કે સરકારી હોસ્પિટલમાં મફત રસી લગાવો.*

### પ્રગતિ

અત્યાર સુધી 4.10 કરોડ બાળકોનું રસીકરણ થઈ ચૂક્યું છે. ફેબ્રુઆરી 2022માં મિશન ઈન્દ્રધનૂષ 4.0 શરૂ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વર્ષે ત્રણ કરોડથી વધુ ગર્ભવતી મહિલાઓ અને 2.6 કરોડ બાળકોને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ દ્વારા આવરી લેવામાં આવશે.

**12**

**બિમારીઓની રસી મિશન ઈન્દ્રધનૂષમાં લગાવવામાં આવે છે. જ્યારે કાર્યક્રમ શરૂ થયો ત્યારે તેની સંખ્યા 7 હતી.**




જામનગરમાં વિશ્વનાં પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનું ખાતમૂહૂર્ત કરવામાં આવ્યું

# પરંપરાગત સારવારની દુનિયામાં અગ્રેસર બન્યું ભારત

ભારતનાં આયુર્વેદનું મહત્વ હવે સમગ્ર વિશ્વ સ્વીકારી રહ્યું છે. કેન્દ્ર સરકારે આ માટે અલગથી આયુષ મંત્રાલય બનાવીને 2014 પછીથી આયુર્વેદ, યોગ અને અન્ય પરંપરાગત સારવાર પ્રણાલિઓને એકીકૃત કરવાનો પ્રયાસ કર્યો. ભારતનાં પ્રયત્નોને કારણે વિશ્વમાં 21 જૂન, 2015થી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત થઈ. 19 એપ્રિલનાં રોજ જામનગરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના સહયોગથી વિશ્વનાં પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરનું શિલારોપણ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, “આપણા આયુર્વેદને જીવનનાં જ્ઞાન તરીકે સમજવામાં આવે છે અને આપણે ત્યાં જેટલી પ્રતિષ્ઠા ચાર વેદોની છે એ જ રીતે આયુર્વેદને પાંચમો વેદ કહેવામાં આવે છે.”

- 8 વર્ષમાં આયુષ કોલેજોની સંખ્યા આશરે 200 વધી, હવે કુલ 780 થઈ. 435 નવી આયુષ હોસ્પિટલો ખૂલી અને હવે તેની સંખ્યા 3859 થઈ.
- 29951 આયુષ ડિસ્પેન્સરી દેશભરમાં આયુર્વેદિક, હોમિયોપથી અને યુનાની સારવારનાં માધ્યમથી સેવા કરી રહી છે. 7 લાખથી વધુ આયુષ પ્રેક્ટિશનર આજે દેશભરમાં કામ કરી રહ્યા છે.
- 1 લાખ 40 હજાર કરોડ રૂપિયા થયો આયુષ ઉત્પાદન ઉદ્યોગ 2022માં. 18 અબજ ડોલરનું આયુષ બજાર, જેમાં 2027 સુધી 50% વૃધ્ધિનું અનુમાન છે. 2014 સુધી તે 3 અબજ ડોલરથી પણ ઓછું હતું.

## મેડિકલ શિક્ષણની સ્થિતિ બદલાઈ

## અન્ડર ગ્રેજ્યુએટ સીટોમાં 75, પોસ્ટ ગ્રેજ્યુએટ સીટોમાં 93% નો વધારો




મેડિકલ સેક્ટર સાથે સંકળાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારીને કેન્દ્ર સરકારે વીતેલાં આઠ વર્ષોમાં શિક્ષણને સુધારવાનું કામ કર્યું છે. ખાનગી કોલેજોની 50 ટકા સીટોની ફી સરકારી કોલેજોની સમકક્ષ કરી દીધી છે. શિક્ષણનાં ક્ષેત્રમાં સુધારા માટે કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને રદ કરીને તેની જગ્યાએ નેશનલ મેડિકલ કમિશનની સ્થાપના કરવામાં આવી. આ ઉપરાંત, મેડિકલ સંસ્થાઓમાં ઓબીસી માટે 27 ટકા અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે 10 ટકા અનામત માટે જોગવાઈ કરવામાં આવી હતી. આ ઉપરાંત, દેશની તમામ સરકારી, ડીમ્ડ યુનિવર્સિટી અને ખાનગી કોલેજોમાં પ્રવેશ માટે એક સમાન પ્રવેશ પરીક્ષા નીટને ફરજિયાત કરવી એ પણ ઐતિહાસિક પગલું છે.

| અન્ડર ગ્રેજ્યુએટ સીટો | |
|---|---|
| 2014 | 51,348 |
| 2022* | 89,875 |

| પોસ્ટ ગ્રેજ્યુએટ સીટો | |
|---|---|
| 2014 | 31,185 |
| 2022* | 60,202 |

| મેડિકલ કોલેજ અને એઇમ્સ | |
|---|---|
| 387 કોલેજ અને 6 એઇમ્સ | 596 કોલેજ અને 22 એઇમ્સ |
| 2014 | 2022* |

*માર્ચ સુધી




# કોવિડ વિરુધ્ધ વધુ મજબૂતીથી લડાઈ

**વૈશ્વિક મહામારી કોવિડે ભારતમાં પ્રવેશ કર્યો ત્યારે તેની સામે લડવાનો ઉપાય આપણને ખબર નહોતી, આપણું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર નહોતું. પીપીઈ કિટ અને એન 95 માસ્ક જેવી ચીજોનું ઉત્પાદન ભારતમાં નહિંવત હતું. આ સ્થિતિમાં વડાપ્રધાન મોદીએ પહેલાં 'જાન હૈ તો જહાન હૈ' અને 'જાન ભી જહાન ભી'ના મંત્ર આપ્યા અને ભારતે કોવિડનો મક્કમતાથી સામનો કર્યો. અને આજે અનેક દેશોને ભારત મદદ કરી રહ્યું છે...**

કોવિડ મહામારી શરૂ થતાં જ સાવચેતીના ઉપાય તરીકે કેન્દ્ર સરકારે કડક લોકડાઉન લાગુ કર્યું અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી માંડીને ઓક્સિજન પૂરવઠામાં સુધારા માટે અભૂતપુર્વ પગલાં લીધાં. એપ્રિલ 2020માં રસી માટે ટાસ્ક ફોર્સની રચના કરી. બજેટમાં 35,000 કરોડ રૂપિયા રસીની શોધ અને વિકાસ માટે ફાળવવામાં આવ્યા. પીએમ કેર્સ ફન્ડ બનાવીને કોવિડ સામેની લડાઈને મજબૂત કરી. માત્ર આઠ મહિનામાં ભારતને બે-બે રસી મળી ગઈ એટલું જ નહીં, તેનાં સંગ્રહ, પરિવહન, ખરીદી, કોલ્ડ ચેઈનથી માંડીને રસી લગાવવા સુધીની રૂપરેખા બનાવીને 16 જાન્યુઆરી, 2021થી વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું. પીએમ મોદીનાં જન્મદિવસે એક જ દિવસમાં 2.5 કરોડ ડોઝ આપવાનો વિક્રમ સર્જાયો. આટલી મોટી સંખ્યામાં એ દિવસમાં એક પણ દેશે રસી લગાવી નથી. આજે તમામ વિસંગતતાઓ છતાં દેશમાં દરેક વ્યક્તિ સુધી રસી પહોંચી રહી છે અને 96 ટકા વસતિને કોવિડની રસીનો પ્રથમ ડોઝ લાગી ચૂક્યો છે. ભારત સરકારની નીતિ પહેલાં પણ અને આજે પણ સંક્રમણને પ્રારંભથી જ રોકવાની રહી છે. આપણે 'ટેસ્ટ, ટ્રેક એન્ડ ટ્રીટ'નાં વ્યૂહનું પાલન કરવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 એપ્રિલનાં રોજ મુખ્યમંત્રીઓ સાથે કોવિડની સ્થિતિની સમીક્ષા કરી હતી.

## કોવિડ સામેની લડાઇમાં આ રીતે આગળ વધ્યું ભારત

- ભારત આજે પીપીઇ કિટ અને એન 95 માસ્કનું વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક છે. આપણે 48 દેશોને પીપીઇ કિટ પૂરી પાડીએ છીએ.
- 2020માં ભારતમાં કોવિડનો પ્રથમ કેસ નોંધાયો ત્યારે તેની તપાસ માટે દેશમાં માત્ર એક જ લેબ હતી. હવે 3360 લેબમાં તેની તપાસ થઈ રહી છે.

Co-WIN ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા સરળ રજીસ્ટ્રેશન. દેશભરમાં 4143 નવાં ઓક્સિજન ઉત્પાદન પ્લાન્ટ. ઇમરજન્સી રિસ્પોન્સ પેકેજ અંતર્ગત 631 જિલ્લામાં પીડિયાટ્રિક કેર યુનિટ.

- 189.23 કરોડ રસીના ડોઝ અપાઈ ચૂક્યા છે 2 મે સુધી. આમ કરનાર ભારત વિશ્વનો બીજો દેશ છે.
- 27 એપ્રિલ, 2022 સુધી 96 ટકા પુખ્તોને ઓછામાં ઓછો એક ડોઝ લગાવી દેવામાં આવ્યો છે અને 15 વર્ષથી વધુ વયનાં લગભગ 85 ટકા લોકોએ બંને ડોઝ લગાવી દીધાં છે. આ ઉપરાંત, 26 એપ્રિલ, 2022નાં રોજ 6-12 વર્ષનાં બાળકો માટે કોવેક્સિન રસીની મંજૂરી આપી દીધી છે.

યોજના

જલ જીવન મિશન
હર ઘર જલ

પ્રારંભ 15 ઓગસ્ટ, 2019

## ગ્રામીણ ભારતમાં હવે ઘરમાં મળવા લાગ્યું પીવાનું શુધ્ધ પાણી

**હેતુ:** *2024 સુધી દરેક ઘરમાં નળમાંથી જળનું લક્ષ્ય*

પ્રગતિ

- યોજના બાદ 32 મહિનામાં આશરે 6.30 કરોડ નવા નળ જોડાણ. હવે 19.32 કરોડ ગ્રામીણ પરિવારમાંથી આશરે 9.35 કરોડ ઘરોમાં પાણી મળવા લાગ્યું છે.
- ગોવા, તેલંગાણા અને હરિયાણાની સાથે આંદામાન નિકોબાર ટાપુ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવમાં હવે દરેક ઘરમાં પાણી આવે છે.
- યોજના પર 3.6 લાખ કરોડનો ખર્ચ થશે, જેમાં 2.08 લાખ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારનો હિસ્સો છે.

**61,120**

*કરોડ રૂપિયા ખર્ચ થઈ ચૂક્યો છે 31 માર્ચ, 2022 સુધી. ચાલુ નાણાકીય વર્ષમાં 3.8 કરોડ પરિવારોનાં ઘરમાં પાણી પહોંચાડવા માટે. 60 હજાર કરોડની બજેટ ફાળવણી*

# જળ-પર્યાવરણ
# માનવજાતિના ભવિષ્યની ચિંતા



**पृथ्वी सगन्धा सरसास्तथापः स्पर्शी च वायुर्ज्वलितं च तेजः।
नभः सशब्दं महत्ता सहै व कुर्वन्तु सर्वे गम सुप्रभातम्॥"**

વામનપુરાણના આ શ્લોકનો અર્થ છે- ગુણોથી યુક્ત પૃથ્વી, રસયુક્ત જળ, સ્પર્શયુક્ત વાયુ, પ્રજ્વલિત તેજ, શબ્દ સહિત આકાશ અને મહત્વ. આ બધાં મારી સવારને મંગલમય કરે. સુંદર પર્યાવરણ અને સ્વચ્છ જળને આપણી સંસ્કૃતિમાં જીવનના મૂળ પાંચ તત્વોમાં સામેલ કરવામાં આવ્યું છે. તેમ છતાં, વિટંબણા એ હતી કે દેશની મોટી વસતિને 2019 સુધી પીવાનાં પાણી માટે પણ માઈલો સુધી જવું પડતું હતું. સ્વચ્છ પર્યાવરણની દિશામાં પણ જે પગલાં લેવા જોઈતા હતા, તેનાં વિષે લાંબા સમય સુધી વિચારવામાં આવ્યું નહોતું. હવે જળ જીવન મિશન જેવી યોજના દરેક ઘરમાં નળથી જળનો આધાર બની છે, ત્યારે વડાપ્રધાન મોદીનો પંચામૃતનો મંત્ર સ્વચ્છ પર્યાવરણની દિશામાં ભારતનું અત્યાર સુધીનું સૌથી નક્કર પગલું સાબિત થઈ રહ્યું છે....

યોજના

પ્રારંભ 30 ડિસેમ્બર, 2021

**બંધ સલામતીનો નવો કાયદો**

## વિવાદ પૂરો થશે અને હવે સલામત બનશે બંધ

**હેતુ:** *બંધોની સલામતી સાથે સંસ્થાકીય માળખું વિકસાવવું.*

### પ્રગતિ

- ભારતમાં 5334 મોટાં ડેમ, 411 નિર્માણાધીન ડેમ અને હજારો નાના ડેમ છે. આ ઉપરાંત હજારો નાના ડેમ દેશમાં જળ પુરવઠો સુનિશ્ચિત કરે છે. ડેમ રિહેબિલેટેશન અને ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ-ડ્રિપ 1માં સાત રાજ્યોમાં 223 ડેમ પર કામ કરવામાં આવ્યું, તો ડ્રિપ-2 અને ડ્રિપ-3 પર 10,211 કરોડ રૂપિયાનાં ખર્ચે 19 રાજ્યોનાં 736 બંધ પર બે તબક્કામાં કામ ચાલુ છે. કેન્દ્ર સરકારે ડેમના મેઈન્ટેનન્સ સાથે સલામતી સુનિશ્ચિત કરવા માટે ડેમ સિક્યોરિટી એક્ટ 2021 બનાવ્યો છે. આ કાયદો ડિસેમ્બર 2021થી અમલી બની ગયો છે. તેમાં બે રાષ્ટ્રીય અને બે રાજ્ય સ્તરીય સંસ્થા બનાવવામાં આવી છે.

યોજના

## અટલ ભૂજલ યોજના

પ્રારંભ 25 ડિસેમ્બર 2019

### કારણ કે જળ જીવનનો આધાર છે

**હેતુ:** *જળની અછત ધરાવતા સાત રાજ્યોનાં 78 જિલ્લામાં સંસાધનોના સંચાલનમાં સુધારો કરવો.*



### પ્રગતિ

યોજનાથી ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશની 8350 પંચાયતોને સીધો લાભ મળશે. પાંચ વર્ષ માટે 6000 કરોડ રૂપિયાનું બજેટ છે, જેમાં 50 ટકા વર્લ્ડ બેન્ક લોન અને 50 ટકા ભારત સરકાર તરફથી ગ્રાન્ટ છે. જળ ઉપયોગકર્તા એસોસિએશન, ગામ પંચાયત સ્તર પર જળ સુરક્ષા યોજના તૈયાર કરનારી કમિટીમાં મહિલાઓની 20 ટકા ભાગીદારી ફરજિયાત છે. દેશભરમાં 5516 જળ સુરક્ષા યોજનાઓ તૈયાર કરવામાં આવી છે.

યોજના

## નમામિ ગંગે મિશન

પ્રારંભ જૂન, 2014

### નિર્મળ અને અવરિત બન્યો ગંગાનો પ્રવાહ

**હેતુ:** *ગંગા નદીને પુનઃ જીવિત કરવી અને તેની પ્રશાખાઓની કાયાપલટ કરવાનો લક્ષ્ય.*



### પ્રગતિ

નમામિ ગંગે મિશનમાં અત્યાર સુધી 30,853 કરોડ રૂપિયાનાં અંદાજિત ખર્ચે 364 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી 183 પ્રોજેક્ટ્સ ચાલુ થઈ ચૂક્યા છે. ગંગા કિનારાના ગામડાંમાં 2953 મિલિયન લિટર પ્રતિ દિવસ ગંદા પાણી સામે મિશનના પ્રારંભમાં માત્ર 1305 એમએલડી પાણીની ટ્રીટમેન્ટ ક્ષમતા હતી, જે હવે વધીને 2407 એમએલડી થઈ ગઈ છે. 934 એમએલડી ક્ષમતાના એસટીપીને મંજૂરી મળી ગઈ છે. હવે 2026 સુધી નમામિ ગંગે મિશન-ટુને મંજૂરી આપવામાં આવી છે.

યોજના

## નદી જોડો પ્રોજેક્ટ

મંજૂરી 8 ડિસેમ્બર, 2021

### નદીઓને જોડવાથી ગામડાંને ખેડૂતોને ફાયદો થશે

**હેતુ:** *દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે પાણી પૂરું પાડવું.*

પ્રગતિ

ભારતમાં નદી જોડવાનો વિચાર સૌ પ્રથમ 1958માં એક બ્રિટિશ સિંચાઈ એન્જિનિયર સર આર્થર થોમસે આપ્યો હતો. પણ કોઈ પ્રગતિ ન થઈ. 1980માં નેશનલ પર્સ્પેક્ટિવ પ્લાન અંતર્ગત 30 લિન્કની ઓળખ કરવામાં આવી. સપ્ટેમ્બર, 2014માં નદીઓનાં જોડાણ મુદ્દે એક વિશિષ્ટ સમિતિની રચના કરવામાં આવી. અત્યાર સુધી આઠ લિન્કનાં ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થઈ ચૂક્યા છે. કેન બેતવા લિન્ક પ્રોજેક્ટ પ્રથમ પ્રોજેક્ટ છે, જેનો અમલ કરવામાં આવી રહ્યો છે. 41 લાખથી વધુ લોકોને તેનાંથી લાભ થશે.

**44,605**

*કરોડ રૂપિયાનાં અંદાજિત ખર્ચનાં પ્રોજેક્ટ્સને કેબિનેટે 8 ડિસેમ્બર, 2021નાં રોજ મંજૂરી આપવામાં આવી.*

યોજના

પ્રારંભ 2 ઓક્ટોબર, 2014

## સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ

### ખુલ્લામાં શૌચથી મળી મુક્તિ, હવે ઓડીએફ પ્લસ તરફ અગ્રેસર

**હેતુ:** *દેશને ખુલ્લામાં શૌચથી મુક્ત કરાવવો.*

### પ્રગતિ

યોજનામાં અત્યાર સુધી 10.93 કરોડથી વધુ ઘરેલુ શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું. દેશનાં તમામ ગામે ખુલ્લામાં શૌચથી મુક્ત થયા હોવાની જાહેરાત કરાઈ છે. ઓડીએફ હાંસલ કર્યા બાદ 2025 સુધી તમામ ગામોને ઓડીએફ પ્લસ બનાવવાનાં હેતુથી ઘન અને પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થા માટે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણનો બીજો તબક્કો ચલાવવામાં આવી રહ્યો છે. આશરે 54,000 ગામોમાં ઘન કચરાનો નિકાલ અને 29,000 ગામોમાં પ્રવાહી કચરાના નિકાલની વ્યવસ્થાનું કામ પૂરું થઈ ચૂક્યું છે. ગોબરધન યોજના પણ આ કાર્યક્રમનો ભાગ છે.

# મિશન સ્વચ્છ ઊર્જા

યોજના

## પ્રધાનમંત્રી ઉજાલા યોજના

પ્રારંભ 5 જાન્યુઆરી, 2015

## સસ્તા બલ્બ સાથે પર્યાવરણનું જતન

*હેતુ: દરેક ઘરમાં સસ્તા એલઈડી બલ્બ ઉપલબ્ધ કરાવવા*

પ્રગતિ

- ઉન્નત જ્યોતિ બાય એફોર્ડેબલ એલઈડી ફોર ઓલ (ઉજાલા) કાર્યક્રમ વિશ્વનો સૌથી મોટો સબસિડી વિનાનો સ્વદેશી લાઈટિંગ પ્રોગ્રામ છે. આ અંતર્ગત, 70 રૂપિયામાં એલઈડી બલ્બ, 220 રૂપિયામાં એલઈડી ટ્યુબલાઈટ અને 1110 રૂપિયામાં એલઈડી પંખા ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. ગ્રામ ઉજાલા અભિયાન અંતર્ગત 10-10 રૂપિયામાં એલઈડી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે.
- 36.79 કરોડ એલઈડી બલ્બ યોજનાના પ્રારંભથી 22 એપ્રિલ 2022 સુધી આપવામાં આવ્યાં.
- 47,778 મિલિયન કિલોવોટ પ્રતિ કલાકની વાર્ષિક ઊર્જાની બચત થઈ.
- 9,565 મેગાવોટની મહત્તમ માંગથી મુક્તિ મળી. 3.86 કરોડ ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન દર વર્ષે છું થયું છે.

**40**

*મિલિયન એલઈડી બલ્બ દર મહિને બનાવવામાં આવી રહ્યાં છે. 2014માં આ સંખ્યા એક લાખ હતી.*




*હેતુ: પ્રદૂષણ ફેલાવતાં પરિબળોને ઘટાડવાં.*

### નેશનલ હાઇડ્રોજન મિશન

વડાપ્રધાન મોદીએ 15 ઓગસ્ટ, 2021નાં રોજ લાલ કિલ્લા પરથી નેશનલ હાઇડ્રોજન મિશનની શરૂઆતની જાહેરાત કરી હતી. સામાન્ય બજેટમાં તેનાં માટે જોગવાઈ કરવામાં આવી છે. 21 એપ્રિલ, 2022નાં રોજ આસામના જોરહાટમાં ભારતનો પ્રથમ હાઇડ્રોજન પાયલટ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો હતો.

### પેટ્રોલમાં ઇથેનોલનાં મિશ્રણને પ્રોત્સાહન

પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ કરવાથી 35 ટકા સુધી કાર્બન મોનોક્સાઇડ ઉત્સર્જન ઓછું થાય છે. 2014 સુધી ભારતમાં પેટ્રોલમાં 1.5 ટકા ઈથેનોલ મેળવવામાં આવતું હતું, હાલમાં તેની મર્યાદા 8.1 ટકા છે. 1 એપ્રિલ 2023થી પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મેળવવામાં આવશે.

### ઇ-ચાર્જિંગ સ્ટેશન

ભારત સરકાર ઈલેક્ટ્રોનિક વાહનો તરફ વળવા માટે મદદ કરી રહી છે. દેશમાં આશરે 4500 ચાર્જિંગ સ્ટેશનને મંજૂરી આપવામાં આવી ચૂકી છે. આ ઉપરાંત, હાઈવેની બંને બાજુ દર 25 કિલોમીટરે ઓછામાં ઓછું એક ચાર્જિંગ સ્ટેશન અને દર 100 કિલોમીટરે હેવી ડ્યુટી વાહનો માટે ચાર્જિંગ સ્ટેશન અને દરેક શહેરમાં ત્રણ કિલોમીટરની ગ્રિડમાં ઓછામાં ઓછા એક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા દિશાનિર્દેશ જારી કરવામાં આવ્યાં છે. દેશમાં 25 માર્ચ 2022 સુધી 10.76 લાખ ઈલેક્ટ્રિક વાહનોનું રજીસ્ટ્રેશન થઈ ચૂક્યું છે.

પ્રારંભ 25 સપ્ટેમ્બર, 2017

પ્રગતિ

યોજના

## પ્રધાનમંત્રી સૌભાગ્ય યોજના

## ગરીબોને વીજળીનો અધિકાર

*હેતુ: દેશના અંતિમ છેડા સુધી દરેક ઘરમાં વીજ જોડાણ*



આ યોજના અંતર્ગત ગરીબ પરિવારોને મફત વીજ જોડાણ પૂરું પાડવામાં આવે છે. જે તેનાં માટે પાત્ર નથી તેમને 500 રૂપિયાનાં કિફાયતી દરે જોડાણ મળી જાય છે. દેશનાં 99.99 ટકા ઘરોમાં વીજ જોડાણ પહોંચી ગયું છે.

**2.63**

**કરોડથી વધુ ઘરોમાં વીજળીનું જોડાણ પહોંચી ગયું છે, યોજના અંતર્ગત અત્યાર સુધી**

યોજના

## ફેમ ઈન્ડિયા

**પ્રારંભ** 1 એપ્રિલ 2015

## પ્રદૂષણ રહિત પરિવહન તરફ ડગ

**હેતુ:** *જાહેર પરિવહનમાં ઈ-વાહનોનાં ઉપયોગને પ્રોત્સાહન*

**50 મિલિયન લીટર ઇંધણની બચત થઈ છે ફેમ ઈન્ડિયાનાં પ્રથમ તબક્કામાં**

**બેટરી સ્વેપિંગ પોલિસી**

ઈલેક્ટ્રિક વાહનોનાં ચાર્જિંગમાં લાગતો સમય અને બેટરીનું મેઈન્ટેનન્સ જ તેનાં વેચાણમાં સૌથી મોટો અવરોધ છે. એટલાં માટે, દેશમાં પ્રથમ વાર બેટરી સ્વેપિંગ પોલિસીની જાહેરાત કરવામાં આવી છે.

### પ્રગતિ

ફેમ ઈન્ડિયા યોજનાનાં બે તબક્કા છે. પ્રથમ તબક્કાની શરૂઆત 1 એપ્રિલ, 2015થી થઈ, જે 31 માર્ચ 2019 સુધી ચાલી. પાંચ વર્ષ સુધી ચાલનારાં બીજા તબક્કાની શરૂઆત 1 એપ્રિલ, 2019થી થઈ છે. આ અંતર્ગત ઈ-વાહનો પર 18000 રૂપિયાથી ત્રણ લાખ રૂપિયા સુધીની સબસિડી પૂરી પાડવામાં આવી રહી છે. ફેમ ઈન્ડિયા-ટુમાં 2.3 લાખ ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન ઉપરાંત 65 શહેરો માટે 6315 ઈ બસ અને 68 શહેરો માટે 2877 અને 25 હાઈવે એક્સપ્રેસ વે પર 1576 ચાર્જિંગ સ્ટેશનોને મંજૂરી આપવામાં આવી છે.

યોજના

## વન નેશન-વન ગેસ ગ્રિડ

**પ્રારંભ** જૂન, 2014

## એક રાષ્ટ્ર-એક વ્યવસ્થાનું વિસ્તરણ

**હેતુ:** *દેશનાં દરેક ઘરમાં એલપીજી અને વાહનો માટે સીએનજી ઉપલબ્ધ કરાવવાં.*



### પ્રગતિ

દેશમાં 2014 પહેલાં 27 વર્ષોમાં 15,000 કિ.મી. ગેસ પાઈપલાઈન બિછાવવામાં આવી હતી. જ્યારે જાન્યુઆરી 2021માં કોચીથી મેંગલુરુ સુધી 450 કિ.મી. ગેસ પાઈપલાઈનનું લોકાર્પણ થઈ ચૂક્યું છે. પાંચ વર્ષમાં આ યોજના અંતર્ગત 16000 કિમીની ગેસ પાઈપલાઈન બિછાવવામાં આવશે. પ્રધાનમંત્રી ઊર્જા ગંગા પ્રોજેક્ટ અંતર્ગત ઉત્તરપ્રદેશનાં જગદીશપુરથી પશ્ચિમ બંગાળનાં હલ્દિયાને જોડતી 2500 કિ.મી લાંબી પાઈપલાઈન પર કામ ચાલી રહ્યું છે. તેમાંથી ડોભી-દુર્ગાપુરની 350 કિ.મી. પાઈપલાઈન ગયા વર્ષે જ વડાપ્રધાન રાષ્ટ્રને સમર્પિત કરી ચૂક્યા છે.

યોજના

## નેશનલ ક્લિન એર પ્રોગ્રામ

**મંજૂરી** 10 જાન્યુઆરી, 2019

## જેથી સ્વચ્છ હવામાં આપણે શ્વાસ લઈ શકીએ

**હેતુ:** *2024 સુધી 132 શહેરોની હવામાં હાજર નુકસાનકારક પાર્ટિક્યુલેટ મેટરને 20થી 30 ટકા સુધી ઘટાડવા.*

પ્રગતિ

- યોજનાની શરૂઆતમાં 102 શહેર સામેલ હતા. બાદમાં વધુ 30 શહેરો જોડવામાં આવ્યા.
- આ અંતર્ગત 818 મેન્યુઅલ ઓપરેટિંગ સ્ટેશન છે, જે 29 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 303 શહેરો/નગરોને આવરી લે છે.
- 57 શહેરોમાં 86 રિયલ-ટાઈમ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન છે. દિલ્હીમાં આવા 18 સ્ટેશન છે અને 20 સ્ટેશન લગાવવાનું કામ ચાલુ છે. સમગ્ર દેશમાં આવા 309 સ્ટેશન છે.
- દિલ્હી-એનસીઆર માટે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન શરૂ કરવામાં આવ્યો છે.
- 2019માં 86 શહેરોની સરખામણીમાં 2020માં વાયુ ગુણવત્તા સુધારનારા શહેરોની સંખ્યા વધીને 96 થઈ ગઈ છે.
- વાહનોથી થતું પ્રદૂષણ ઓછું કરવા માટે બીએસ-4 બાદ સીધા બીએસ-6 ઇંધણ માપદંડ અપનાવવામાં આવ્યા છે.

યોજના

**પ્રારંભ** 2 ઓક્ટોબર, 2014

**સ્વચ્છ ભારત મિશન-શહેરી**

## શહેરોમાં સ્વચ્છતા પર ભાર મૂકાયો, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વિરોધ

**હેતુ:** *શહેરોમાં સાર્વત્રિક સ્વચ્છતામાં વધારો કરવો*

### પ્રગતિ

6.21 લાખ જાહેર અને સામુદાયિક શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. શહેરી ઘન કચરાનાં નિકાલ માટે 89,650 વોર્ડમાંથી 87,095 વોર્ડમાં ઘર ઘર જઈને 100 ટકા કચરો એકત્ર કરવામાં આવી રહ્યો છે. જ્યારે યોજના શરૂ થઈ ત્યારે વેસ્ટ પ્રોસેસિંગ ક્ષમતા 20 ટકા હતી, જે વધીને 72 ટકા થઈ ગઈ છે. 'કચરા મુક્ત શહેર' બનાવવાનાં સમગ્ર દ્રષ્ટિકોણથી સ્વચ્છ ભારત મિશન શહેરી 2.0નો શુભારંભ 2 ઓક્ટોબર, 2021નાં રોજ કરવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં મળ, કીચડ અને ગંદા પાણીના નિકાલ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા પર ભાર.

**62.65** લાખ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ અત્યાર સુધી



## મહિલા સશક્તિકરણ

# નવા ભારતના કેન્દ્રમાં નારી શક્તિ

મહિલાઓ પણ પુરુષોની સાથે ખભેથી ખભો મેળવીને અને ક્ષમતા પ્રમાણે દરેક ક્ષેત્રમાં સારો દેખાવ કરી શકે તે માટે ભારત સરકારે નિયમો બદલ્યાં છે અને નવી યોજનાઓ ઘડી છે. ભારતીય વાયુ સેનામાં ફાઈટર પાયલટ, કમાન્ડો, કેન્દ્રીય પોલિસ દળમાં ભર્તી શરૂ કરવામાં આવી, સૈનિક સ્કુલોમાં છોકરીઓનાં એડમિશનનો નિર્ણય લેવામાં આવ્યો. આ રીતે, બિનપરંપરાગત ક્ષેત્રમાં મહિલાઓને ભાગીદાર બનાવવાની વ્યવસ્થા ગોઠવી. મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતા વધારવા માટે મુદ્રા યોજનામાં પણ જોગવાઈ કરવામાં આવી. મહિલાઓની સલામતી અને સશક્તિકરણ માટે ભારત સરકારે 'મિશન શક્તિ' નામની અમ્બ્રેલા યોજના શરૂ કરી છે. આ રીતે, મહિલાઓનાં આર્થિ સશક્તિકરણ, દરેક સમસ્યામાં સાથ આપનારી યોજનાઓ સાથે જીવન સરળ કરતી યોજનાઓ પણ કેન્દ્ર સરકારની મહિલાઓ પ્રત્યે સાર્થક અને સમર્પિત વિચારધારાને પ્રદર્શિત કરી રહી છે....

# સેનામાં નારી શક્તિ... સેનામાં મહિલાઓની ભાગીદારી, સૈનિક સ્કુલોમાં પ્રવેશની મંજૂરી

યોજના

## સૈનિક સ્કુલોમાં પ્રવેશ

પ્રારંભ | સત્ર 2021-22

### હવે સૈનિક સ્કુલોમાં લાડલીને પણ પ્રવેશ

**હેતુ:** *મહિલાઓને સેનામાં તક*

- સૈનિક સ્કુલ છિંગછિપે સૈનિક સ્કુલ સોસાયટીની નીતિ પ્રમાણે 2018-2019માં ગર્લ્સ કેડેટને પ્રથમ વાર પાયલટ પ્રોજેક્ટ તરીકે પ્રવેશ આપ્યો હતો, જેની સફળતા બાદ તમામ સૈનિક સ્કુલોમાં ધોરણ 6ની વેકેન્સીની 10 ટકા સીટો છોકરીઓ માટે રાખવામાં આવી છે.
- શૈક્ષણિક સત્ર 2021-2022માં 33 સૈનિક સ્કુલોમાં 320 વિદ્યાર્થીનીઓને છઠ્ઠા ધોરણમાં પ્રવેશ આપવામાં આવ્યો. 2022-2023નાં શૈક્ષણિક સત્ર માટે 335 વેકેન્સી વિદ્યાર્થીનીઓ માટે ઉપલબ્ધ છે.
- આ રીતે નવેમ્બર 2021માં એનડીએ 2022 માટે આયોજિત પરીક્ષામાં 1,16,891 વિદ્યાર્થીનીઓ જોડાઈ. આ બેચમાં ભર્તી માટે પસંદગી પ્રક્રિયા હજુ ચાલુ છે.

પ્રારંભ

- સીઆરપીએફ અને સીઆઇએસએફમાં સિપાહી સ્તર પર 33 ટકા હોદ્દાઓ અને સરહદ સલામતી દળો-બીએસએફ, એસએસબી અને આઇટીબીપીમાં 14-15 ટકા હોદ્દા મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે.
- દિલ્હી પોલિસ સહિત તમામ કેન્દ્ર શાસિત પ્રદેશોનાં પોલિસ દળોમાં 20 માર્ચ, 2015નાં રોજ કોન્સ્ટેબલથી માંડીને સબ ઇન્સ્પેક્ટર સુધીનાં નોન-ગેઝેટેડ હોદ્દાઓની ભર્તીમાં મહિલાઓ માટે 33 ટકા અનામતને મંજૂરી આપવામાં આવી છે.
- પોલિસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ બ્યુરો તરફથી જાહેર આંકડા પ્રમાણે જાન્યુઆરી, 2020માં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પોલિસમાં મહિલા પોલીસકર્મીઓની ભાગીદારી 10.3 ટકા છે, જેને વધારીને 33 ટકા કરવાની સલાહ રાજ્યોને કેન્દ્ર સરકાર તરફથી જારી કરવામાં આવી છે. દરેક પોલિસ સ્ટેશનમાં ત્રણ મહિલા સબ ઇન્સ્પેક્ટર અને 10 કોન્સ્ટેબલ નિયુક્ત કરવા, જેથી 24 કલાક મહિલા હેલ્પ ડેસ્ક કામ કરી શકે.
- સેનામાં સેવારત મહિલા અધિકારીઓની સંખ્યા 10,493 છે, જેમાંથી 4734 સેના નર્સિંગ સેવા અધિકારી છે. 2021 દરમિયાન ભારતીય સેનામાં 60 મહિલા ઉમેદવારોને અધિકારી તરીકે કમિશન્ડ કરવામાં આવ્યા હતા. નૌસેનામાં 2018થી 2021 દરમિયાન 170 મહિલા અધિકારીઓની ભર્તી થઈ છે.
- વાયુ સેનામાં 28 માર્ચ, 2022 સુધી 15 મહિલા ફાઇટલ પાયલટને કમિશન્ડ કરવામાં આવ્યાં છે. નૌસેનામાં 28 મહિલા અધિકારીઓને જહાજ પર તૈનાત કરવામાં આવ્યાં છે. મહિલા અધિકારીઓને નૌસેના વિમાન, હેલિકોપ્ટર ટ્રાન્સપોર્ટેબલ શિપ્સ પર લડાકુ ભૂમિકામાં પણ તૈનાત કરવામાં આવે છે.
- ભારતીય સેનામાં મિલિટ્રી પોલિસ કોર્પમાં અન્ય રેન્ક માટે મહિલાઓની ભર્તીની જોગવાઈ 2019માં શરૂ કરવામાં આવી. આ યોજના અંતર્ગત તબક્કાવાર રીતે વાર્ષિક 100નાં આધાર પર 1700ની ભર્તી કરવાની છે. વર્ષ 2019-2020ની વેકેન્સી માટે 100 જણની તાલીમ પૂરી થઈ ગઈ છે.





# આર્થિક સશક્તિકરણ...

# મહિલાઓનાં આર્થિક સશક્તિકરણમાં આ યોજનાઓની મદદ

### પ્રધાનમંત્રી મુદ્રા યોજના

**પ્રારંભ** **8 એપ્રિલ, 2015**

## મહિલાઓને મજબૂત કરવામાં મુદ્રા યોજનાની મજબૂત ભાગીદારી

**હેતુ:** *ઉદ્યોગ સાહસિક તરીકે પ્રારંભ કરવા ઇચ્છુક લોકોને આર્થિક મદદ પૂરી પાડવી.*

- વ્યક્તિ અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (એસએમઇ)ને ઉત્પાદન, વેપાર અથવા સેવા ક્ષેત્રમાં આવક સર્જનની પ્રવૃત્તિઓ માટે પીએમ મુદ્રા યોજનામાં શિશુ શ્રેણીમાં 50,000 રૂપિયા સુધી, કિશોર શ્રેણીમાં 50,000 રૂપિયાથી પાંચ લાખ રૂપિયા સુધી અને તરૂણ શ્રેણીમાં પાંચ લાખ રૂપિયાથી 10 લાખ રૂપિયા સુધીની લોન આપતી યોજનામાં સૌથી વધુ લાભાર્થી મહિલાઓ છે.
- માર્ચ 2022 સુધી યોજનામાં 18.60 લાખ કરોડ રૂપિયાની 34.41 કરોડથી વધુ લોન આપવામાં આવી, જેમાં 8.10 લાખ કરોડ રૂપિયા એટલે કે આશરે 68 ટકા રકમની 23.27 કરોડથી વધુ લોન મહિલાઓને આપવામાં આવી છે.

**1.12** **કરોડ વધારાનું રોજગાર સર્જન કરવામાં મદદ મળી મુદ્રા યોજનામાં 2015થી 2018 દરમિયાન, જેમાંથી 68.92 લાખ એટલે કે 62 ટકા મહિલાઓ હતી.**

### મહિલા ઉદ્યોગ સાહસિકોનું આર્થિક સશક્તિકરણ અને મહિલાઓ દ્વારા સ્ટાર્ટઅપ (WED)

**પ્રારંભ** **ઓગસ્ટ, 2018**

## દેશમાં મહિલા ઉદ્યોગ સાહસિકો માટે ઇકો-સિસ્ટમમાં થઈ રહેલો સુધારો

**હેતુ:** *મહિલા સુક્ષ્મ ઉદ્યોગ સાહસિકો માટે પોષણ અને વૃધ્ધિ કાર્યક્રમનું સંચાલન કરવું*

- મહિલાઓનાં નેતૃત્વ ધરાવતા એકમોની માળખાકીય સ્થિતિ સુધારવા માટે જર્મન સરકારનાં સહયોગથી કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય 'મહિલા ઉદ્યોગસાહસિકોનું આર્થિક સશક્તિકરણ અને મહિલા દ્વારા સ્ટાર્ટઅપ' શરૂ કરી રહ્યું છે.
- આ પ્રોજેક્ટમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને 8 પૂર્વોત્તર રાજ્યોમાં વર્તમાન એકમોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.
- 59 લાખ યુરો બજેટનાં આ પ્રોજેક્ટમાં અત્યાર સુધી 725 મહિલા ઉદ્યોગ સાહસિકોને મદદ કરવામાં આવી છે. યોજના ઓગસ્ટ, 2018માં શરૂ થઈ જે જાન્યુઆરી, 2023 સુધી અમલી છે.
- નીતિ વિકાસ, રિસર્ચ અને અન્ય માધ્યમો દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

કર્તવ્યનાં માર્ગે... 8 વર્ષ

2.50 કરોડથી વધુ સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવામાં આવ્યા છે અત્યાર સુધી

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્ક દ્વારા સંચાલિત ફન્ડનાં 10 ટકા એટલે કે રૂ. 1,000 કરોડ મહિલાઓનાં નેતૃત્વ હેઠળનાં સ્ટાર્ટઅપ માટે અનામત

મહિલાઓનાં નેતૃત્વ હેઠળનાં સ્ટાર્ટઅપ માટે ક્ષમતા વિકાસનો કાર્યક્રમ. સ્ટાર્ટઅપ ઈન્ડિયા પોર્ટલ પર પણ મહિલા ઉદ્યોગસાહસિકોને સમર્પિત એક વેબ પેજ છે.

8 ડિસેમ્બર, 2021 સુધી જે 60,000 માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ છે, તેમાં 46 ટકા એટલે કે 27,665 સ્ટાર્ટઅપમાં ઓછામાં ઓછી એક મહિલાને ડિરેક્ટર પદે નિયુક્ત કરવામાં આવી છે.

2016માં શરૂ થયેલી સ્ટેન્ડઅપ ઈન્ડિયાને 2025 સુધી લંબાવવામાં આવી છે. તેમાં બેન્ક શાખાદીઠ ઓછામાં ઓછી એક એસસી કે એસટી અને એક મહિલાને 10 લાખથી એક કરોડ સુધીની લોન મળે છે

સામુદાયિક ભાગીદારીનાં માધ્યમથી મહિલાઓને મજબૂત કરવા માટે મહિલા શક્તિ કેન્દ્ર નવેમ્બર, 2017થી ચલાવવામાં આવી રહ્યા છે.

યોજના

**બેટી બચાઓ, બેટી પઢાઓ**

પ્રારંભ 22 જાન્યુઆરી, 2015

## સેક્સ રેશિયોમાં વધારા સાથે હવે દીકરીઓ બની દેશનું ગૌરવ

*હેતુ: સેક્સ રેશિયોમાં ઘટાડાની સમસ્યા દૂર કરવી અને દીકરીઓનાં શિક્ષણ માટે અનુકૂળ વાતાવરણ સર્જવું.*

પ્રગતિ

- ચાઈલ્ડ સેક્સ રેશિયો દાયકાની વસતિ ગણતરી દરમિયાન ગણવામાં આવે છે. આ ગાળામાં જન્મનાં સમયે સેક્સ રેશિયોની ગણતરી કરવામાં આવે છે.
- ઘટતા ચાઈલ્ડ સેક્સ રેશિયો અને મહિલા સશક્તિકરણ સંબંધિત મુદ્દાઓનાં ઉકેલ માટે શરૂ કરવામાં આવેલી યોજનાની અસર અનેક રાજ્યોમાં જોવા મળ્યા, જેનું મોનિટરીંગ કેન્દ્ર, રાજ્ય, જિલ્લા સ્તર પર ટાસ્ક ફોર્સ કરે છે.
- નવેમ્બર 2021માં જારી કરવામાં આવેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે પ્રમાણે દેશમાં પ્રથમ વાર 1000 પુરુષોની સરખામણીમાં 1020 મહિલાઓ છે.

પ્રગતિ

યોજના

**મહિલા ટેકનોલોજી પાર્ક (WTP)**

## ઉદ્યોગ સાહસિકતાને આપવામાં આવી રહેલું પ્રોત્સાહન

*હેતુ: કોઈ ક્ષેત્રમાં મહિલા કેન્દ્રી આજીવિકા પ્રણાલિની સૌથી નબળી કડીમાં સુધારો કરીને મહિલા ઉદ્યોગ સાહસિકતા અને રોજગારને પ્રોત્સાહન આપવું.*

સ્થાનિક સ્તરે આત્મનિર્ભરતા માટે કૌશલ્ય વિકાસ અને ક્ષમતા નિર્માણની તાલીમ આપવામાં આવે છે. આ પાર્કમાં CADનો ઉપયોગ કરીને ડિજિટલ આર્ટ મેકિંગ અને ક્રાફ્ટ ડિઝાઈનિંગ, કૃષિ કચરામાંથી ઈંધણ નિર્માણ, કૃષિ કમ્પ્યુટરાઈઝ્ડ એમ્બ્રોઈડરી સહિત અનેક પ્રકારની તાલીમ આપવામાં આવે છે.

**13** ટેકનોલોજી પાર્ક શરૂ થઈ ચૂક્યા છે દેશભરમાં અત્યાર સુધી અને ચાર પર કામ ચાલુ છે.

યોજના

મિશન શક્તિઃ એકીકૃત મહિલા સશક્તિકરણ કાર્યક્રમ

પ્રારંભ

*15મા નાણા પંચની મુદત 2021-22થી 2025-26*

## મહિલાઓ સુધી યોજનાઓ પહોંચે તે માટે અંતિમ છેડા સુધી ટ્રેકિંગ

*મહિલાઓની સલામતી અને સશક્તિકરણ માટેની યોજનાઓને મજબૂત કરવી*

- મહિલાઓના જીવન ચક્રની સાતત્યતાને અસર કરતાં મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મંત્રાલય, વિભાગ અને શાસનના વિવિધ સ્તરો વચ્ચે તાલમેલ સ્થાપવાની સાથે સાથે વધુ જનભાગીદારી, પંચાયત અને સ્થાનિક શાસનની મદદથી મહિલાનાં નેતૃત્વમાં વિકાસ કરવાના સરકારનાં દ્રષ્ટિકોણને આગળ રાખીને મિશન શક્તિ (અમ્બ્રેલા સ્કીમ) શરૂ કરવામાં આવી છે.
- મિશન શક્તિમાં મિશન સંબલ અને સામર્થ્ય એમ બે પેટા યોજનાઓ છે. સંબલમાં મહિલાઓની સલામતી અને સંરક્ષણન યોજના વન સ્ટોપ સેન્ટર, મહિલા હેલ્પલાઇન, બેટી બચાવો, બેટી પઢાઓ અને મહિલા અદાલતને સામેલ કરવામાં આવી છે. જ્યારે સામર્થ્યમાં ઉજ્જવલા, સ્વાધાર, નોકરિયાત મહિલાઓને હોસ્ટેલ સહિત મહિલા સશક્તિકરણની અનેક યોજનાઓનો સમાવેશ થાય છે. 15મા નાણા પંચની મુદત 2021-2022થી 2025-2026 સુધી 15,761 કરોડ રૂપિયાનાં ખર્ચ સાથે યોજનાના અમલને મંજૂરી આપવામાં આવી છે.

પ્રગતિ

# સશક્તિકરણનો નવો આધાર

- 1 મે, 2016નાં રોજ શરૂ થયેલી ઉજ્જવલા 1.0 અને ઉજ્જવલા 2.0માં 9 કરોડથી વધુ ગેસ જોડાણો આપવામાં આવ્યા છે. રસોડું ધૂમાડામુક્ત બન્યું અને મહિલાઓનાં આરોગ્યમાં સુધારો થયો.
- 55 વર્ષથી વધુ જૂના કાયદામાં ફેરફાર સાથે માતૃત્વ રજા 12 સપ્તાહથી વધારીને 26 સપ્તાહ કરવામાં આવી.
- પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મહિલા અરજકર્તાઓ માટે પ્રાથમિકતા નક્કી કરવામાં આવી.
- સખી વન સ્ટોપ સેન્ટરની શરૂઆત 1 એપ્રિલ, 2015થી થઈ. હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને એક છત નીચે પોલિસ સુવિધા, કાનૂની મદદ અને સલાહ, મેડિકલ સહાય સરળતાથી ઉપલબ્ધ થઈ રહી છે. દેશભરનાં 729 જિલ્લા માટે 733 સેન્ટરને મંજૂરી આપવામાં આવી છે, જેમાં 35 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં 704 સેન્ટર ચાલુ થઈ ચૂક્યા છે. આ કેન્દ્રોમાં 4.93 લાખ મહિલાઓને મદદ પૂરી પાડવામાં આવી છે.
- 1 એપ્રિલ, 2016નાં રોજ શરૂ થયેલી સ્વાધાર ગૃહ યોજનામાં મુશ્કેલીમાં મૂકાયેલી મહિલાઓનું પુનર્વસન કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે ઉત્તરપ્રદેશનાં વૃંદાવનમાં કૃષ્ણા કુટિર ગૃહનું નિર્માણ કર્યું છે. તેની શરૂઆત 31 ઓગસ્ટ, 2018નાં રોજ કરવામાં આવી. દેશમાં વિધવાઓ માટેનું આ સૌથી મોટું આશ્રય સ્થાન છે.
- રાષ્ટ્રીય આજીવિકા મિશન અંતર્ગત 2014 પહેલાંનાં પાંચ વર્ષમાં જેટલી મદદ કરવામાં આવી, તેનાથી લગભગ 13 ગણો વધારો કરવામાં આવ્યો. દરેક સ્વ સહાય જૂથને પહેલાં 10 લાખ રૂપિયા સુધીનું ધિરાણ ગેરન્ટી વગર મળતું હતું, હવે આ મર્યાદા બમણી એટલે કે રૂ. 20 લાખ થઈ ગઈ છે.



## ઉદ્યોગ-વાણિજ્ય-અર્થતંત્ર

# વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામતું અર્થતંત્ર

**8 વર્ષ પહેલાં નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રીથી ભારતના વડાપ્રધાનપદે આરૂઢ થયા ત્યારે ભારતનું અર્થતંત્ર કપરી સ્થિતિમાં હતું. ઉદ્યોગ-ધંધા સ્થિર થઈ ગયા હતા, રોકાણ ઘટી રહ્યું હતું અને કાયદાઓની ગૂંચ જેવી અનેક સમસ્યાઓ હતી. વડાપ્રધાન મોદીએ સુધારાનો રસ્તો પસંદ કર્યો. આ માટે પહેલાં અર્થતંત્રમાં માળખાગત સુધારા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા. પછી ઉદ્યોગ-ધંધા અને રોકાણ માટેનું વાતાવરણ સુધારવામાં આવ્યું. ટેક્સ કલેક્શન સિસ્ટમમાં સુધારો થયો. કોવિડનાં પડકાર વચ્ચે આત્મનિર્ભર ભારત અભિયાન દ્વારા આયાત ઘટાડીને આવશ્યક ચીજો ભારતમાં જ બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો, તો નિકાસ વધારવા માટે પણ ખાસ પગલાં લેવામાં આવ્યા. નેશનલ મોનેટાઇઝેશન પાઈપલાઈન યોજના દ્વારા હવે 2025 સુધી છ લાખ કરોડ રૂપિયાની આવકથી અર્થતંત્રને નવી ગતિ મળશે...**

### જીએસટીઃ એક રાષ્ટ્ર, એક કરની શરૂઆત

વેટનાં દર નક્કી કરવાની સત્તા રાજ્યો પાસે હતી. એવું જોવામાં આવ્યું કે રોકાણકારોને આકર્ષવા માટે વિવિધ રાજ્યો ઘણી વાર આ દરને ઘટાડી દેતાં હતાં. તેનાંથી કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેને આવકમાં નુકસાન જતું હતું. આ બાબતને ધ્યાનમાં રાખતા વર્ષ 2017માં જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) ને લાગુ કરવામાં આવ્યો. હવે દેશભરમાં ટેક્સનાં દર અને પ્રક્રિયામાં સમાનતા છે.

**4%**

સુધી બચત થઈ ઘરેલુ માસિક ખર્ચમાં જીએસટી લાગુ થયા પછી


**1,67,540**

કરોડ રૂપિયા જીએસટી વસૂલાત એપ્રિલ 2022માં. આ અત્યાર સુધીનો વિક્રમ છે.

### સુધારાની નવી પહેલ

**કંપની (એમેન્ડમેન્ટ) એક્ટઃ** 2017માં કંપની એક્ટમાં સુધારો કરીને નાની કંપનીઓને રાહત આપવામાં આવી હતી. 2013માં એક્ટમાં 16 ટેકનિકલ ખામીઓને ડિક્રિમીનલાઈઝ્ડ કરીને તેને દિવાની (સિવિલ) ખામી ગણવામાં આવી. તેનો હેતુ કંપનીના ડિરેક્ટર્સને વધુ જવાબદાર અને જવાબદેહ બનાવીને કોર્પોરેટ ગવર્નન્સમાં સુધારો કરવાનો છે.

**ઈન્સોલ્વન્સી બેન્કરપ્સી કોડઃ** ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ 2016 બનાવવામાં આવ્યો. તેનાથી 'ઋણધારક' (ડેટર્સ)ના નિયંત્રણની વર્તમાન વ્યવસ્થાને બદલે 'ઋણ આપનાર' (ક્રેડિટર્સ)ને અંકુશ મળ્યો. આનાથી, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની સ્થિતિ સુધરી અને એનપીએમાં પણ ઘટાડો થયો. સંસદે તાજેતરમાં જરૂરી સુધારાને મંજૂરી આપી હતી.



**9.5**

*કરોડ રૂપિયાની જીડીપી તૈયાર થાય છે માત્ર એક મિનિટમાં*

**2014માં ભારતની જીડીપી 1.10 લાખ કરોડ રૂપિયા હતી, હવે તે 2.30 લાખ કરોડ થઈ છે.**

**કોર્પોરેટ ટેક્સઃ કંપનીઓ પર ઓછો કર બોજ..** પહેલાં સ્થાનિક કંપનીઓએ 30 ટકા કોર્પોરેટ ટેક્સ આપવો પડતો હતો. અને સરચાર્જ અલગ. હવે તેને ઘટાડીને 22 ટકા કરવામાં આવ્યો છે. સરચાર્જ અને સેસ સાથે અસરકારક દર 25.17 ટકા છે. આ પહેલાં ભારતમાં કોર્પોરેટ ટેક્સનો અસરકારક દર વિશ્વમાં સૌથી વધુ હતો.

**કાયદાના બોજમાંથી મુક્તિ, સિંગલ વિન્ડો ક્લિયરન્સઃ** બિનજરૂરી કાયદાઓ જીવનની સાથે સાથે વેપારી હરીફાઈ પર પણ બિનજરૂરી ભાર નાખે છે. વેપાર સાથે સંકળાયેલા આવા 2875 કાયદા કે અવરોધોની ઓળખ કરવામાં આવી. આમાંથી 2007ને નાબૂદ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, સિંગલ વિન્ડો ક્લિયરન્સની સાથે જરૂરી મંજૂરીઓની સમયમર્યાદામાં પણ ઘટાડો થયો છે. ફેસલેસ એસેસમેન્ટ, કર સુધારા

**કર સુધારાની દિશામાં મહત્વનાં પગલાં લેવામાં આવ્યા છે.** પ્રામાણિક કરદાતાઓનાં સન્માનની સાથે ફેસલેસ એસેસમેન્ટની વ્યવસ્થા શરૂ કરવામાં આવી. તેને પરિણામે, વર્ષ 2021-22માં વ્યક્તિગત કર વસૂલાત 48 ટકા અને કોર્પોરેટ કર વસૂલાત 41 ટકા વધી છે. કર વસૂલાત 27.07 લાખ કરોડ હતી, જે લક્ષ્ય કરતાં પાંચ લાખ કરોડ રૂપિયા વધુ છે.

## ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ

આ ઈન્ડેક્સ વિશ્વ બેન્ક બહાર પાડે છે. તેમાં વિવિધ માપદંડો હોય છે. તમામ માપદંડોને ભેગાં કરીને એ જોવામાં આવે છે કે બિઝનેસ કરવામાં લોકોને કેટલી સરળતા છે. બિઝનેસ કરવામાં કયાં અવરોધો આવે છે એ પણ જોવામાં આવે છે.




**સરકારનું લક્ષ્ય ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ યાદીમાં ટોચનાં 50 દેશોમાં ભારતને સ્થાન અપાવવાનું છે.**

## ઊભરતા બજારોની યાદીમાં ભારત સતત ત્રીજા મહિને ટોચ પર

મજબૂત નિકાસ અને સારી ઉત્પાદન પ્રવૃત્તિને કારણે ભારત જાન્યુઆરી, 2022માં સતત ત્રીજા મહિને ઊભરતા બજારોની યાદીમાં ટોચ પર છે. મિન્ટ ઇમર્જિંગ માર્કેટ ટ્રેકર પ્રમાણે કોરોના મહામારીનાં ઓમિક્રોન વેરિયેન્ટ છતાં જાન્યુઆરીમાં ભારતમાં મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ એક્ટિવિટી સેક્ટરમાં વિસ્તરણ થયું છે અને નવા કામ અને ઉત્પાદનમાં વધારો થયો છે.

**2017માં નેશનલ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઇમ્પ્લિમેન્ટેશન ટ્રસ્ટ, 2017ની સ્થાપના સાથે દિલ્હી-મુંબઈ, અમૃતસર-કોલકાતા, ચેન્નાઈ-બેંગલુરુ, વાઇઝેગ-ચેન્નાઈ અને બેંગલુરુ-મુંબઈ ઇકોનોમિક કોરિડોરનું બાંધકામ શરૂ થયું. આ ઉપરાંત, ઉત્તરપ્રદેશ અને તામિલનાડુમાં સંરક્ષણ સામગ્રીનાં ઉત્પાદન માટે બે ડિફેન્સ કોરિડોરને પણ મંજૂરી આપવામાં આવી છે.**

**એમએસએમઈ પર વિશેષ ધ્યાનઃ** ભારતની જીડીપીમાં 29 ટકા પ્રદાન સાથે 11 કરોડથી વધુ લોકોને રોજગાર આપનાર સુક્ષ્મ, લઘુ અને કુટિર ઉદ્યોગ સેક્ટર માટે પ્રથમ વાર કોઈ સરકારે એવાં પગલાં લીધાં છે, જેનાં પર ચાલીને આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થઈ રહ્યું છે. કોરોના કાળમાં સૌથી વધુ અસરગ્રસ્ત આ ક્ષેત્રની વ્યાખ્યા નવેસરથી નક્કી કરવામાં આવી. આત્મનિર્ભર ભારત પેકેજમાં પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુની છ જોગવાઈ કરવામાં આવી. એમએસએમઈ સાથે સંકળાયેલા કેસોનાં 72 કલાકમાં નિકાલ માટે ચેમ્પિયન્સ પોર્ટલની શરૂઆત કરવામાં આવી.

**એક જિલ્લા-એક ઉત્પાદનઃ** એક જિલ્લા-એક ઉત્પાદન યોજના દ્વારા ચોક્કસ પ્રોડક્ટ માટે જાણીતા હોય તેવા જિલ્લાની ઓળખ કરવામાં આવી. અહીં તેનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે તમામ જરૂરી મદદ પૂરી પાડવામાં આવે છે. અત્યાર સુધી 103 જિલ્લામાંથી 106 પ્રોડક્ટ્સ નક્કી કરવામાં આવી છે. 739 જિલ્લામાંથી 739થી વધુ પ્રોડક્ટ્સની યાદી તૈયાર કરવામાં આવશે.

## વિશ્વનું સૌથી ઝડપી અર્થતંત્ર

**ઓક્ટોબર-ડિસેમ્બર 2021 ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ દર 5.4 ટકા હતો, જે વિશ્વનાં દરેક દેશ કરતાં વધુ છે. સરકારે 2022-2023 માટે પ્રથમ એડવાન્સ એસ્ટિમેટ 9.2 ટકા મૂક્યો છે. 2014માં ભારતની જીડીપી વિશ્વમાં 10મા ક્રમે હતી, 2021માં તે છઠ્ઠા ક્રમે હતી, ભારત વર્ષ 2030 સુધી જાપાનને પાછળ મૂકીને એશિયાનું બીજું મોટું અર્થતંત્ર બની શકે છે.**






# ઔદ્યોગિક ક્રાંતિ-4.0ની તૈયારી

## ઉદ્યોગો માટે પીએલઆઇ જેવી યોજના પ્રથમ વાર



આત્મનિર્ભર બનવાના વિઝનને ધ્યાનમાં રાખીને ભારતની ઉત્પાદન ક્ષમતા અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે નાણાકીય વર્ષ 2021-22માં ઉત્પાદનના 13 ટોચનાં સેક્ટર્સ માટે પીએલઆઇ યોજનામાં 1.97 લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી, જ્યારે ડ્રોનનાં ઉપકરણો માટે પીએલઆઇ યોજનાને કેબિનેટે સપ્ટેમ્બર, 2021માં મંજૂરી આપી. સામાન્ય બજેટમાં, તેનો ઉલ્લેખ કરતા નાણા મંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું કે આત્મનિર્ભર ભારતના દ્રષ્ટિકોણને હાંસલ કરવા માટે 14 સેક્ટર્સ સાથે સંકળાયેલી પ્રોત્સાહન યોજનાને પ્રચંડ પ્રતિસાદ મળ્યો છે. તેમાં 60 લાખ નવાં રોજગાર સર્જન કરવાની ક્ષમતા છે. આગામી પાંચ વર્ષોમાં 30 લાખ કરોડ રૂપિયાની વધારાની ઉત્પાદન ક્ષમતા છે.

# પ્રગતિનાં નવા શિખર પર

### વિક્રમ નિકાસ, આંકડો 418 અબજ અમેરિકન ડોલરને પાર


ભારતે નાણાકીય વર્ષ 2021-22માં વાણિજ્યિક વસ્તુઓની નિકાસમાં નવો રેકોર્ડ નોંધાવ્યો છે. એક વર્ષ દરમિયાન 418 અબજ અમેરિકન ડોલરની નિકાસ થઈ છે.

### મોબાઈલ ઉત્પાદનમાં બીજો નંબર

2014-15માં મોબાઈલ ફોનનું ઉત્પાદન 6 કરોડ અને રૂ. 19,000 કરોડનું મૂલ્ય હતું, જે 2020-21માં વધીને 30 કરોડ સેટ અને 2.20 લાખ કરોડ મૂલ્ય થઈ ગયું. 2014માં સેલ્યુલર ફોન અને ઉપકરણોનાં નિર્માણની બે ફેક્ટરીઓ હતી, જે 2021માં વધીને 200 થઈ ગઈ.

### વિદેશી હૂંડિયામણની અનામતો વધી

નવેમ્બર 2021 સુધી ચીન, જાપાન અને સ્વિત્ઝર્લેન્ડ બાદ ભારત વિશ્વનો ચોથો સૌથી વધુ વિદેશી હૂંડિયામણ ધરાવતો દેશ બની ગયો




### વૈશ્વિક સમુદાયનો વધતો વિશ્વાસ-વિક્રમ એફડીઆઇ

2014 બાદ રેલ ઈન્ફ્રા, ડિફેન્સ, ડિવાઇસ, કન્સ્ટ્રક્શન ડેવ. જેવા સેક્ટર્સને વિદેશી રોકાણ માટે ખોલવામાં આવ્યા. બ્રોડકાસ્ટિંગ, રિટેલ ટ્રેડિંગ, એર ટ્રાન્સપોર્ટ, વીમો અને પેન્શન જેવા સેક્ટર્સમાં એફડીઆઇનાં નિયમ સરળ કરવામાં આવ્યા છે. સંરક્ષણ ક્ષેત્રમાં 74 ટકા વિદેશી રોકાણને મંજૂરી બાદ, એફડીઆઇ પ્રવાહ વધીને નવા વિક્રમ સ્તરે પહોંચી ગયો છે. ભારતમાં 20-21માં 81.97 અબજૌલરનો અત્યાર સુધીનો સૌથી વધુ એફડીઆઇ પ્રવાહ આવ્યો. ભારત ટોચનાં પાંચ સીધા વિદેશી રોકાણ હાંસલ કરનાર દેશમાં સ્થાન પામે છે. મે, 2014થી માર્ચ 2022 સુધી 500.5 અબજ ડોલરથી વધુનું વિદેશી રોકાણ આવ્યું છે, જે 2004-14નાં એફડીઆઇ કરતા 65 ટકા વધુ છે.

---

**8 વર્ષ કર્તવ્યનાં માર્ગે...**

**ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ**
10,900 કરોડ રૂપિયાની જોગવાઈ
2.5 લાખ રોજગારની તકો

**આઇટી હાર્ડવેર**
7,350 કરોડ રૂપિયાની જોગવાઈ, 14 કંપનીઓને મંજૂરી મળી
1.8 લાખ રોજગારની તકો

**એસી, એલઈડી બલ્બ**
6,238 કરોડ રૂપિયાની જોગવાઈ
4 લાખ રોજગારની તક

**ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ**
15,000 કરોડ રૂપિયાની જોગવાઈ
4 લાખ રોજગારની તકો।
21 અરજીઓ મંજૂર અને છ પ્રોજેક્ટ શરૂ થઈ ગયા છે

**ફાર્માસ્યુટિકલ એપીઆઈ (દવાઓનો કાચો માલ)**
6,940 કરોડ રૂપિયાની જોગવાઈ
જથ્થાબંધ દવા માટે 49 અરજીઓ મંજૂર અને 8 પ્રોજેક્ટ શરૂ

**ટેલિકોમ ઉત્પાદન**
12,195 કરોડ રૂપિયાની જોગવાઈ
40 હજાર રોજગારની તકો

**સોલર પીવી મોડ્યુલ્સ**
45,00 કરોડ રૂપિયાની જોગવાઈ
1.5 લાખ રોજગારની તકો

**ઈલેક્ટ્રોનિક ઉત્પાદન**
40,951 કરોડ રૂપિયાની જોગવાઈ
2.5 લાખ રોજગારની તકો

**મેડિકલ ઉપકરણ**
3,420 કરોડ રૂપિયાની જોગવાઈ
2.5 લાખ રોજગારની તકો

**ઓટોમોબાઈલ કોમ્પોનન્ટ**
42,500 કરોડ રૂપિયાની જોગવાઈ
7.5 લાખ રોજગારની તકો

**ડ્રોન અને તેને સંબંધિત પ્રોડક્ટ્સ**
3 વર્ષમાં 120 કરોડ રૂપિયાની જોગવાઈ. 10,000ને રોજગારની તકો અને 900 કરોડનો બિઝનેસ

**ટેક્સટાઈલ**
10,683 કરોડ રૂપિયાની જોગવાઈ
7.5 લાખ રોજગારની તકો

**સ્પેશ્યાલિટી સ્ટીલ**
6,322 કરોડ રૂપિયાની જોગવાઈ
5.25 લાખ રોજગારની તકો

**એડવાન્સ કેમિસ્ટ્રી સેલ**
18,100 કરોડ રૂપિયાની જોગવાઈ
50 ગિગાવોટ પ્રતિ કલાકની ઉત્પાદન ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્ય



# યુવા સપનાનું ભારત

**યુવાનો ભવિષ્યનાં રાષ્ટ્ર નિર્માતા હોય છે અને એટલાં માટે ભારત વિશેષ સ્થાન ધરાવે છે કારણ કે દેશમાં 65 ટકા લોકોની ઉંમર 35 વર્ષથી ઓછી છે. યુવાનો અને વિદ્યાર્થીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવા સરકારે અનેક મહત્વનાં નિર્ણયો લીધાં છે, જેમાં ગુણવત્તાપૂર્વક શિક્ષણનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, યુવાનોનાં કૌશલ્ય વિકાસ પર પણ ખાસ ભાર મૂકીને ભારતનાં ભવિષ્યનો પાયો મજબૂત કરવામાં આવી રહ્યો છે...**

યોજના

પ્રારંભઃ 16 જાન્યુઆરી, 2016

### સ્ટાર્ટઅપ ઈન્ડિયા

## યુવાનો માટે વરદાન સાબિત થતી સ્ટાર્ટઅપ ઇન્ડિયા

**હેતુઃ** *ઈનોવેશનની ઈકો સિસ્ટમનું નિર્માણ*

**46મો રેન્ક છે ભારતનો 2021માં ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સમાં. 2014માં 76મો રેન્ક હતો.**

### પ્રગતિ

દેશમાં હાલમાં 68,000થી વધુ સ્ટાર્ટઅપ છે. સ્ટાર્ટઅપે વર્ષ 2016થી લઈને અત્યાર સુધી 6 લાખથી વધુ રોજગાર સર્જન કર્યું છે. 45 ટકાથી વધુ સ્ટાર્ટઅપ શ્રેણી-2 અને શ્રેણી-3 શહેરોમાંથી છે અને તેમાંથી 45 ટકાનું પ્રતિનિધિત્વ મહિલા ઉદ્યોગ સાહસિકો કરે છે.

**44**

**થી વધુ યુનિકોર્ન જોડવામાં આવ્યા છે વર્ષ 2021 દરમિયાન. એપ્રિલ 2022 સુધી 15 યુનિકોર્નનો ઉમેરો થયો. દેશમાં હવે 100 યુનિકોર્ન છે.**

યોજના

## સ્ટેન્ડ અપ ઇન્ડિયા

પ્રારંભ 5 એપ્રિલ, 2016

### સ્ટેન્ડ અપ ઇન્ડિયાથી રોજગાર સર્જનને મજબૂતી

**હેતુ:** *આર્થિક સશક્તિકરણ અને રોજગાર સર્જનની સાથે મહિલાઓ અને અનુસૂચિત જાતિ-જનજાતિના સમુદાયોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવું.*

## પ્રગતિ

યોજનાના પ્રારંભ બાદ 21 માર્ચ 2022 સુધી સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજના અંતર્ગત 1,33,995 ખાતામાં 30,160 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિનાં લોકોનાં 19,310 ખાતા માટે રૂ. 3976.84 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. એસટીના 6435 ખાતામાં 1373.71 કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. 2019-20માં સ્ટેન્ડ અપ ઇન્ડિયા યોજનાને 15મા નાણા પંચની સંપૂર્ણ મુદત એટલે કે 2020-2025 સુધી લંબાવવામાં આવી છે.

યોજના

## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

પ્રારંભ 2020

### નવી શિક્ષણ નીતિથી શિક્ષણનાં તમામ સ્તરો પર બધાંની એક સમાન પહોંચ સુનિશ્ચિત થઈ

**હેતુ:** *શિક્ષણનાં તમામ સ્તરો પર બધાંની એક સમાન પહોંચ સુનિશ્ચિત કરવી.*

## પ્રગતિ

નવી શિક્ષણ નીતિ અંતર્ગત શાળાઓ અને કોલેજોમાં ભણાવવાની નીતિ ઘડવામાં આવે છે. એનઈપી 2020 ભારતનાં યુવાનોને ભવિષ્ય માટે તૈયાર કરશે અને તેનું લક્ષ્ય ભારતને વિશ્વનાં સૌથી મોટા કુશળ કાર્યબળમાં બદલવાનું છે. ત્યાં સુધી કે મધ્યમ સ્તરનાં વિદ્યાર્થીઓને પણ સુથારીકામ, વીજળી રિપેરિંગ, ગાર્ડનિંગ, માટીકામ, એમ્બ્રોઇડરી સહિતનાં કૌશલ્યમાં વ્યાવસાયિક તાલીમ આપવામાં આવશે. નીતિ અંતર્ગત 2025 સુધી ઓછામાં ઓછા 50 ટકા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્ય પ્રદાન કરવાનો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો છે.

યોજના

## સ્કિલ ઇન્ડિયા મિશન

પ્રારંભ 15 જુલાઈ, 2015

### સ્કિલિંગ, રિસ્કિલિંગ અને અપસ્કિલિંગને નવી ગતિ મળી

**હેતુ:** *સ્કિલિંગ, રિસ્કિલિંગ અને અપસ્કિલિંગ માટે વિશાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ. આ ઉપરાંત, રોજગારીની તકો વધારવી.*

પ્રગતિ

આ યોજના અંતર્ગત 25 એપ્રિલ, 2022 સુધી 1,42,49,631 વ્યક્તિઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. 46 લાખથી વધુ મહિલા અને દિવ્યાંગજનોને કૌશલ્ય તાલીમ આપવામાં આવી છે. જાન્યુઆરી 2021થી પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાનાં ત્રીજા તબક્કાની શરૂઆત થઈ છે. કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત 75 રેલવે તાલીમ સંસ્થાઓમાં તાલીમ આપવામાં આવી રહી છે.

**1,35,40,509**

*લોકોએ તાલીમ મેળવી લીધી છે અત્યાર સુધી અને 1,08,40,911 સર્ટિફાઇડ છે. આ તાલીમબધ્ધ યુવાનોમાંથી 56 ટકાનું પ્લેસમેન્ટ થઈ ગયું છે.*

યોજના

પ્રારંભ 29 સપ્ટેમ્બર, 2021

## પીએમ પોષણ યોજના

### પીએમ પોષણ યોજના વિદ્યાર્થીઓને પોષણ

**હેતુ:** *સરકારી, સરકારી અનુદાન મેળવતી શાળાઓમાં ધોરણ એકથી આઠમાં ભણતા તમામ વિદ્યાર્થીઓને પોષણયુક્ત ભોજન પૂરું પાડવું.*

આ યોજનામાં દેશભરનાં 11.20 લાખ શાળામાં ભણતા લગભગ 11.80 કરોડ બાળકોનો સમાવેશ થાય છે. પીએમ પોષણ યોજના અંતર્ગત નર્સરીથી માંડીને આઠમા ધોરણ સુધીનાં વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવે છે. હવે તેમાં પોષણયુક્ત ફોર્ટિફાઇડ ચોખા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

**130794.90**

કરોડ રૂપિયાનું કુલ બજેટ છે પીએમ પોષણ યોજનાનું

યોજના

અટલ ઇનોવેશન મિશન

પ્રારંભ ઓક્ટોબર 2021

## અટલ ઇનોવેશન મિશનથી પ્રાદેશિક ભાષાઓમાં ઇનોવેશનને પ્રોત્સાહન

**હેતુઃ** *શાળા, યુનિવર્સિટી, રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (એમએસએમઇ)નાં સ્તર પર દેશભરમાં ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની ઇકો-સિસ્ટમ બનાવવી અને તેને પ્રોત્સાહન આપવું.*

પ્રગતિ

- 26 એપ્રિલ, 2022 સુધી દેશમાં અટલ ટિન્કરીંગ લેબની સંખ્યા 9,500થી વધુ છે. આ ઉપરાંત, 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં 722 જિલ્લામાં તે ફેલાયેલી છે.
- ભારત સીડ ફન્ડનાં માધ્યમથી 300 ઇન્ક્યુબેટર દ્વારા 3600 ઉદ્યોગ સાહસિકોને મદદ કરવામાં આવી છે.
- કેન્દ્રીય મંત્રીમંડળે તાજેતરમાં જ અટલ ઇનોવેશન મિશનને માર્ચ 2023 સુધી ચાલુ રાખવા મંજૂરી આપી છે.
- આ મિશન અંતર્ગત સેન્ટરોની સ્થાપના અને લાભાર્થીઓને મદદ કરવા માટે 2,000 કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવશે.

## યુનિવર્સિટી




## ખેલો ઇન્ડિયાઃ રમત-ખેલાડીઓનાં વિકાસનો રાષ્ટ્રીય કાર્યક્રમ

પ્રારંભઃ 26 એપ્રિલ, 2016

હેતુઃ ખેલાડીઓની પ્રતિભાઓ ઓળખીને નાણાકીય સહાય આપવી અને તેમનો વિકાસ કરવો.

પ્રગતિઃ ખેલો ઇન્ડિયા યોજના દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક ખેલાડી બહાર આવ્યા છે અને આજે સફળતાનાં શિખરો પર છે. આ યોજનાથી ગ્રાસ રૂટ લેવલથી ઉપર સુધી એક ઇકો સિસ્ટમ તૈયાર થઈ છે અને સફળતાપૂર્વક પ્રતિભાઓને શોધવા અને તૈયાર કરવાની સાથે તેમને ઓલિમ્પિકના પોડિયમ સુધી પહોંચાડવામાં સૌથી મહત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે. રમતગમતનાં મેદાનોનાં વિકાસ અંતર્ગત દેશમાં 2008થી 2014 સુધી 38 સ્પોર્ટ્સ સુવિધા હતી, જ્યારે 2014થી 2020 વચ્ચે તેની સંખ્યા 360 થઈ ગઈ છે. બીજી બાજુ, કોચિંગમાં સુધારા અંતર્ગત 14,956 કોચને પાયાના સ્તરે પ્રતિભા પસંદ કરવા તાલીમ આપવામાં આવી. વર્ષ 2024 સુધી રમતગમત માટે 25 એક્સલન્સ સેન્ટર, 100 નેશનલ એકેડમી ઓફ એક્સલન્સ અને 1000 ખેલો ઇન્ડિયા કેન્દ્ર દેશભરમાં જિલ્લા સ્તર પર સ્થાપવામાં આવશે.

યોજના

પ્રારંભ 5 સપ્ટેમ્બર, 2017

દીક્ષા

## બાળકોને શિક્ષણ અને શિક્ષકોને ઓનલાઇન તાલીમ મળી રહી છે

**હેતુઃ** *બાળકોનાં ઓનલાઈન અભ્યાસની સાથે સાથે શિક્ષકોને ઓનલાઇન તાલીમ આપવા માટે દીક્ષા પોર્ટલ શરૂ કરવામાં આવ્યું*

## પ્રગતિ

દીક્ષા પર અનેક ભાષાઓમાં 12મા ધોરણ સુધીની તમામ અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ છે. દીક્ષાને 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ અપનાવ્યું છે. સીબીએસઇ અને એનસીઇઆરટી ઉપરાંત કરોડો વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેનો ઉપયોગ કરે છે.

### ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પણ વધારો



## રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી

મે 2018માં રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીની શરૂઆત કરવામાં આવી. ભારતમાં યોજાતી જેઇઇ, નીટ, નેટ સહિતની પ્રવેશ પરીક્ષાઓ હવે આ એજન્સી દ્વારા લેવામાં આવશે. આશરે 60 લાખ પરીક્ષાર્થીઓ દર વર્ષે વિવિધ સંસ્થાઓની પરીક્ષાઓમાં બેસે છે.

## SWAYAM

સ્ટડી વેબ્સ ઓફ એક્ટિવ લર્નિંગ ફોર યંગ એસ્પાયરિંગ માઇન્ડ્સ (SWAYAM) એકીકૃત મંચ છે, જે સ્કુલ (ધોરણ 9થી 12)થી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી ઓનલાઇન અભ્યાસક્રમ પૂરો પાડે છે. 19 એપ્રિલ, 2022 સુધી રજીસ્ટર્ડ યુઝર્સની સંખ્યા 2,71,90,053 છે.

## સ્વયંપ્રભા

સમગ્ર દેશમાં ચોવીસ કલાક ડાયરેક્ટ ટુ હોમ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી 34 ચેનલનું પ્રસારણ કરતી આ પહેલ છે. તેનો હેતુ એવા અંતરિયાળ વિસ્તારો સુધી શિક્ષણ પૂરું પાડવાનો છે જ્યાં હજુ પણ ઇન્ટરનેટની સુવિધા પહોંચી નથી.

## ડિજિટલ લાઇબ્રેરી

ભારતની રાષ્ટ્રીય ડિજિટલ લાઇબ્રેરી સિંગલ વિન્ડો સર્ચ / બ્રાઉઝ ફેસિલિટી હેઠળ અભ્યાસ સંસાધનોની વર્ચ્યુઅલ રિપોઝીટરી વિક્સાવવાનો પ્રોજેક્ટ છે. 19 જૂન, 2018નાં રોજ રાષ્ટ્રીય વાંચન દિવસનાં પ્રસંગે નેશનલ ડિજિટલ લાઇબ્રેરી ઓફ ઇન્ડિયા લોંચ કરવામાં આવી હતી.

## ડિજિટલ યુનિવર્સિટી

તમામને વિશ્વ કક્ષાનું ઊચ્ચ શિક્ષણ સુલભ થાય તે માટે 2022નાં કેન્દ્રીય બજેટમાં ડિજિટલ યુનિવર્સિટીની જાહેરાત કરવામાં આવી હતી. આનાથી, ગુણવત્તાસભર ઉચ્ચ શિક્ષણનો પ્રસાર થશે, જે ખાસ કરીને ગ્રામીણ, અંતરિયાળ અને આદિવાસી વિસ્તારો માટે લાભકર્તા નીવડશે.

## નિષ્ઠા

નિષ્ઠા હેડમાસ્ટર અને શિક્ષકોની પ્રગતિ માટેની રાષ્ટ્રીય પહેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રને મજબૂત કરવા માટે નિષ્ઠા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેનો હેતુ દેશનાં શિક્ષકોને તાલીમ પૂરી પાડવાનો છે.

## રાષ્ટ્રીય ભર્તી એજન્સી

કેન્દ્ર સરકારની નોકરીઓની ભર્તી પ્રક્રિયામાં પરિવર્તનકારી સુધારો લાવવા માટે રાષ્ટ્રીય ભર્તી એજન્સીની રચનાને મંજૂરી આપવામાં આવી છે. સરકારી નોકરીના ઇચ્છુક તમામ ઉમેદવાર રાષ્ટ્રીય ભર્તી એજન્સી દ્વારા આયોજિત કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટમાં માત્ર એક વાર જ ભાગ લઈ શકશે.

## દસ્તાવેજોનું સેલ્ફ સર્ટિફિકેશન

'મિનિમમ ગવર્મેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ'નું પાલન કરતા ભારત સરકારે દસ્તાવેજોનાં સેલ્ફ-સર્ટિફિકેશનની પ્રક્રિયા શરૂ કરી. જૂન, 2016થી ભર્તી એજન્સીઓ ઉમેદવારો દ્વારા સ્વ-પ્રમાણિત દસ્તાવેજોને જમા કરવાના આધારે પ્રોવિઝનલ એપોઇન્ટમેન્ટ લેટર જારી કરે છે.

યોજના

પ્રારંભ 07 ઓગસ્ટ, 2016

### પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના

## રોજગાર પ્રોત્સાહન યોજનાથી આત્મનિર્ભરતા તરફ

*હેતુઃ એમ્પ્લોયર્સને પ્રોત્સાહિત અને નવાં રોજગારની તકો પૂરી પાડવી*

### પ્રગતિ

આ યોજના અંગે જાગૃતિ ફેલાવવા માટે વિવિધ અભિયાનો ચલાવવામાં આવી રહ્યા છે, જેથી વધુને વધુ નાગરિકો આ યોજનાનો લાભ લઈ શકે. તેમાં ભારત સરકાર નવા રોજગાર માટે એમ્પ્લોયર્સને ઇપીએફ ફાળાની 8.33 ટકા ચૂકવણી કરે છે.

**1.21**

કરોડ લાભાર્થીઓને લાભ મળી રહ્યો છે 27 નવેમ્બર 2021 સુધી, 1.53 લાખ કંપનીઓ દ્વારા

નેશનલ કેરિયર સર્વિસ

પ્રારંભઃ 20 જુલાઈ, 2015

યોજના

# નેશનલ કેરિયર સર્વિસ પર રોજગારની અનેક તકો, યુવાનોનાં સપનાં સાકાર થઈ રહ્યાં છે

**હેતુઃ** *રોજગાર શોધવામાં મદદ કરવી*

- એનસીએસ પ્રોજેક્ટ અંતર્ગત એનસીએસ પોર્ટલ પર અત્યાર સુધી 94 લાખથી વધુ વેકેન્સી જારી કરવામાં આવી છે.
- આ ઉપરાંત, બે લાખથી વધુ નોકરીવાંચ્છુઓને એનસીએસ પ્રોજેક્ટ અંતર્ગત આયોજિત રોજગાર મેળા દ્વારા રોજગાર પ્રાપ્ત થયાં છે.
- કન્સલ્ટન્સીનાં હેતુથી એનસીએસ પોર્ટલ પર 3600થી વધુ વ્યવસાય માટે કારકિર્દી સામગ્રી ઉપલબ્ધ છે.
- આ માટે https://www. ncs. gov.in પર રજીસ્ટ્રેશન કરાવવું પડે છે, એ પછી દરેક ક્ષેત્રમાં નોકરીની તકો મળે છે. એ સરકારી હોય કે મહિલાઓ માટે નોકરી. વર્ક ફ્રોમ હોમ હોય કે દિવ્યાંગજનો માટે નોકરી.

પ્રગતિ

**લડાખમાં પ્રથમ સેન્ટ્રલ યુનિવર્સિટીનો પ્રારંભ**
**પૂર્વોત્તર રાજ્યોમાં 22 નવી યુનિવર્સિટી ખોલવામાં આવી**
**દેશનાં પ્રથમ ફોરેન્સિક અને રેલ ટ્રાન્સપોર્ટ યુનિવર્સિટીની શરૂઆત**



પ્રારંભ 29 ઓગસ્ટ, 2019

યોજના

ફિટ ઈન્ડિયા મુવમેન્ટ

# ફિટનેસનો ડોઝ, અડધો કલાક રોજ

**હેતુઃ** *લોકોનાં દૈનિક જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓ અને રમતને સામેલ કરવી.*

## પ્રગતિ

18 એપ્રિલ, 2022 સુધી 1013789 શાળાઓમાં ફીટ ઈન્ડિયા અંતર્ગત રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. ફિટ ઈન્ડિયા મુવમેન્ટ તેનાં વિવિધ ફિટનેસ અભિયાન જેમ કે ફિટ ઈન્ડિયા સ્કુલ વીક, ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન, ફિટ ઈન્ડિયા સાઈક્લોથોન અને અન્ય માધ્યમો દ્વારા દેશભરમાં લાખો લોકો સાથે જોડાયેલી છે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં ઉંમરના હિસાબે અલગ અલગ ફિટનેસ પ્રોટોકોલ બનાવવામાં આવ્યાં છે.




## આંતરરાષ્ટ્રીય

# વિશ્વ ગુરુ બની રહેલું ભારત

**"મારો દેશ અમર રહે તેવો ઈરાદો છે. દુનિયા યાદ કરે તો મારા દેશને યાદ કરે, મારા દેશનાં ભવિષ્યને જૂએ, મારા દેશ માટે દુનિયા ગર્વથી કહે, આ એવો દેશ છે જે માનવ કલ્યાણનો માર્ગ દર્શાવી શકે છે. વિશ્વને મુશ્કેલીમાંથી બહાર કાઢવાની શક્તિ આ ધરતીમાં છે." આ વિચારો ધરાવતા સ્વામી વિવેકાનંદના ભારતને વિશ્વ ગુરુ બનાવવાના સ્વપ્નને સાકાર કરી રહ્યા છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી. તેમનાં નેતૃત્વમાં જે વિશ્વનાં દરેક આંતરરાષ્ટ્રીય મંચ પર આત્મવિશ્વાસથી ભરપૂર ભારતની ગુંજ સંભળાઈ રહી છે. કોવિડનાં મુશ્કેલ સમયમાં વિશ્વ ગુરુ ભારતે વિશ્વને સમસ્યાનો સામનો કરવાનું બળ પૂરું પાડ્યું અને પોતાની તાકાત પણ બતાવી.**

વર્ષ 2014માં નરેન્દ્ર મોદીને વિશ્વની સૌથી મોટી લોકશાહીના વડાપ્રધાન તરીકે પસંદ કરવામાં આવ્યા ત્યારે વિશ્વને આતુરતા હતી કે તેમની વિદેશ નીતિ કેવી હશે? પણ તેમણે વિશ્વભરમાં નવાં મિત્રો બનાવવાની સાથે સાથે જૂના મિત્રો સાથે સંબંધોને મજબૂત કરતાં ભારતની વિદેશ નીતિમાં નવો જુસ્સો ઉમેર્યો. 21મી સદીમાં 'ઈન્ડિયા ફર્સ્ટ'ના સિધ્ધાંતોને સર્વોપરી રાખીને તેમણે જે નીતિ અપનાવી તેને 'એક્ટિંગ ઈસ્ટ' અને 'લુકિંગ વેસ્ટ'ની નીતિ તરીકે ઓળખ મળી. વિશ્વ અંગે વડાપ્રધાન મોદીનાં નેતૃત્વ હેઠળની સરકારનું વિઝન આધુનિક છે. એટલે જ જ્યારે કોવિડ મહામારીના સમયમાં 150થી વધુ દેશોની મદદ કરીને ભારતે વિશ્વને કોવિડથી લડવાનો જુસ્સો આપ્યો. ભારત હવે આત્મવિશ્વાસથી ભરપૂર છે. કોવિડ પછી બદલાતા સમયમાં દુનિયા હવે ભારત તરફ આશાની નજરે જોઈ રહી છે. એટલે જ, જી-20થી માંડીને બ્રિક્સ સુધી, ક્વાડથી માંડીને એસસીઓ સમિટ સુધી અને આસિયાનથી માંડીને ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ અને કોપ-26 સુધી, દરેક આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની ગુંજ સંભળાઈ હતી. સંયુક્ત રાષ્ટ્રની સલામતી પરિષદની અધ્યક્ષતા મેળવવાનું ગૌરવ હાંસલ કરનાર ભારતે સાબિત કરી આપ્યું છે કે તે મોટી વૈશ્વિક જવાબદારી નિભાવવા તૈયાર છે. વિશ્વ ગુરુ ભારત હવે પોતાનો રસ્તો જાતે તૈયાર કરવામાં વિશ્વાસ ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન એક એવા ભારતનાં નિર્માણનું છે જે મજબૂત, આધુનિક અને આત્મનિર્ભર હોય, જે વિશ્વ માનવતાને મદદરૂપ હોય.

# વિદેશ નીતિ... ભારતની વિદેશ નીતિએ છેલ્લાં આઠ વર્ષમાં અલગ ઓળખ બનાવી છે....

## વિસ્તારિત પડોશવાદ અને પડોશી પ્રથમ



- દરેક રાષ્ટ્ર માટે એ જરૂરી બની જાય છે કે તે પોતાના મિત્રોની પસંદગી સાવચેતીપૂર્વક કરે એટલું જ નહીં પણ એવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને સંબંધોને જાળવે જેનો વિશ્વભરમાં પ્રભાવ હોય.
- આ વિચાર સાથે પડોશીઓ સાથે સારા સંબધો રાખવા માટે 'પડોશી પ્રથમ' અને દૂરના દેશો સાથે સંબંધોને આયામ આપવાની દિશામાં 'વિસ્તારિત પડોશવાદ' (Extended Neighbourhood)ની નીતિ 2014 બાદ દેશની વિદેશ નીતિનો આધાર બની.
- કેન્દ્ર સરકારનાં નવીન અભિગમને કારણે ભારત પ્રત્યે વિશ્વનો ખચકાટ પણ દૂર થવા લાગ્યો અને કોરોના સમયમાં 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના સાથે ભારત વિશ્વનાં ઉત્તમ નેતૃત્વ તરીકે ઊભર્યું છે.



## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

ભારતની યોગની પ્રાચીન પરંપરાને વૈશ્વિક ઓળખ અપાવી અને વિશ્વએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે માન્યતા આપી.

**177** દેશ જોડાયા હતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં ગયા વર્ષે




## ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ

ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)નો પ્રારંભ સૌર સંસાધન ધરાવતા દેશોની વિશેષ ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે કરવામાં આવી હતી, જેનું નેતૃત્વ ભારત અને ફ્રાન્સ પાસે છે. આ આંતરરાષ્ટ્રીય સંસ્થાનું વડુંમથક ભારતમાં છે. અત્યાર સુધી 103 દેશ તેનાં સભ્યો બની ચૂક્યાં છે.

# સૌથી પહેલાં મદદે દોડી આવતું ભારત

- રશિયા-યુક્રેન યુધ્ધ દરમિયાન દેશનાં 22,000થી વધુ નાગરિકોને હેમખેમ પાછા લાવવા માટે ઓપરેશન ગંગા ચલાવવામાં આવ્યું અને પાકિસ્તાન સહિત વિશ્વનાં અન્ય વિદ્યાર્થીઓને પણ ભારતે બચાવ્યા.
- કોરોના કાળમાં પણ એક જવાબદાર રાષ્ટ્ર હોવાનાં નાતે પોતાના નાગરિકોને લાવવા માટે સફળતાપૂર્વક 'વંદે ભારત મિશન' અને 'ઓપરેશન સમુદ્ર સેતુ' અભિયાન ચલાવ્યું.
- ચીનના વુહાન શહેરથી 647 ભારતીયો સાથે માલ્દિવના સાત નાગરિકોને સલામત કાઢવામાં આવ્યા.
- 2015માં યમનમાંથી ભારતીય નાગરિકોને કાઢવા માટે 'ઓપરેશન રાહત' ચલાવવામાં આવ્યું.
- નેપાળમાં 25 એપ્રિલ, 2015નાં રોજ ભૂકંપ આવ્યો ત્યારે વિશેષ વિમાન દ્વારા રાહત સામગ્રી મોકલી અને 67 મિલિયન ડોલરની મદદ કરી.
- ઇન્ડોનેશિયામાં ભૂકંપ અને સુનામીનો ભોગ બનેલા લોકો માટે ઓપરેશન સમુદ્ર મૈત્રી ચલાવવામાં આવ્યું.
- મોઝામ્બિકમાં 2019માં તોફાન દરમિયાન ભારતે માનવીય સહાયતા અને આપત્તિ સહાય પૂરી પાડી.
- ઈસ્ટર પર ભયાનક આંતકવાદી હૂમલા બાદ શ્રીલંકાનાં પ્રવાસે જનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વિશ્વ નેતા હતા. આ દરમિયાન, શ્રીલંકામાં ભારતની ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવા હવે દેશનાં તમામ 9 પ્રાંતમાં ઉપલબ્ધ છે.



## વેક્સિન મૈત્રી

"सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः" ના મંત્ર સાથે ભારતે કોવિડ જેવી વિપરીત પરિસ્થિતિમાં બે સ્વદેશી રસી તૈયાર કરી એટલું જ નહીં પણ દેશમાં રસીકરણની સાથે વિશ્વનાં 150થી વધુ દેશો સુધી રસી મોકલી. કોરોના કાળમાં દવાઓ અને અન્ય જરૂરિયાતની ચીજો પણ પૂરી પાડી, જેનાં માટે કેટલાંક દેશોએ ભારતને રામાયણના હનુમાનની ઉપમા પણ આપી.



## ક્વાડ 2+2 સંવાદઃ

અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાની સાથે ભારત ક્વાડ જૂથનું મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે. હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં વ્યૂહાત્મક રીતે આ ભાગીદારી ખૂબ મહત્વની છે. અમેરિકા, જાપાન, અને ઓસ્ટ્રેલિયાની સાથે હવે રશિયામાં પણ 2+2 સંવાદનો પ્રારંભ. આ જ રીતે ભારતને 8મી વાર સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનાં કામચલાઉ સભ્ય તરીકે પસંદ કરાયું.

# પાસપોર્ટ

વૈશ્વિક સંબંધોમાં ભારતની છબી બદલાઈ રહી છે તેનું કારણ છે દેશની શાખ વધારવા, સલામતી વધારવાની સાથે સાથે દેશનાં લોકોનાં જીવનને સરળ બનાવવાનો સતત પ્રયાસ. તેનું એક ઉદાહરણ છે- પાસપોર્ટ. પાસપોર્ટ અને વીઝા જેવી સુવિધાઓ. છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશમાં 300થી વધુ નવા પાસપોર્ટ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. વડાપ્રધાન કહે છે, “ભારતના પાસપોર્ટની તાકાત વધી છે. ભારતીય જ્યારે વિશ્વનાં કોઈ પણ દેશમાં જાય છે, ત્યારે હિન્દુસ્તાનનો પાસપોર્ટ બતાવે ત્યારે સામેની વ્યક્તિ હાથ પકડે પછી, જલ્દી છોડતી નથી. હિન્દુસ્તાની પ્રત્યે ગર્વથી જોવામાં આવે છે.” વર્ષ 2014 પહેલાં દેશમાં માત્ર 77 પાસપોર્ટ સેવા કેન્દ્ર ચાલુ હતા, ત્યાં હવે 424 પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા સાથે 521 પાસપોર્ટ સેવા કેન્દ્ર છે. પાસપોર્ટ સેવાનાં નામે ઓનલાઈન એપ્લિકેશન માટે પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. 2014 સુધી પાસપોર્ટ બનાવવા માટે સરેરાશ 16 દિવસ લાગતા હતા, જ્યારે હવે પાંચ દિવસમાં પાસપોર્ટ તમારા હાથમાં આવી જાય છે. 2014થી 2022 સુધી 7,68,04,991 પાસપોર્ટ ઇશ્યુ કરવામાં આવ્યા છે. વિશ્વનાં 16 દેશોમાં જવા માટે ભારતનાં નાગરિકને વિઝાની જરૂર નથી પડતી. આ દેશોમાં જવા માટે ભારતીય પાસપોર્ટ જ પૂરતો છે.

**59** દેશોએ ભારતીય પાસપોર્ટ ધારકોને વિઝા-ઓન-એરાઈવલની સુવિધા આપી છે. આ સુવિધા અંતર્ગત ભારતના નાગરિકોએ એ દેશમાં પહોંચ્યા બાદ એરપોર્ટ ઈમિગ્રેશનમાંથી વિઝા મેળવવાના હોય છે.

## હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ

**83** મા સ્થાને પહોંચ્યો ભારતનો પાસપોર્ટ. સાત ક્રમ ચડીને 2021માં, 2020માં તે 90મા સ્થાને હતો.

# આરસીઈપીના સંબંધોમાં મક્કમતાથી રજૂઆત



રિજનલ કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશીપ (RCEP) આસિયાનના 10 સભ્ય દેશો અને ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા, ન્યૂઝીલેન્ડે અપનાવેલી મુક્ત વેપાર સમજૂતિ છે. પણ વિશ્વનાં દબાણમાં આવ્યા વિના વડાપ્રધાન મોદીએ પોતાની વાત રજૂ કરી. તેમણે જણાવ્યું કે, અમે પરસ્પર સહયોગની ભાવનાથી કામ કરીએ છીએ પણ અમે અમારા હિતોનો ત્યાગ ન કરી શકીએ. ભારતે મક્કમતાથી જણાવી દીધું કે આરસીઈપી દેશો સાથે અમારી વેપાર ખાધ ઘટી છે અને 2004માં 7 અબજ ડોલરનું નુકસાન થયું હતું, જે 2014માં વધીને 8 અબજ ડોલર થઈ ગઈ. આઇસીઈપીને નકારીને વડાપ્રધાન મોદીએ ગરીબો, ખેડૂતો, ડેરી અને એમએસએમઇના હિતોને પ્રાથમિકતા આપી.

# પાકિસ્તાનને એકલું-અટુલું કરીને આતંકવાદ પર પ્રહાર

- પાકિસ્તાનને એએફટીએફમાં બ્લેક લિસ્ટ કરાવવા માટે વધુ એક પગલું લેવામાં આવ્યું. એશિયા પેસિફિક સબ ગ્રુપે પણ પાકિસ્તાનને બ્લેક લિસ્ટ કર્યું.
- આંતરરાષ્ટ્રીય અદાલતે કુલભૂષણ જાધવ કેસમાં ભારતની તરફેણમાં મહત્વનો ચૂકાદો આપ્યો અને પાકિસ્તાનને કોન્સ્યુલર એક્સેસ આપવા માટે મજબૂર કર્યું.
- સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચમાં લઘુતમ સમર્થન પણ ન મળતાં પાકિસ્તાનને કાશ્મીર મુદ્દો ઉઠાવવાની તક પણ ન મળી શકી.
- ભારતની વધતી શક્તિ અને વૈશ્વિક સ્વીકાર્યતાને કારણે પુલવામામાં કાયરતાપૂર્ણ આતંકવાદી હૂમલો અને તેનાં બદલામાં ભારતે કરેલા હવાઈ હૂમલા બાદ તમામ ટોચનાં વૈશ્વિક નેતાઓએ ભારતને સાથ આપ્યો હતો.

# સંબંધોમાં મજબૂતી



### લીજન ઓફ મેરિટ એવોર્ડ

પીએમ નરેન્દ્ર મોદીને લીજન ઓફ મેરિટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉત્કૃષ્ટ સેવાઓ અને ઉપલબ્ધિઓ માટે અમેરિકાનું આ પ્રતિષ્ઠીત સન્માન આપવામાં આવે છે.



### ગ્લોબલ ગોલકીપર એવોર્ડ

સ્વચ્છ ભારત અભિયાન માટે વડાપ્રધાન મોદીને બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન તરફથી 'ગ્લોબલ ગોલકીપર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.



### કોટલર પ્રેસિડેન્શિલ એવોર્ડ

પીપલ, પ્રોફિટ અને પ્લાનેટ પર કેન્દ્રિત ફિલિપ કોટલર પ્રેસિડેન્શિયલ એવોર્ડથી પણ વડાપ્રધાન મોદીને સન્માનિત કરવામાં આવ્યા છે. 2018માં તેમને યુનાઈટેડ નેશન્સના 'ચેમ્પિયન્સ ઓફ અર્થ'થી નવાજવામાં આવ્યા હતા.



- કોરોના કાળમાં જ્યારે બધુ થંભી ગયું ત્યારે વડાપ્રધાન મોદીની પહેલ પર વૈશ્વિક વર્ચ્યુઅલ કોન્ફરન્સ શરૂ કરવામાં આવી. વડાપ્રધાને કોરોના સમય દરમિયાન આંતરરાષ્ટ્રીય નેતાઓ સાથે વાર્તાલાપ કરીને વિશ્વનું નેતૃત્વ કર્યુ. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, અખાતી દેશો, પશ્ચિમ એશિયાના દેશો સાથે પરસ્પર સહયોગને મજબૂત બનાવ્યો, તો G-20, બિન-જોડાણવાદી (NAM) દેશોનાં સંમેલનમાં ભાગ લીધો.
- સત્તા સંભાળ્યા પછી તરત જ, ઈઝરાયેલ, ફ્રાન્સ, યુનાઈટેડ કિંગડમ, જાપાન, અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે ભારતના સંબંધો મજબૂત કર્યા. પશ્ચિમ એશિયા (ઈરાન, સાઉદી અરેબિયા, ઈઝરાયેલ) અને ન્યુઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયા સાથે નવા સંબંધોની શરૂઆત થઈ.
- સરહદ પારનાં વેપારને પ્રોત્સાહન આપવા માટે ભારત-નેપાળ સરહદ પર સહયોગ, મોતિહારી-અમલેખગંજ ઓઈલ પાઈપલાઈન પર પ્રગતિ, જોગબની (બિહાર) - બિરાટનગર (નેપાળ) ખાતે નવી સંકલિત ચેકપોસ્ટ. તાજેતરમાં નેપાળના વડાપ્રધાન શેર બહાદુર દેઉબા સાથેની બેઠકમાં અનેક મહત્વની સમજૂતિ થઈ છે.
- ઓસ્ટ્રેલિયા સાથે પ્રથમ મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. લાંબા સમયથી રાહ જોવાતી આ સમજૂતી બાદ હવે ભારતીય ચીજવસ્તુઓને સારું બજાર મળશે.
- ગ્લાસગોમાં યોજાયેલી COP-26 બેઠકમાં, PM નરેન્દ્ર મોદીના જળવાયુ ન્યાય પરના પંચામૃત સંકલ્પની સમગ્ર વિશ્વ દ્વારા પ્રશંસા કરવામાં આવી.
- બાંગ્લાદેશ સાથે ઐતિહાસિક ભારત-બાંગ્લાદેશ જમીન સરહદ કરાર અમલમાં આવ્યો. દરિયાઈ સરહદ વિવાદનો પણ અંત આવ્યો.
- ભારત અને માલદીવે તાજેતરમાં અદ્દુ-પ્રવાલ દ્વિપના પાંચ ટાપુઓમાં અદ્દુ પર્યટન ક્ષેત્ર સ્થાપવા માટે પાંચ સમજૂતિપત્રો પર હસ્તાક્ષર કર્યા, હોરાફુશીમાં બોટલ્ડ વોટર પ્લાન્ટ સ્થાપવા માટે છઠ્ઠા સમજૂતિપત્ર પર પણ હસ્તાક્ષર.
- ઈન્ટરનેશનલ એનર્જી સમિટ દરમિયાન વડાપ્રધાન મોદીને ભારતના સાતત્યપૂર્ણ વિકાસ માટે સેરાવીક ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટ લીડરશિપ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- 2019માં વડાપ્રધાન મોદીને બહેરીનનો સર્વોચ્ચ એવોર્ડ કિંગ હમાદ ઓર્ડર ઑફ ધ રેનેસાં એવોર્ડ આપવામાં આવ્યો, તો, માલદીવે સર્વોચ્ચ સન્માન 'નિશાન ઈઝ્ઝુદ્દીન' એનાયત કર્યુ, જ્યારે રશિયાના રાષ્ટ્રપતિ વડાપ્રધાન પુતિને નરેન્દ્ર મોદીને રશિયન ફેડરેશનના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર - 'ઓર્ડર ઑફ સેન્ટ એન્ડ્રયુ ધ એપોસ્ટલ' થી સન્માનિત કર્યા. એ જ વર્ષે સિઓલ શાંતિ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો.

# પ્રથમ વાર કોઇ બ્રિટિશ વડાપ્રધાન ગુજરાત આવ્યા

**ભારત અને યુનાઇટેડ કિંગડમ (યુકે) માત્ર વેપાર જ નહીં, મહત્વનાં વ્યૂહાત્મક ભાગીદારો પણ છે. યુકેના વડાપ્રધાન બોરિસ જોન્સન તેમની બે દિવસીય મુલાકાતે 21 એપ્રિલે ગુજરાત અને પછી બીજા દિવસે દિલ્હી પહોંચ્યા ત્યારે બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધોની ઊંડાઈ ફરી એક વાર દેખાઈ. અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં ચરખો કાંતતી વખતે વડાપ્રધાન જોન્સને નવો સંદેશ આપ્યો, તો દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથેની મુલાકાતમાં તેમણે ઉષ્મા સાથે બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ પગલાંની જાહેરાત કરી...**

યુકે ભારતમાં ચોથું સૌથી મોટું રોકાણકાર છે, તો ભારત યુકેમાં ત્રીજા નંબરનું સૌથી મોટું રોકાણકાર છે. ભારતમાં કુલ વિદેશી સીધા મૂડી રોકાણમાં યુકેનો હિસ્સો લગભગ 6 ટકા છે, તો ભારતીય રોકાણથી યુકેમાં 1.16 લાખ નોકરીઓનું સર્જન થવાનું અનુમાન છે. ભારત દર વર્ષે યુકેમાં આશરે 12 અબજ પાઉન્ડની નિકાસ કરે છે. તો, યુકેથી ભારતમાં લગભગ 6.6 અબજ પાઉન્ડની નિકાસ થાય છે. વેપારના સંદર્ભમાં, બંને દેશો હવે આ ઐતિહાસિક ભાગીદારીને મુક્ત વેપાર કરાર તરફ લઈ જવા માંગે છે. વડાપ્રધાન જોન્સને તેનો ઉલ્લેખ કરીને ઓક્ટોબર સુધીમાં તેના પર મંત્રણા પૂર્ણ કરવાની જાહેરાત કરી છે. બંને દેશોના વડાપ્રધાનો વચ્ચેની બેઠકમાં, જ્યાં 'રોડમેપ 2030' સહિત દ્વિપક્ષીય સંબંધોના તમામ પરિમાણોની સમીક્ષા કરવામાં આવી હતી, જ્યારે વિવિધ ક્ષેત્રોમાં જોડાણને વધુ ગાઢ બનાવવા માટે મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યા હતા. મેડિકલ, ઉચ્ચ શિક્ષણ અને રોકાણ અંગે પણ કેટલીક મહત્વની જાહેરાતો કરવામાં આવી છે.



અમે સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધારવા પર સંમતિ વ્યક્ત કરી છે. ભારતમાં ચાલી રહેલા વ્યાપક સુધારા, ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં આધુનિકીકરણ સંબંધિત પ્રોજેક્ટ્સ અંગે પણ અમે ચર્ચા કરી. અમે યુકેની કંપનીઓ દ્વારા ભારતમાં વધતા રોકાણનું સ્વાગત કરીએ છીએ. યુકેમાં રહેતા 16 લાખ ભારતીય મૂળનાં લોકો સમાજ અને અર્થતંત્રનનાં દરેક ક્ષેત્રમાં સકારાત્મક યોગદાન આપી રહ્યા છે. **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

અમે નવી, વિસ્તૃત સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારી પર સંમત થયા છીએ. આ ભાગીદારી અમારા સંબંધોને વધુ ગાઢ બનાવવાની અમારી દાયકાઓ જૂની પ્રતિબદ્ધતા તેમજ પીએમ નરેન્દ્ર મોદીના મેક ઇન ઇન્ડિયાના ધ્યેયને અનુરૂપ છે. ભારતમાં થયેલા સ્વાગતથી હું અભિભૂત થયો છું. જ્યારે હું અહીં પહોંચ્યો ત્યારે મને લાગ્યું કે હું સચિન તેંડુલકર છું. પછી આજુબાજુના હોર્ડિંગ્સ જોતાં મને લાગ્યું કે હું તો અમિતાભ બચ્ચન છું. આ ભવ્ય સ્વાગત માટે હું પીએમ નરેન્દ્ર મોદીનો આભાર માનું છું , **-બોરિસ જોન્સન, વડા પ્રધાન, યુનાઇટેડ કિંગડમ**

## 7મો રાયસીના ડાયલોગ | આગામી સમય ભારતનોઃ યુરોપિય યુનિયનનાં પ્રમુખ

વર્ષ 2016માં ભારતે રાયસીના સંવાદ તરીકે એક નવી પરંપરાની શરૂઆત કરી, જ્યાં રાજ નેતાઓ, ભૂતપૂર્વ નેતાઓ અને થિન્ક ટેન્ક સહિતની પ્રતિષ્ઠિત હસ્તીઓ વૈશ્વિક પરિસ્થિતિ અને પડકારો પર સાર્થક ચર્ચા કરવા માટે દર વર્ષે એકઠાં થાય છે. 25 એપ્રિલનાં રોજ ત્રણ દિવસીય રાયસીના સંવાદ શરૂ થયો, ત્યારે 90 દેશોનાં રાજદ્વારીઓ અને નિષ્ણાતો ભાગ લેવા માટે એકઠા થયા હતા. ઉદઘાટન સત્રમાં બોલતા યુરોપિયન યુનિયનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતની મોંફાટ પ્રશંસા કરી હતી. રાયસીના ડાયલોગના પ્રારંભમાં તેમણે કહ્યું કે વર્ષ 2047 સુધીમાં ભારતને ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાત પ્રશંસનીય છે. તેમણે કહ્યું કે આગામી દાયકામાં ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આવનારો સમય ભારતનોછે છે.







## ગામ-ખેડૂત

# મજબૂત ખેડૂત ખુશખુશાલ ગામ



**રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહ્યું હતું- 'ભારતનો આત્મા ગામડાઓમાં વસે છે. આથી ગામડાં અને ખેડૂતના વિકાસ વિના દેશ વિકાસના પંથે આગળ ન વધી શકે."  એટલાં માટે જ કેન્દ્ર સરકારે આઠ વર્ષ કર્તવ્યનાં માર્ગે ચાલીને આદર્શ ગ્રામ યોજના શરૂ કરી, ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ કરાવી. ઈ-ગ્રામ સ્વરાજ યોજના જેવાં કાર્યક્રમો દ્વારા દરેક રીતે ગામ અને ગ્રામીણ જનતા તથા ખેડૂતોને મજબૂત કર્યા. અનેક નવી યોજનાઓ શરૂ કરી અને જૂની યોજનામાં સુવિધા આપવામાં નડતાં અવરોધોને દૂર કરીને તેને નવેસરથી રજૂ કરી. ખેડૂતોને લઘુતમ ટેકાનો ભાવ આપ્યો, કિસાન સન્માન નિધિ અંતર્ગત તેમનાં ખાતામાં નાણા સીધા ટ્રાન્સફર કર્યા, તો ઈ-નામ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અને કિસાન ક્રેડિટ કાર્ડ યોજના દ્વારા ખેડૂતોનાં આર્થિક સશક્તિકરણની કામગીરી કરી.**

# ખેડૂતોની આવક વધારવા મજબૂત પાયો નાખ્યો

યોજના

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના

પ્રારંભઃ 24 ફેબ્રુઆરી, 2019

### આર્થિક જરૂરિયાતમાં પૈસા કામ લાગ્યાં

**હેતુઃ** *તમામ જમીનધારક ખેડૂતોની નાણાકીય જરૂરિયાત પૂરી કરવી*

પ્રગતિ

- પ્રારંભમાં આ યોજના 2 હેક્ટર સુધીની જમીન ધરાવતા નાના અને સીમાંત ખેડૂતો માટે હતી, પણ જૂન, 2019માં તે તમામ ખેડૂતો માટે લાગુ કરવામાં આવી. યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી પાત્ર ખેડૂતોના બેન્ક ખાતામાં ત્રણ હપ્તામાં વર્ષે રૂ. 6,000ની રકમ સીધી ટ્રાન્સફર કરવામાં આવે છે. 25 એપ્રિલ, 2022 સુધી યોજનામાં 11.30 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં 1.82 લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા. યોજનામાં 1 એપ્રિલ, 2022થી તમામ ચૂકવણી આધાર નંબરના આધારે આપવામાં આવે છે.



યોજના

પ્રારંભ 14 એપ્રિલ, 2016

## રાષ્ટ્રીય કૃષિ મંડી (ઇ-નામ)

### ખેડૂતોનાં હિતમાં એક દેશ-એક મંડી તરફ પ્રયાણ

**હેતુઃ** *ખેડૂતોને તેમની ઉપજનો વળતરદાયી ભાવ આપવા માટે ઓનલાઈન પારદર્શી બોલી પ્રણાલિ તૈયાર કરવી.*

**લાભ ક્યાંથી મળશેઃ** *ટોલ ફ્રી નંબર 1800-2700-224 અને ઈ મેલ enam.helpdesk@gmail.com www.enam.gov.in પર ઓનલાઈન ટ્યુટોરિયલ ઉપલબ્ધ છે.*

## પ્રગતિ

ઇ-નામમાં દેશભરની 1000 મંડીઓ જોડાઈ ચૂકી છે. તેમાં વેપારી, ખેડૂત અને કમિશન એજન્ટ ઉપરાંત ખેડૂત ઉત્પાદક સંગઠન પણ જોડાયેલાં છે. ખેડૂત ઇ-નામ પોર્ટલ પર પોતાની ઉપજને ઓનલાઈન, પારદર્શી અને પ્રતિસ્પર્ધી બોલી પર વેચવા માટે સ્વતંત્ર છે. આ કારણસર ખેડૂતો તેની સાથે મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. પોર્ટલ પર 31 માર્ચ, 2022 સુધી 21 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશનાં 1.73 કરોડથી વધુ ખેડૂતો, 3.24 લાખ વેપારી અને કમિશન એજન્ટ તથા 2113 એફપીઓ નોંધાયેલા છે. ઇ-નામ પ્લેટફોર્મ પર 22 માર્ચ, 2022 સુધી 1.82 લાખ કરોડ રૂપિયાની કૃષિ ઉપજનો વેપાર કરવામાં આવ્યો છે.

## કિસાન રેલ દ્વારા અનાજ સમયસર મંડી સુધી પહોંચે છે

કોલ્ડ સ્ટોરેજયુક્ત કિસાન રેલ એક એવી પહેલ છે જેનાં દ્વારા ખેડૂતો પોતાની કૃષિ ઉપજને દૂરના બજારો સુધી ઓછામાં ખર્ચમાં ઝડપથી પહોંચાડી શકે છે. 7 ઓગસ્ટ, 2020થી પૂર્ણ રીતે શરૂ થયેલી યોજના ખેડૂતોની આવકને બમણી કરવા અને તેની ઉપજને ખરાબ થતાં પહેલાં બજાર સુધી પહોંચાડવામાં અસરકારક સાબિત થઈ રહી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, વિભાગો, સ્થાનિક એકમો અને એજન્સીઓ તથા મંડીઓ સાથે મળીને કિસાન રેલ સર્કિટ નક્કી કરે છે.

## દોઢ ગણા લઘુતમ ટેકાનાં ભાવથી ખેડૂતો સશક્ત બન્યા

દેશભરની એપીએમસીમાં ઘઉં અને ચોખાની ખરીદી ચાલુ છે. રવી માર્કેટિંગ સીઝન 2022-2023માં 24 એપ્રિલ, 2022 સુધી 137 લાખ મેટ્રિક ટન (એલએમટી) ઘઉંની ખરીદી કરવામાં આવી, જેમાંથી આશરે 12 લાખ ખેડૂતોને 27,000 કરોડ રૂપિયાથી વધુની એમએસપી વિતરિત કરવામાં આવી. આ જ રીતે 2021-2022ની ખરીફ માર્કેટિંગ સીઝનમાં 757.27 એલએમટી ચોખાની ખરીદી કરવામાં આવી, જેમાં આશરે 1.10 કરોડ ખેડૂતોને 1.5 લાખ કરોડ રૂપિયાની એમએસપી વિતરિત કરવામાં આવી. રવી પાકો માટે જે એમએસપી નક્કી કરવામાં આવી છે, તે ખેડૂતોની પડતર કરતાં દોઢ ગણી છે.

યોજના

### પીએમ ફસલ બીમા યોજના

પ્રારંભ | ખરીફ 2016

### ખેડૂતોને કુદરતી આપત્તિમાં ભરપૂર રાહત મળવા લાગી

*હેતુ: કુદરતી આપત્તિમાં રાહત માટે સસ્તો પાક વીમો*

**1,00,000**

**લાખ કરોડ રૂપિયાથી વધુ વળતર ચૂકવી દેવામાં આવ્યું છે 36 કરોડથી વધુ ખેડૂતોને છ વર્ષમાં**

### પ્રગતિ

અગાઉની પાક વીમા યોજના અંતર્ગત 2015-16માં 4.85 કરોડ ખેડૂત અરજદારોની સરખામણીમાં 2021-22માં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત 7.65 કરોડથી વધુ ખેડૂતોએ અરજી કરી. યોજનાના પ્રારંભ 2016-2017થી 2021-22 સુધી આશરે 36.98 કરોડ ખેડૂતોએ અરજી કરી છે. રાષ્ટ્રીય ફસલ બીમા પોર્ટલ દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે પાક વીમા દાવાની રકમ સીધી ખેડૂતોનાં ખાતામાં જમા કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

યોજના

### કૃષિ યોજના ઉડાન

પ્રારંભ | ઓગસ્ટ 2020

### ખેડૂતોને તેમની ઉપજ માટે યોગ્ય બજાર મળ્યું

*હેતુ: કૃષિ ઉપજનું યોગ્ય વળતર આપવું અને આવક વધારવામાં મદદ કરવી*

પ્રગતિ

બજાર પહોંચે તે પહેલાં અનેક કૃષિ ચીજો ખરાબ થઈ જતી હતી. તેનાં ઉકેલ માટે ઓગસ્ટ 2020માં કૃષિ ઉડાન યોજના શરૂ કરવામાં આવી, જેથી કૃષિ ઉપજોનો યોગ્ય ભાવ મળી શકે. આ યોજનાને અપડેટ કરીને કૃષિ ઉડાન 2.0નાં નામે ઓક્ટોબર 2021માં આગળ ધપાવવામાં આવી. આ માટે ખેડૂતોને વિમાનની 50 ટકા સીટો પર સબસિડી પણ આપવામાં આવે છે. બેબી કોર્ન, લીચી, ઓર્ગેનિક ફુડ, સી-ફુડ, પાઇનેપલ, દૂધ, ડેરી પ્રોડક્ટ્સ, માંસ જેવા વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂતોનને તેમાં પ્રાથમિકતા આપવામાં આવે છે.

**53**

**એરપોર્ટ પર પેસેન્જર-ટુ-કાર્ગો હેન્ડલિંગ, પાર્કિંગ અને કેટલીક ડ્યુટી પર સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે છે. તેમાં 25 એરપોર્ટ ઉત્તર પૂર્વ, આદિવાસી અને પર્વતીય વિસ્તારોમાં છે.**

યોજના

પ્રારંભ | 4 જુલાઈ, 2018

### કિસાન ક્રેડિટ કાર્ડ

### 3 લાખ રૂપિયા સુધી ધિરાણ અને તે પણ માત્ર 4 ટકા અસરકારક વ્યાજે

*હેતુ: ખેડૂત, સ્વસહાય જૂથ કે ભાડૂત ખેડૂતોને ખેતી માટે સરળ ધિરાણ આપવું*

**3.05** કરોડ કિસાન ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવ્યા છે એપ્રિલ 2022 સુધી

### પ્રગતિ

ખેડૂતોને શાહુકારો અને વ્યાજખોરોની ચુંગાલમાંથી છોડાવવા માટે કેન્દ્ર સરકારની સરળ શરતો અને સિંગલ વિન્ડો અંતર્ગત કિસાન ક્રેડિટ કાર્ડ યોજનામાં ધિરાણ મળે છે. 4 ફેબ્રુઆરી, 2019નાં રોજ યોજનામાં પશુપાલક અને મત્સ્યપાલનમાં જોડાયેલા ખેડૂતોને પણ સામેલ કરવામાં આવ્યા.

**3,00,000**

**રૂપિયા સુધીનું ટૂંકી મુદતનું પાક ધિરાણ 9 ટકાનાં દરે ઉપલબ્ધ છે. તેમાં બે ટકા વ્યાજમુક્તિ અને સમયસર ચૂકવણી પર 3 ટકા રાહત મળે છે.**

યોજના

## પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના

પ્રારંભ 2015-2016

# હવે ઓછા પાણીમાં વધુ પાક

*હેતુઃ ખેતરમાં પાણીની પહોંચ વધારવી, ખેતી યોગ્ય વિસ્તાર વધારવો અને જળ વપરાશની કાર્યક્ષમતામાં સુધારો કરવો*

પ્રગતિ

- આ યોજના 2015-16માં એક અમ્બ્રેલા યોજના તરીકે શરૂ થઈ. તેમાં સિંચાઈના તાત્કાલિક લાભ, દરેક ખેતરને પાણી, પર ડ્રોપ મોર ક્રોપ અને વોટર શેડ ડેવલપમેન્ટ જેવાં પાસા સમાવિષ્ટ છે. ત્રણ મંત્રાલય તેનાં પર કામ કરી રહ્યાં છે.
- પ્રથમ યોજના માર્ચ 2021 સુધી લાગુ હતી. હવે 93,000 કરોડનાં ખર્ચે તેને 2021-22થી 2025-26 સુધી લંબાવવામાં આવી છે, જેમાં આશરે 20 લાખ હેક્ટર કૃષિ સિંચાઈ ક્ષમતા ઊભી કરવાનો લક્ષ્ય છે.

**50.64**

લાખ હેક્ટર જમીનમાં વધારાની સિંચાઈ ક્ષમતા ઊભી કરવામાં આવી આ યોજનામાં માર્ચ 2021 સુધી

### 10,000 ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs)ની રચના

નાના, સીમાંત અને જમીનવિહોણા ખેડૂતોની આવક વધારવા માટે આર્થિક મજબૂતી અને મંડી સંપર્ક વધારવા માટે એફપીઓમાં સામેલ કરવા. એફપીઓને પાંચ વર્ષ સુધી મદદ પૂરી પાડવામાં આવશે. એપ્રિલ, 2022 સુધી 2315 એફપીઓ નોંધાઈ અને 410 કરોડ રૂપિયાની મદદ કરવામાં આવી.

### સોઇલ હેલ્થ મેનેજમેન્ટ

આ યોજના દ્વારા 2018-2019થી 2020-2021 સુધી 5.67 કરોડથી વધુ ખેડૂતોને લાભ થયો છે. આ અંતર્ગત સોઈલ હેલ્થ કાર્ડ બનાવવામાં આવી રહ્યાં છે, જેમાં 19 એપ્રિલ, 2022 સુધી 22.19 કરોડથી વધુ કાર્ડ બનાવીને ખેડૂતોને મોકલી દેવામાં આવ્યાં છે.

### પીએમ કિસાન સંપદા યોજના

3 મે, 2015નાં રોજ 6,000 કરોડ રૂપિયાનાં અંદાજિત ખર્ચ સાથે શરૂઆત કરવામાં આવી હતી. હવે તેને 2025-26 સુધી લંબાવવામાં આવી છે. તેમાં મેગા ફુડ પાર્ક, મિની ફુડ પાર્ક, ફુટ ટેસ્ટિંગ લેબોરેટરી સહિત 1088 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

### પ્રાકૃતિક ખેતી

પ્રાકૃતિક કૃષિ યોજના અંતર્ગત 2020-21 દરમિયાન રાજ્યોને આશરે 49.91 કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી. ભારત સરકારનું લક્ષ્ય 2025 સુધી 3.50 લાખ હેક્ટર જમીન પ્રાકૃતિક ખેતી હેઠળ લાવવાની છે.

### રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના

તેનાં દ્વારા સરકાર નાણાકીય મદદ અને ઈનક્યુબેશન સિસ્ટમનું પોષણ કરીને ઈનોવેશન અને કૃષિ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપી રહી છે. આ યોજના અંતર્ગત 923 સ્ટાર્ટઅપને 50.90 કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી.

યોજના

પ્રારંભ જૂન, 2021

## નેનો યુરિયાનો વિકાસ

# નેનો યુરિયાનું વ્યાવસાયિક ઉત્પાદન કરનાર પ્રથમ દેશ બન્યો ભારત

*હેતુઃ દેશને ખાતરમાં આત્મનિર્ભર બનાવવાની દિશામાં આગળ વધવા ઉપરાંત ઉપજમાં વધારો અને ખાતર પર થનારો ખર્ચ ઘટાડવો.*

## પ્રગતિ

કૃષિ સંશોધન સંસ્થા અને રાજ્યની એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીઓએ ઇફ્કો દ્વારા વિક્સિત નેનો યુરિયાનું પરીક્ષણ ચોખા, ઘઉં, સરસવ, મકાઇ, ટમાટર, કોબી, સિમલા મિર્ચ અને ડુંગળી પર કર્યું, જેમાં જાણવા મળ્યું કે તેનાંથી ઉત્પાદન વધ્યું અને ખાતરની 50 ટકા સુધી બચત થઈ. હાલમાં દરરોજ નેનો લિક્વિડ યુરિયાની એક લાખ બોટલનું ઉત્પાદન થાય છે.

# સરકારનાં પ્રયાસથી ખેડૂત સમૃધ્ધ...

## એગ્રીકલ્ચર ઇન્ફ્રા ફન્ડ

દેશમાં કૃષિ સંલગ્ન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો લાવવા માટે પ્રથમ વાર એક લાખ કરોડ રૂપિયાનું એગ્રી ઈન્ફ્રા ફન્ડ બનાવવામાં આવ્યું. તેનાં દ્વારા વ્યાજમાં રાહત અને આર્થિક સહાય દ્વારા કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં મદદ કરવામાં આવે છે. 22 માર્ચ, 2022 સુધી એગ્રી ઈન્ફ્રા ફન્ડ પોર્ટલ પર 13,400 કરોડ રૂપિયાની 19,000થી વધુ અરજી મળી છે, જેમાં 10,000થી વધુ પ્રોજેક્ટ્સને મંજૂરી મળી.



## રાષ્ટ્રીય બાંસ મિશન

વાંસની ખેતીમાં ચીન પછી ભારત બીજો સૌથી મોટો દેશ છે. પુનર્ગઠિત રાષ્ટ્રીય બાંસ મિશનને કેબિનેટે 25 એપ્રિલ, 2018નાં રોજ મંજૂરી આપી હતી. મિશનમાં સરકાર ખેડૂતોને વાંસની ખેતી માટે 50,000ની સબસિડી આપે છે અને નાના ખેડૂતોને એક ઝાડ પર 120 રૂપિયાની સબિસિડીની જોગવાઈ છે. ભારતમાં દર વર્ષે આશરે 14 મિલિયન ટન વાંસનું ઉત્પાદન થાય છે.



## રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન

દેશનાં પસંદગીના જિલ્લામાં સાતત્યપૂર્ણ વિસ્તાર અને ઉત્પાદનમાં વધારા દ્વારા ચોખા, ઘઉં, કઠોળ, જાડું ધાન્ય, પોષક અનાજ, કોમર્શિયલ પાક, તેલિબિયાં અને પામ ઓઇલનું ઉત્પાદન વધારવું. તેમાં, 28 રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લડાખનાં ખેડૂતોને લાભ મળી રહ્યો છે.



## પરંપરાગત કૃષિ વિકાસ યોજના

તેનો હેતુ પરંપરાગત અને જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવાનો છે. તેનાં માટે સરકાર દ્વારા આર્થિક મદદ પૂરી પાડવામાં આવે છે. આ યોજના દ્વારા ક્લસ્ટર નિર્માણ, ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન, મૂલ્યવર્ધન અને વિતરણ માટે 50,000 રૂપિયા પ્રતિ હેક્ટર ત્રણ વર્ષ માટે આર્થિક મદદ પૂરી પાડવામાં આવે છે.



## ગોકુલ ગ્રામ મિશન

એકીકૃત દેશી ગોપશુ વિકાસ કેન્દ્ર તરીકે 16 ગોકુલ ગ્રામની સ્થાપના માટે માર્ચ 2022 સુધી ભંડોળ જારી કરવામાં આવ્યું છે. તેનો હેતુ વૈજ્ઞાનિક અને સંપૂર્ણ પધ્ધતિથી દેશી ગોવંશનો વિકાસ અને દેશી વંશની ઉત્પાદકતામાં વધારો કરવાનો છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આશરે 2082 કરોડ રૂપિયામાં મિશન અંતર્ગત રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોને જારી કરવામાં આવ્યા.

## પ્રધાનમંત્રી ફોર્મલાઇઝેશન ઓફ માઇક્રો ફુડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝિસ (PMFME) યોજના

તેનો હેતુ ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગના અસંગઠિત વર્ગમાં વર્તમાન લઘુ એકમોની સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાનો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, સ્વસહાય જૂથો અને સહકારી ઉત્પાદક સંસ્થાઓ સહિત સમગ્ર વેલ્યુ ચેઇનને મજબૂતી પૂરી પાડવાનો છે. તેમાં 2025 સુધી 10,000 કરોડ રૂપિયાની મદદથી બે લાખ નાના ફુડ પ્રોસેસિંગ એકમોને સીધી મદદ મળશે.



યોજના

પ્રારંભ 1 એપ્રિલ 2018

## રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ યોજના (RGSA)

# જનપ્રતિનિધિઓની શાસન ચલાવવાની ક્ષમતા વધશે

*હેતુઃ ગ્રામીણ સ્થાનિક એકમોનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને શાસન સંબંધિત ક્ષમતા નિર્માણ અને તાલીમથી પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરવી.*

## પ્રગતિ

યોજના અંતર્ગત 2021-2022માં 25.75 લાખ લોકોને તાલીમ આપવામાં આવી છે. ઈ-ગ્રામ સ્વરાજ https://egramswaraj.gov.in પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. પોર્ટલનાં માધ્યમથી પંચાયતોની જવાબદેહિતા અને ઇ-ગવર્નન્સ સુનિશ્ચિત કરવામાં આવે છે. અહીં ગ્રામ પંચાયત યોજનાઓને અપલોડ કરવામાં આવે છે. ગયા નાણાકીય વર્ષમાં 2.54 લાખ યોજનાઓ અપલોડ થઈ ચૂકી છે અને 2.32 લાખથી વધુ ગ્રામ પંચાયતો ઈ-સ્વરાજ પોર્ટલ પર આવી ચૂકી છે, જેમણે 70 હજાર કરોડ રૂપિયાની યોજનાઓ માટેની ચૂકવણી આ જ ઈન્ટરફેસ દ્વારા કરી છે.

# પીએમ આવાસ યોજના

**પીએમ આવાસ યોજનામાં અત્યાર સુધી 3.1 કરોડ ઘરોનું નિર્માણ થયું. હવે બજેટમાં એક વર્ષમાં 80 લાખ નવા મકાન, 48 હજાર કરોડ રૂપિયાની જોગવાઈ**



## પીએમ આવાસ યોજના-શહેરી

યોજનાની શરૂઆત 25 જૂન, 2015નાં રોજ કરવામાં આવી. 31 માર્ચ, 2022ની સ્થિતિ પ્રમાણે તેમાં 1.23 કરોડ મકાનો મંજૂર કરવામાં આવ્યા, જેમાં 95.13 લાખ મકાનોનું નિર્માણ શરૂ થઈ ચૂક્યું છે. તેમાંથી 58.1 લાખ મકાન તૈયાર કરીને વિતરીત કરી દેવામાં આવ્યા છે.

## પીએમ આવાસ યોજના-ગ્રામીણ

આ યોજનાની શરૂઆત 1 એપ્રિલ 2016નાં રોજ કરવામાં આવી. તેમાં 2.95 કરોડ મકાનોનું લક્ષ્ય હતું. જે મકાન બાકી રહી ગયા છે, તેને પૂરા કરવા માટે વર્તમાન માપદંડો પ્રમાણે યોજનાને માર્ચ 2021થી લંબાવીને માર્ચ 2024 સુધી ચાલુ રાખવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. 31 માર્ચ, 2022 સુધી 2.52 કરોડ મકાનોનું નિર્માણ પૂરું થઈ ચૂક્યું છે.

સ્વામિત્વ યોજના

પ્રારંભ 24 એપ્રિલ, 2021

### હવે જમીનના હકની સાબિતી મળવા માંડી

ઉદ્દેશ

*હેતુ: ગ્રામીણ વિસ્તારોમાં લેન્ડ રેકોર્ડનું ડિજિટલાઈઝેશન કરીને ગ્રામીણોને તેમની જમીનની માલિકીનો અધિકાર અને કાનૂની માલિકી અધિકારોનું કાર્ડ પૂરું પાડવાનો છે.*

પ્રગતિ

આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડથી પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. 2021થી 2025 દરમિયાન તબક્કાવાર રીતે સ્કીમ દેશભરમાં લાગુ કરવામાં આવશે. સ્વામિત્વ યોજનાના અમલીકરણ માટે ભારતીય સર્વેક્ષણ વિભાગ સાથે અત્યાર સુધી 29 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા છે. 31 માર્ચ, 2022 સુધી આશરે 1.23 લાખ ગામોમાં ડ્રોન ઉડાન અને મેપિંગનું કામ પૂરું થયું છે, જ્યારે 31,000 ગામોમાં સંપત્તિ કાર્ડ તૈયાર કરી દેવામાં આવ્યા છે. પ્રોપર્ટી કાર્ડ ડિજિલોકરમાં ઉપલબ્ધ છે.

# ગામને આદર્શ બનાવતી યોજનાઓ

## વાઇબ્રન્ટ વિલેજ

ચાલુ નાણાકીય વર્ષનાં બજેટમાં અરૂણચાલ પ્રદેશ અને વાસ્તવિક નિયંત્રણ રેખા પરના ગામો માટે જીવંત ગાંવ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો. સરહદી ગામોમાં સંપર્ક બનાવવો, પાયાની સુવિધાનું નિર્માણ કરવા ઉપરાંત કોંક્રીટનાં ઘર અને પર્યટન કેન્દ્રો વિક્સાવવાની સાથે સરકારી ચેનલ, ડીટીએચ ચેનલ અને શિક્ષણિક ચેનલોને વધારવામાં આવશે.

## આદર્શ ગ્રામ યોજના

ભારત સરકારની વર્તમાન યોજનાઓ, રાજ્ય સરકારની યોજનાઓ, સ્વૈચ્છિક અને સહકારી ક્ષેત્રો સાથે ભાગીદારી, સીએસઆર ફન્ડની મદદથી એકત્ર સંસાધનોનાં તાલમેલથી ચલાવવામાં આવતી યોજના છે. વર્ષ 2014માં શરૂ થયેલી યોજના અંતર્ગત સાંસદ ગામડાંનો વિકાસ કરવા દત્તક લે છે. આ યોજનામાં આશરે 2100 ગામો જોડાયાં છે.



# આર્થિક મુશ્કેલીમાં પણ આજીવિકાનું ધ્યાન રાખ્યું

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

કોવિડ-19 મહામારી દરમિયાન 26 માર્ચ, 2020નાં રોજ ત્રણ મહિના માટે શરૂ કરવામાં આવેલી નવી યોજનાને સતત લંબાવવામાં આવી રહી છે. યોજનામાં 10 કિલો વધારાનાં ઘઉં કે ચોખા ઉપરાંત એક કિલો દાળ પણ મફતમાં આપવામાં આવે છે. યોજનામાં 80 કરોડ લોકોને મફતમાં અનાજ આપવામાં આવે છે. કેબિનેટે તાજેતરમાં યોજનાનાં છઠ્ઠા તબક્કાને મંજૂરી આપી છે, જે સપ્ટેમ્બર 2022 સુધી છે. આ યોજના પર સરકાર 2.60 લાખ કરોડ ખર્ચ કરી ચૂકી છે અને સપ્ટેમ્બર 2022 સુધી વધુ 80,000 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. એપ્રિલ 2022 સુધી આ યોજનામાં 1000 લાખ મેટ્રિક ટનથી વધુ મફત અનાજ વહેંચવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે આ યોજનાની પ્રશંસા કરી છે.

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજના (મનરેગા)

મનરેગા માંગ આધારિત મજૂર રોજગાર કાર્યક્રમ છે. તેમાં દરેક પરિવારનાં પુખ્ત સભ્ય, જે અકુશળ શ્રમ કાર્ય કરવા ઇચ્છુક છે, તેને દર વર્ષે 100 દિવસનાં રોજગારની ગેરન્ટી આપવામાં આવે છે. રાજ્ય સરકારો કેન્દ્ર સરકારની તરફથી જાહેર કરાતા મજૂરી દર કરતાં વધુ મજૂરી આપી શકે છે. આ યોજનામાં 1554 કરોડ સક્રિય શ્રમિક છે. યોજના અંતર્ગત 99.69 ટકા મજૂરોનાં ખાતામાં જ મજૂરી ટ્રાન્સફર કરવામાં આવે છે.

## 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ

આ યોજના અંતર્ગત 77 કરોડ લાભાર્થીઓ એટલે કે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનાં પાત્ર કુલ વસતિનાં આશરે 96.8 ટકા વસતિને આવરી લેવામાં આવી છે.

## જેમ ટ્રિનિટીઃ નાણાકીય સર્વસમાવેશિતાની વિશ્વની સૌથી મોટી યોજના

દેશનો દરેક વર્ગ કોઇને કોઇ રીતે સરકારનાં લાભથી જોડાઈ ચૂક્યો છે, જેમાં આધારને નીતિવિષયક માળખું આપીને JAM એટલે કે જનધન-આધાર-મોબાઇલ ટ્રિનિટીની વ્યવસ્થા ઘડવામાં આવી છે. સૌ પ્રથમ રાંધણ ગેસ માટે 1 જાન્યુઆરી, 2015નાં રોજ સબસિડીનાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)ની શરૂઆત કરવામાં આવી. હવે કુલ 53 મંત્રાલયોની 313 યોજનાઓ ડીબીટી સાથે જોડાયેલી છે, જેનાંથી 2014-15થી 2021-2022 સુધી 21.87 લાખ કરોડ રૂપિયા લાભાર્થીઓનાં ખાતામાં સીધા પહોંચી ગયા છે. જેમ ટ્રિનિટીને કારણે સરકારી તિજોરીમાંથી 2,22,968 કરોડ રૂપિયાની લીકેજ રોકવામાં આવી છે.

## જનધનથી દરેક ઘર સુધી બેન્કિંગ સુવિધાઓ

બેન્કિંગ સુવિધાઓથી દૂર દેશની અડધી વસતિ માટે આ યોજના 28 ઓગસ્ટ 2014નાં રોજ શરૂ કરવામાં આવી. તેમાં ઝીરો બેલેન્સ પર બેન્ક ખાતા ખોલવામાં આવે છે. રૂપે કાર્ડ અને 10,000 રૂપિયા સુધી ઓવરડ્રાફ્ટ સાથે ઇન્શ્યોરન્સ સુવિધા મળે છે. એપ્રિલ 2022 સુધી 45.21 કરોડ જનધન ખાતા ખૂલી ચૂક્યા છે. તેમાં 1,67,462.30 કરોડ રૂપિયા જમા છે. આશરે 55 ટકા જનધન ખાતાધારક મહિલા છે.

## લારી-ગલ્લાવાળાઓ માટે સ્વાવલંબનનું પ્રતીક બની સ્વનિધિ

કોવિડ કાળમાં સૌથી વધુ ફટકો સહન કરનાર લારી-ગલ્લાવાળાઓને સ્વનિધિ યોજના અંતર્ગત 10 હજાર રૂપિયા આપવામાં આવે છે. પીએમ સ્વનિધિને ડિસેમ્બર 2024 સુધી ચાલુ રાખવા માટે કેબિનેટે મંજૂરી આપી દીધી છે. શહેરી વિસ્તારનાં લગભગ 1.2 કરોડ લોકોને તેનાંથી લાભ થશે. 2931 કરોડ રૂપિયાનાં 29.6 લાખ ધિરાણ વિતરિત.

## નવાં ભારતનો અભ્યોદય

# મહાન વારસા સાથે મહાન પરંપરાની જાળવણી કરતું રાષ્ટ્ર

**લાલ કિલ્લા પર શ્રી ગુરુ તેગ બહાદુરની ચોથી જન્મ શતાબ્દિનું આયોજન હોય કે સાહિબજાદાઓનાં બલિદાનની યાદમાં 26 ડિસેમ્બરનાં રોજ વીર બાળ દિવસની જાહેરાત, અયોધ્યામાં ભગવાન રામનું મંદિર નિર્માણ, કરતારપુર કોરિડોર, કાશી વિશ્વનાથ કોરિડોર કે પછી જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370ની નાબૂદી, ટ્રિપલ તલાક, નાગરિકતા સંશોધન કાનૂન જેવા મહત્વનાં નિર્ણયોએ છેલ્લાં આઠ વર્ષમાં પરસ્પર સદભાવ સાથે સમાધાન દ્વારા સદીઓ જૂનાં સપનાને સાકાર કર્યાં છે. આજે દેશ ભારતીય સંસ્કૃતિનું આધુનિક, આસ્થા અને રાષ્ટ્રીય ભાવનાનું પ્રતીક બની ગયો છે....**

## શીખ સમુદાય માટે વિશેષ પહેલ

- સેંકડો વર્ષોની ગુલામીમાંથી મુક્તિને, ભારતની આઝાદીને, ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક યાત્રાથી અલગ કરીને ન જોઈ શકાય. એટલાં માટે, આજે દેશ આઝાદીના અમૃત મહોત્સવને અને ગુરુ તેગબહાદુરના 400મા પ્રકાશપર્વની ઉજવણી કરી રહ્યો છે.
- લાલ કિલ્લા પર 21 એપ્રિલનાં રોજ શ્રી ગુરુ તેગ બહાદુરના 400મા પ્રકાશપર્વનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સંબોધન કર્યું. ગુરુ તેગ બહાદુરનો વારસો રાષ્ટ્ર માટે વ્યાપક રીતે એક સંયુક્ત તાકાત તરીકે કાર્ય કરે છે. આ પ્રસંગે ગુરુના સન્માનમાં સ્મૃતિ સિક્કો અને ટપાલ ટિકિટ જારી કરવામાં આવી.
- ડેરા બાબા નાનકથી આંતરરાષ્ટ્રીય સરહદ સુધી તમામ આધુનિક સુવિધાઓ સાથે વિકાસ પ્રોજેક્ટ તરીકે ઓક્ટોબર, 2019માં કરતારપુર સાહિબ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું. આઝાદી બાદ પ્રથમ વાર શીખોનાં પવિત્ર તીર્થસ્થળ કરતારપુર કોરિડોરની માંગને કેન્દ્ર સરકારે પૂરી કરી.
- ગુરુ નાનકદેવનું નિવાસ સ્થાન કરતારપુર પાકિસ્તાનમાં છે, જેનાં દર્શન ભારતીયો અત્યાર સુધી દૂરબીનથી કરતા હતા. 9 નવેમ્બર, 2019નાં રોજ વડાપ્રધાન મોદીએ 120 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલાંકરતારપુર કોરિડોરનું ઉદઘાટન કર્યું. તેનાથી








## નાગરિકતા સુધારા કાયદા (CAA)થી દાયકાઓ બાદ ન્યાય

- આ વિધેયકથી એ કરોડો લોકોને સન્માન સાથે જીવવાની તક મળશે, જેઓ પાકિસ્તાન, બાંગલાદેશ અને અફઘાનિસ્તાનમાં લઘુમતી છે અને ધાર્મિક રીતે દાયકાઓથી પીડિત છે. આ ઉપરાંત, જેઓ કોઈ પણ રીતે ભારતનાં બંધારણની કોઇ પણ જોગવાઈઓ વિરુધ્ધ ન જતા હોય તેવા શરણાર્થીઓને પણ યોગ્યતનાં આધારે નાગરિકતા પૂરી પાડવાની જોગવાઈ છે. જેમ કે તસલીમા નસરીનને ભારતમાં આશરો આપવામાં આવ્યો છે.
- ભારતનાં પડોશી દેશ પાકિસ્તાન, બાંગલાદેશ, અફઘાનિસ્તાનમાં પીડિત ધાર્મિક લઘુમતીઓનાં અધિકારો અને સન્માનની રક્ષા માટે દાયકા જૂની સમસ્યાનાં ઉકેલ માટે કેન્દ્ર સરકારે નાગરિકતા કાનૂનમાં સુધારો કરીને ઐતિહાસિક નિર્ણય લીધો.
- 9 ડિસેમ્બરનાં રોજ લોકસભા, 11 ડિસેમ્બરનાં રોજ રાજ્યસભા અને 12 ડિસેમ્બર, 2019નાં રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આ વિધેયકને મંજૂરી આપી, જેમાં અફઘાનિસ્તાન, બાંગલાદેશ અને પાકિસ્તાનમાંથી ધાર્મિક સતામણીને કારણે ભારત આવેલા હિન્દુ, શીખ, બૌધ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી સમુદાયના લોકોને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ છે.
- આ ઉપરાંત, પૂર્વોત્તરનાં લોકોની ભાષાકીય, સાંસ્કૃતિક અને સામાજિક ઓળખ સુનિશ્ચિત કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

શીખ ધર્મની સંસ્કૃતિ અને પરંપરાને સન્માન મળ્યું.

- ભારતીય મૂળનાં તમામ ધર્મોનાં તીર્થયાત્રી હવે આ કોરિડોરનો ઉપયોગ કરીને કરતારપુરમાં શીશ ઝૂકાવી શકે છે. અહીં જવા માટે અલગથી વિઝાની જરૂર નથી પડતી. માત્ર એક માન્ય પાસપોર્ટ દ્વારા જઈ શકાય છે.
- ઇચ્છુક તીર્થયાત્રીઓનાં રજીસ્ટ્રેશન માટે ઓનલાઇન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.
- લંગરને જીએસટીમાંથી રાહત. દશમેશ ગુરુનાં પ્રકાશપર્વ પર કાર્યક્રમ. માત્ર કેશધારી શીખો જ એસજીપીસીની ચૂંટણી લડી શકે તેવો નિર્ણય લેવાયો.
- જૂન 2019 બાદ બ્લેક લિસ્ટેડ વિદેશી શીખ નાગરિકોની સમીક્ષા કરવામાં આવી અને માફી યોજના તરીકે શીખ કેદીઓને ગાંધી જયંતિએ બેચોમાં મુક્ત કરવામાં આવ્યા.
- પટના સાહિબ સહિત ગુરુ ગોવિંદ સિંહ સાથે સંકળાયેલા સ્થળોએ રેલ સુવિધાઓનું આધુનિકીકરણ પણ કર્યું છે.
- સ્વદેશ દર્શન યોજના દ્વારા પંજાબમાં આનંદપુર સાહિબ અને અમૃતસરમાં અમૃતસર સાહિબ સહિત તમામ મહત્વનાં સ્થળોને જોડીને એક ટુરિસ્ટ સર્કિટ બનનાવવામાં આવી રહી છે.
- ઉત્તરાખંડમાં હેમકુંડ સાહિબ માટે રોપ વે બનાવવાનું કામ પણ આગળ વધી રહ્યું છે.
- શીખ સમુદાય પ્રત્યે લગાવ અને સમર્પણને જોતાં શીખોનાં પાંચ તખ્તોમાંથી એક સચખંડ શ્રી હજૂર સાહિબે વડાપ્રધાન મોદીને સન્માનપત્રથી નવાજ્યા છે.

### ઇતિહાસમાં પ્રથમ વાર સવર્ણોને અનામત

**સામાન્ય વર્ગને આર્થિક આધારે 10 ટકા અનામત આપીને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો. તેનાં દ્વારા વાર્ષિક આઠ લાખ રૂપિયાની આવક ધરાવતા સામાન્ય વર્ગના ઉમેદવારોને કેટલીક શરતો સાથે અનામતનો લાભ મળે છે.**

## ટ્રિપલ તલાક

- ભારતના સંસદીય ઇતિહાસમાં 30 જુલાઇ, 2019ની તારીખ મહત્વનાં પડાવ તરીકે નોંધાઈ ચૂકી છે. ઐતિહાસિક તીન તલાક બિલ પસાર થયા બાદ અસ્તિત્વમાં આવેલા આ કાયદાએ મુસ્લિમ મહિલાઓને ન્યાય અને સન્માનની દિશામાં એ સફળતા હાંસલ કરી, જેની દાયકાઓથી રાહ જોવાતી હતી.

**તીન તલાક સંબંધિત કાયદો બન્યા બાદ ઇતિહાસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ ચોક્કસપણે રાજા રામમોહન રાય અને ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા સામાજિક સુધારકોની શ્રેણીમાં મૂકવામાં આવશે. તીન તલાક સંબંધિત કાયદો મુસ્લિમ મહિલાઓનાં હિતો અને અધિકારોની દિશામાં ક્રાંતિકારી પગલું સાબિત થશે અને હવે તેમનાં માટે નવાં યુગનો પ્રારંભ થશે.**

**-અમિત શાહ, કેન્દ્રીય ગૃહ મંત્રી**






## સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ

સરહદી વિસ્તારોમાં વિકાસ કાર્યોને વેગ આપવા અને સ્થાનિક લોકોને રાષ્ટ્રીય સલામતીમાં તેમની ભૂમિકા અંગે જાગૃત કરવાના હેતુથી સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ શરૂ કરવામાં આવ્યો. 12 નવેમ્બર, 2020નાં રોજ કચ્છમાં ધોરડો ખાતે પ્રથમ 'સીમાંત ક્ષેત્ર વિકાસોત્સવ-2020'નું ઉદઘાટન કરવામાં આવ્યું. કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાનાં 158 સરહદી ગામોનાં પ્રધાનો, જિલ્લા અને તાલુકા પંચાયતોનાં સભ્યોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

## રાજ્યોમાંથી AFSPA આંશિક હટાવાયો

8 વર્ષમાં પૂર્વોત્તર રાજ્યોમાં કાયમી શાંતિ બાદ અનેક સ્થળોએ સશસ્ત્ર દળ વિશેષ અધિકાર કાનૂન (AFSPA) હટાવવામાં આવ્યો છે. તાજેતરમાં જ, આસામ, નાગાલેન્ડ અને મણિપુરનાં અનેક જિલ્લાઓમાં AFSPA હટાવવામાં આવ્યો છે.



## સુગમ્ય ભારતમાં દિવ્યાંગોની ચિંતા

3 ડિસેમ્બર, 2015નાં રોજ સર્વસુલભ સુગમતા પ્રાપ્ત કરવા માટે રાષ્ટ્રવ્યાપી સુગમ્ય ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું. તેનો હેતુ દિવ્યાંગજનોને સલામત, સ્વતંત્ર અને ગરિમાપૂર્ણ જીવન માટે નિર્વિઘ્ન વાતાવરણ તૈયાર કરવાનો છે. 35 આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, 55 સ્થાનિક એરપોર્ટ, એ1 શ્રેણી સહિત પસંદગીનાં 709 રેલવે સ્ટેશન પર સુગમ્યતાની સુવિધા આપવામાં આવી છે. આ જ રીતે, રાજ્ય સરકાર અને તેનાં વિભાગોની 603 વેબસાઇટને સુગમ્ય બનાવવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની ઇમારતોને સુગમ્ય બનાવવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. આ ઉપરાંત, 19 ખાનગી સમાચાર ચેનલો આંશિક રીતે સુગમ્ય સમાચાર બુલેટિન પ્રસારિત કરી રહ્યા છે.

## 5 દાયકા રાહ જોયા પછી બોડો સમજૂતિ પર હસ્તાક્ષર

- વડાપ્રધાનના વિઝન 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ ઔર સબકા પ્રયાસ'એ વધુ એક સફળતા મેળવી છે. 50 વર્ષથી વધુ સમયથી ચાલી રહેલી બોડો સમસ્યાનો અંત લાવવા માટે વ્યાપક સમજૂતિ.
- બોડો ક્ષેત્રનાં વિકાસ માટે આશરે 1500 કરોડ રૂપિયાનું વિશેષ વિકાસ પેકેજ. વડાપ્રધાન મોદીનાં આહવાનથી સમજૂતિ બાદ 1600થી વધુ બોડો કેડર આત્મસમર્પણ કરીને મુખ્યપ્રવાહમાં આવ્યા.

## બ્રુ (રિયાંગ) શરણાર્થી સમસ્યાનો ઉકેલ આવ્યો

- કેન્દ્ર સરકારે મિઝોરમ અને ત્રિપુરા સાથે ત્રિપક્ષીય સમજૂતિ કરીને બે દાયકા જૂના બ્રુ (રિયાંગ) શરણાર્થી સમસ્યા ઉકેલ.
- લગભગ 37,000 આંતરિક વિસ્થાપિતોનું ત્રિપુરમાં પુનર્વસન કરવામાં આવ્યું.
- ત્રિપુરાને બ્રુ (રિયાંગ) શરણાર્થીનાં પુનર્વસન અને સર્વાંગી વિકાસ માટે 600 કરોડ રૂપિયા.

## ઓગસ્ટ 2019: એનએલએફટી (ત્રિપુરા) સમજૂતિ

- ભારત સરકાર, ત્રિપુરા સરકાર અને રાષ્ટ્રીય ત્રિપુરા મુક્તિ મોર્ચા (એનએલએફટી/એસડી) વચ્ચે ઓગસ્ટ 2019માં ત્રિપક્ષીય સમજૂતિ
- એનએલએફટી (એસડી)એ હિંસાનો માર્ગ છોડવા, મુખ્યપ્રવાહમાં સામેલ થવા અને ભારતના બંધારણનું પાલન કરવા મંજૂરી આપી. પરિણામે, 44 શસ્રો સાથે 88 કેડરે આત્મસમર્પણ કર્યું.

# અયોધ્યાનો નિર્ણય



- આ ઐતિહાસિક નિર્ણયે એક સદીથી જૂના વિવાદને સમાપ્ત કરીને દેશમાં સામાજિક સમરસતા અને સદભાવનાનો સંદેશ આપ્યો.
- 492 વર્ષ જૂના વિવાદાસ્પદ ઇતિહાસનો સુખદ અંત 9 નવેમ્બર, 2019નાં સુપ્રીમ કોર્ટનાં ચૂકદાથી આવ્યો, જ્યારે સમગ્ર જમીન રામલલ્લા વિરાજમાનને સોંપી દેવામાં આવી અને મસ્જિદ માટે અલગથી પાંચ એકર જમીન આપવામાં આવી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5 ઓગસ્ટ, 2020નાં રોજ અયોધ્યામાં રામજન્મભૂમિ મંદિર નિર્માણનો શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે આ મંદિર બન્યા પછી અયોધ્યાની ભવ્યતા વધશે એટલું જ નહીં પણ સમગ્ર વિસ્તારનું અર્થતંત્ર બદલાઈ જશે.
- અહીં દરેક વિસ્તારમાં નવી તકો સર્જાશે. વિચારો, સમગ્ર વિશ્વમાંથી લોકો અહીં આવશે, આખી દુનિયા પ્રભુ રામ અને માતા જાનકીના દર્શન કરવા આવશે.

# કાશી વિશ્વનાથ કોરિડોર...

- આસ્થાનું કેન્દ્ર શ્રી કાશી વિશ્વનાથ યાત્રા સ્થળ ભવ્ય રૂપમાં આકાર લઈ ચૂક્યું છે, જેનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે કર્યું. આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત તીર્થ શ્રી કાશી વિશ્વનાથ મંદિર હિન્દુ આસ્થાનું અત્યંત મહત્વપૂર્ણ કેન્દ્ર છે. હવે મા ગંગા અને કાશી વિશ્વનાથને જોડવાના સંકલ્પને સાકાર કરવામાં આવ્યું.
- આ પ્રોજેક્ટ દ્વારા આસપાસના વિસ્તાર જ નહીં, વારાણસીની પણ કાયાપલટ થઈ રહી છે. આ આસ્થાની પરંપરાને ભવ્ય રૂપ પ્રદાન કરવાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે. જેમની પ્રેરણાથી મંદિરનું ભવ્ય રૂપ સામે આવ્યું છે.

# ભગવાન કેદારનાથ ધામની નગરીને મળ્યું ભવ્ય અને દિવ્ય સ્વરૂપ

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ડ્રીમ પ્રોજેક્ટમાં સમાવિષ્ટ કેદારનાથ ધામ ગંભીર કુદરતી આપત્તિથી સર્જાયેલા વિનાશનાં સાત વર્ષ બાદ પુનઃનિર્માણ કાર્યની ઝડપને કારણે મંદિર પોતાના જૂના સ્વરૂપમાં પાછું આવી રહ્યું છે. કોરોના કાળના ઉપયોગ કરીને ઝડપથી કામ કરવામાં આવ્યું અને આઇટીનાં ઉપયોગથી તીર્થનાં ઐતિહાસિક-સાંસ્કૃતિક મહત્વને પ્રદર્શિત કરવાની પહેલ કરી છે.
- કેદારનાથ ધામ વડાપ્રધાન મોદી માટે કેટલી શ્રધ્ધાનું કેન્દ્ર છે, તેનો અંદાજ તેના પરથી લગાવી શકાય કે તેઓ પોતાનાં મનની શાંતિ માટે ત્યાં જાય છે. મુખ્યમંત્રી અને વડાપ્રધાન બનતાં પહેલાં પણ તેઓ કેદારનાથ ધામ જઇને સાધના કરતા રહ્યા છે.



# એક દેશ, એક કાયદો, એક પ્રતીકનું સપનું સાકાર

- ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના 'એક દેશ, એક કાયદો, એક વડા, એક પ્રતીક'નો સંકલ્પ આઝાદીનાં 72 વર્ષ બાદ પૂરો થઈ શક્યો છે. કલમ 370 અને 35A હટાવ્યા ધરતીનું સ્વર્ગ ગણાતું જમ્મુ-કાશ્મીર અને લડાખ પણ આઝાદી બાદ દેશનાં બાકીનાં રાજ્યો સાથે વિકાસમાં ખભે ખભો મિલાવી રહ્યું છે.
- જમ્મુ કાશ્મીરને અલગ રાજ્યનો દરજ્જો આપતી 370મી કલમને નાબૂદ કરવાનો નિર્ણય 5 ઓગસ્ટ, 2019નાં રોજ લેવાયો અને મોદી સરકારે છ દાયકાના અંતરને છ વર્ષમાં ખતમ કરી દીધું.
- આ સાથે સાચા અર્થમાં જમ્મુ-કાશ્મીરનું વાસ્તવિક રીતે એકીકરણ થયું છે. સમગ્ર વિસ્તારને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વહેંચવામાં આવ્યો-જમ્મુ કાશ્મીર (વિધાનસભા સાથે) અને લડાખ-વિશેષ પરિસ્થિતિને કારણે વિધાનસભા વગર.
- રાજ્ય પુનર્ગઠન વિધેયક સંસદમાં પસાર થવાથી લડાખની 70 વર્ષ જૂની માંગ પૂરી થઈ. હવે જમ્મુ-કાશ્મીર અને લડાખ સામાજિક-આર્થિક સશક્તિકરણની દિશામાં આગળ વધ્યું, મૂળ નિવાસી કાયદો લાગુ પડ્યો, સ્થાનિક લોકોને લોકશાહી હક મળ્યો. પંચાયતી રાજ વ્યવસ્થા લાગુ થઈ.

**કલમ 370 અને 35Aએ જમ્મુ-કાશ્મીરને આતંકવાદ, અલગતાવાદ, પરિવારવાદ અને ભ્રષ્ટાચાર સિવાય કંઇ નથી આપ્યું. જમ્મુ-કાશ્મીર અને લડાખનો વિકાસ એ ગતિથી ન થઈ શક્યો જેટલો થવો જોઇતો હતો, હવે વ્યવસ્થાની આ કમી દૂર થવાથી આ વિસ્તારનાં લોકોનું વર્તમાન તો સુધરશે જ, તેમનું ભવિષ્ય પણ સુરક્ષિત થશે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## કલમ 370 નાબૂદ થયા બાદ પ્રથમ વાર જમ્મુ-કાશ્મીર ગયા વડાપ્રધાન



કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ કર્યા પછી અને કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 24 એપ્રિલનાં રોજ પ્રથમ વાર કાશ્મીર ગયા. તેમણે રૂ. 20,000 કરોડનાં વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા એટલું જ નહીં પણ સંદેશો આપ્યો કે અમૃતકાળનાં 25 વર્ષમાં નવું જમ્મુ-કાશ્મીર વિકાસની નવી ગાથા લખશે. અહીં આઝાદી બાદ સાત દાયકમાં માત્ર 17,000 કરોડનું ખાનગી રોકાણ થયું હતું. અને હવે માત્ર છેલ્લાં બે વર્ષમાં કંપનીઓ રૂ. 38000 કરોડનું રોકાણ કરવા આવી રહી છે. ભારતનો વિકાસ વોકલ ફોર લોકલના મંત્રમાં છુપાયેલો છે, તો ભારતીય લોકશાહીનાં વિકાસની તાકાત પણ લોકલ ગવર્નન્સ એટલે કે પંચાયતી રાજ વ્યવસ્થામાં જ છે. કામનો દાયરો ભલે લોકલ હોય પણ તેની સામૂહિક અસર વૈશ્વિક થવાની છે. આ કારણસર, પંચાયતોની તાકાત સતત વધારવામાં આવી રહી છે. પંચાયતોમાં જે પણ થશે, તેનાંથી દેશની છબી વધુ નિખરે, દેશનાં ગામડાં વધુ મજબૂત બને. વડાપ્રધાન મોદીએ પંચાયતી દિવસ પર સ્વામિત્વ કાર્ડ વિતરિત કરવા, અમૃત સરોવર પહેલનો શુભારંભ, જન ઔષધિ કેન્દ્ર સમર્પિત કરતી વખતે આ ઇચ્છા વ્યક્ત કરી હતી. પંચાયતી રાજ દિવસ જમ્મુ-કાશ્મીરમાં મનાવવો એક મોટાં પરિવર્તનનું પ્રતીક છે. અહીં લોકશાહી પાયાના સ્તરે પહોંચી છે.







## ભારતને એકતાના સૂત્રમાં બાંધી રાખનાર સરદાર પટેલ

- ભારતને એક કરનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શ્રધ્ધાંજલિ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું અનાવરણ કર્યું. 600 ફુટ ઊંચી પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી મૂર્તિ છે. આ પ્રતિમાને પાયો 2013માં નાખવામાં આવ્યો હતો. એ વખતે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા.
- સમગ્ર દેશમાં વીર સાવરકર ઉપરાંત છત્રપતિ શિવાજી મહારાજ, બિરસા મુંડા, દીનબંધુ સર છોટુરામ, રાજા મહેન્દ્ર પ્રતાપ, મહારાજા સુહેલદેવ સહિતની અનેક હસ્તીઓનાં વારસાને પુનર્જીવિત કરવામાં આવ્યો છે.



## મહાનાયકોનાં વારસાને સન્માન મળ્યું

ભૂતકાળથી તદ્દન વિપરીત રાષ્ટ્રનાં એ ગુમનામ નાયકો, જેમની અત્યાર સુધી ઉપેક્ષા કરવામાં આવતી હતી તેમને ઓળખ અપાવવાની દિશામાં પ્રથમ વાર કેન્દ્ર સરકારે પગલું ભર્યું. જેથી અભૂતપુર્વ કામ કરનારી વ્યક્તિઓનું સન્માન કરીને યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપીને જાગૃત અને પ્રેરિત કરી શકાય...



## બાબા સાહેબ આંબેડકર

ડો. ભીમરાવ આંબેડકર આધુનિક ભારતના નિર્માતાઓમાંના એક હતા. ભારતના રાજકીય ચિંતનમાં તેમનું યોગદાન અજોડ રહ્યું છે. જો કે, અગાઉ તેમના વારસાને તે સન્માન આપવામાં આવ્યું ન હતું જેનાં માટે તેઓ હકદાર હતા. આ ઐતિહાસિક ભૂલોને સુધારીને નરેન્દ્ર મોદી સરકારે 'પંચતીર્થ'ના રૂપમાં ડૉ. આંબેડકરના જીવન સાથે ગાઢ રીતે સંકળાયેલા કેટલાંક ઐતિહાસિક મહત્વના સ્થળોને વિકસાવવાનો સાહસિક નિર્ણય લીધો હતો. ડૉ. આંબેડકરના માનમાં 26 નવેમ્બરને 'બંધારણ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

## નેતાજીનાં વારસાને પુનર્જીવિત કરવો

નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા સ્થાપિત આઝાદ હિન્દ સરકારની 75મી વર્ષગાંઠ મનાવવા માટે વડાપ્રધાને દિલ્હીમાં લાલ કિલ્લા પર ત્રિરંગો લહેરાવ્યો. આ સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ હતી, જ્યારે ભારતના સ્વતંત્રતા આંદોલનના મહાનાયકનાં વારસાને સ્વતંત્રતા બાદ સન્માનિત કરવામાં આવ્યો. આઝાદ હિન્દ ફોજનાં ચાર સભ્યોએ 2019માં પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લીધો. મોદી સરકારે નેતાજી સુભાષચંદ્ર બોઝ સંબંધિત મોટા ભાગની ગુપ્ત ફાઈલોને ગુપ્ત યાદીમાંથી હટાવીને નેતાજીનાં પરિવારની પેન્ડિંગ માંગને પણ પૂરી કરી. ઈન્ડિયા ગેટ પર નેતાજીની પ્રતિમા સ્થાપવાની જાહેરાત કરવામાં આવી.





# ગુમનામ નાયકોને પદ્મ સન્માન

વીઆઈપી કલ્ચરને નાબૂદ કરવાથી માંડીને દેશનાં સર્વોચ્ચ નાગરિક સન્માનને પ્રથમ વાર સાચા અર્થમાં સામાન્ય નાગરિકો સુધી પહોંચાડવાની પહેલ વર્તમાન શાસનમાં થઈ. લાગવગને આધારે નહીં, પણ સાચા કામનું સન્માન થવા લાગ્યું અને પદ્મ પુરસ્કારોની સમગ્ર પ્રક્રિયાને સામાન્ય નાગરિકો માટે ખોલવામાં આવી. આને કારણે વ્યક્તિનું નામ નહીં પણ તેનાં કામનું મહત્વ વધી ગયું છે. પદ્મ પુરસ્કારોની બદલાયેલી નીતિને કારણે હવે ન્યૂ ઇન્ડિયાનાં નવા નાયકોને દેશનું નાગરિક સન્માન મળવા લાગ્યું છે, જે સમાજને નવી પ્રેરણા આપતી કહાની અને અનુભવને બહાર લાવે છે.



# પ્રધાનમંત્રી સંગ્રહાલય

- દેશનાં 70 વર્ષનાં વિકાસ અને સહિયારા વારસાની ઝલક દિલ્હીનાં તીનમૂર્તિ ભવન સ્થિત પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં જોવા મળી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બાબા સાહેબ આંબેડકરની જયંતી પ્રસંગે તેની શરૂઆત કરી.
- આ સંગ્રહાલય સ્વતંત્રતા બાદ દેશનાં વડાપ્રધાનોનાં જીવન અને યોગદાનનાં માધ્યમથી લખવામાં આવેલી ભારતની ગાથાનું વર્ણન કરે છે. પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં દેશનાં 14 ભૂતપુર્વ વડાપ્રધાનોનાં જીવનની ઝલકની સાથે સાથે રાષ્ટ્ર નિર્માણમાં તેમનાં યોગદાનને દર્શાવવામાં આવ્યું છે.
- સંગ્રહાલયનો હેતુ નવી પેઢીને અગાઉનાં વડાપ્રધાનોની જીવનશૈલી અને તેમનાં કાર્યોથી અવગત કરાવવાનો છે. તેનાં દ્વારા વડાપ્રધાનોનાં એ કાર્યો અંગે માહિતી આપવામાં આવશે, જેમણે દેશનાં વિકાસમાં મહત્વની ભૂમિકા નિભાવી છે. આ સંગ્રહાલય સ્વતંત્રતા સંગ્રામનાં પ્રદર્શનથી શરૂ કરીને બંધારણનાં નિર્માણ સુધીની ગાથા દર્શાવે છે.





## ઈન્ફ્રાસ્ટ્રક્ચર

# રાષ્ટ્રની દશા અને દિશાને ગતિની નવી શક્તિ

એવું માનવામાં આવે છે કે વિશ્વનાં કોઈ પણ દેશનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે સારું નથી હોતું કે તે ધનિક દેશ છેપણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સારું છે એટલાં માટે તે દેશ ધનિક છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર એવું સેક્ટર છે, જે દેશને વિકાસનાં માર્ગે આગળ લઈ જાય છે અને તેનાંથી રોજગારનું પણ સર્જન થાય છે. સારાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સમયની બચતની સાથે સાથે દેશનાં વિકાસની ગતિને નવી ઝડપ મળે છે. આ ઉપરાંત, તેનાથી મધ્યમવર્ગની જરૂરિયાતો અને મહત્વાકાંક્ષા પણ પૂરી થાય છે. આ કારણસર કેન્દ્ર સરકાર દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં માધ્યમથી કનેક્ટિવિટી વધારવા અને લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને એક સાથે અનેક મોરચે કામ કરી રહી છે...

## ઉડ્ડયન ક્ષેત્રમાં આગળ વધતાં ડગ

2016માં દેશની પ્રથમ નાગરિક ઉડ્ડયન નીતિ સાથે ભારતનાં ઉડ્ડયન સેક્ટરની સ્થિતિ બદલાવાની શરૂઆત થઈ.

રીજનલ કનેક્ટિવિટી સ્કીમ (RCS) દ્વારા નાના શહેરો પર ફોક્સ કરવામાં આવ્યું તો 'ઉડાન' યોજના દ્વારા ઓછા ભાડાંમાં ટિકિટ આપવાની શરૂઆત થઈ.

જાહેર-ખાનગી ભાગીદારી અંતર્ગત એરપોર્ટ પર સારી સુવિધાઓનો પાયો નાખવામાં આવ્યો. છ એરપોર્ટને સૌથી વધુ બોલી લગાવનાર કંપનીને 50 વર્ષનાં લીઝ પર આપવામાં આવ્યાં છે.

એર ઈન્ડિયાનું વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ 27 જાન્યુઆરી, 2022નાં રોજ પૂરું થયું. જે અંતર્ગત સરકારને વ્યૂહાત્મક ભાગીદાર પાસેથી 2700 કરોડ રૂપિયા મળ્યાં છે.

# ભારતમાં 2024 સુધી અમેરિકા જેવાં રોડ હશે..

કેન્દ્ર સરકારે 2024 પૂરું થાય તે પહેલાં ભારતનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમેરિકાની સમકક્ષ કરવાનો સંકલ્પ લીધો છે. દેશમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સારું બનવાથી રોજગારની તકો વધશે, એટલું જ નહીં પર્યટનને પણ પ્રોત્સાહન મળશે...

| પહેલાં | હવે |
| --- | --- |
| નેશનલ હાઈવે બાંધકામની ગતિ 2014-15માં પ્રતિ દિવસ 12 કિલોમીટર. | આશરે 37 કિલોમીટર પ્રતિ દિવસ થઈ ગઈ છે. સરકાર હવે દેશમાં પ્રતિ દિવસ 50 કિલોમીટર નેશનલ હાઈવે બનાવવાનું લક્ષ્ય માનીને ચાલી રહી છે. |

**62**

હજાર કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યાનો અંત લાવવા માટે

એપ્રિલ 2014 સુધી નેશનલ હાઈવેની લંબાઈ 91,287 કિલોમીટરથી વધીને ડિસેમ્બર 2021 સુધી લગભગ 1,41,000 કિલોમીટર થઈ ગઈ છે. આ સમયગાળામાં 50 ટકાથી વધુ વૃદ્ધિ થઈ છે. તો, નાણાકીય વર્ષ 2021-22માં મંત્રાલયે 24 ડિસેમ્બર સુધી 5,407 કિલોમીટર નેશનલ હાઈવેનું નિર્માણ કરવામાં આવ્યું.

**2024**

સુધી પૂરું થવાની આશા છે જોજિલા સુરંગનું કામ વર્ષ 2026ના લક્ષ્યને બદલે

**60** કિલોમીટરની અંદર એક જ ટોલ નાકું હોય તેનાં પર કામ કરવામાં આવી રહ્યું છે.

સલામતીને ધ્યાનમાં રાખીને દરેક ગાડીમાં 6 એરબેગ લગાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

બાંધકામ માટે કોઈ ઝાડને કાપવામાં ન આવે. આ માટે 1000થી વધુ કોન્ટ્રાક્ટ તૈયાર થશે.

**650 सुविधाएं**

650 ટ્રોમા સેન્ટર સાથે રોડ સાઈડમાં 650 સુવિધાઓ બનાવવામાં આવી રહી છે અને 28 નેશનલ હાઈવે પર ઈમરજન્સી લેન્ડિંગ રોડ-કમ-રનવે બનાવવામાં આવી રહ્યો છે.

નાણાકીય વર્ષ 2014-15થી માંડીને 19 એપ્રિલ 2022 સુધી પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મંજૂર રોડની કુલ લંબાઈ 3,23,462 કિલોમીટર છે.



# ગતિશક્તિ

## 107 લાખ કરોડથી બદલાશે દેશનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો નકશો

**25, 000**

કિમી નેશનલ હાઈવેનું નિર્માણ થશે સમગ્ર નાણાકીય વર્ષ 2022-23માં

**400**

નવી પેઢીની વંદે ભારત ટ્રેનથી ઝડપ વધશે

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે ક્ષમતા નિર્માણ, પીપીપી મોડ પર બે સ્થળો પર મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક બનાવવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવશે

- વિશ્વસ્તરીય આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે નેશનલ માસ્ટર પ્લાન પીએમ ગતિશક્તિને પ્રોત્સાહન આપવામાં સાત બાબતો રોડ, રેલ માર્ગ, હવાઈ માર્ગ, એરપોર્ટ, માલ પરિવહન, જળ માર્ગ અને લોજિસ્ટિક્સને સામેલ કરવામાં આવી છે.
- યુનિફાઇડ લોજિસ્ટિક્સ ઇન્ટરફેસ પ્લેટફોર્મ અને ઓપન સોર્સ મોબિલિટી સ્ટેક બનશે.
- પોસ્ટ અને રેલ નેટવર્કનું એકીકરણ થશે, તો એક સ્ટેશન-એક ચીજથી સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહન મળશે.
- મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ સુવિધાઓ માટે 100 કાર્ગો ટર્મિનલ સ્થપાશે.
- ભારતીય વૈશ્વિક ટેકનોલોજી અને ક્ષમતા વૃદ્ધિ કવચ અંતર્ગત રેલ માર્ગ નેટવર્કમાં 2000 કિલોમીટર જોડવામાં આવશે.
- શહેરી પરિવહન અને રેલવે સ્ટેશનો વચ્ચે મળશે મલ્ટી મોડલ કનેક્ટિવિટી.
- રાષ્ટ્રીય રોપવે વિકાસ યોજનામાં 60 કિલોમીટર લાંબાં રોપવે પ્રોજેક્ટ્સ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવશે.



# સુધારા, પ્રદર્શન અને પરિવર્તન સાથે વિકાસ પથ પર સતત અગ્રેસર રેલવે

રેલવે માળખાકીય વિકાસ, ઈનોવેશન, નેટવર્ક ક્ષમતામાં વિસ્તરણ, નૂર વૈવિધ્યીકરણ અને પારદર્શિતાનાં મુદ્દે અભૂતપુર્વ વૃધ્ધિ કરવામાં સફળ રહ્યું છે. આ ઉપરાંત, રેલવેએ ભવિષ્યનાં વિકાસ અને યાત્રીઓ માટે યાત્રાનાં આગામી સ્તરનો પાયો નાખવાનું કામ કર્યું છે. આ ઉપરાંત, રેલવેએ સુધાર, પ્રદર્શન અને પરિવર્તનના મંત્રને અનુરુપ સંચાલન અને મેનેજમેન્ટનાં તમામ ક્ષેત્રોમાં પરિવર્તનની શરૂઆત કરી છે.

## 1,835

**કિ.મી. પ્રતિ વર્ષ નવાં પાટા જોડવામાં આવ્યા રેલવેમાં વર્ષ 2014-2-21 દરમિયાન નવી લાઈનો અને મલ્ટી-ટ્રેક પ્રોજેક્ટ્સ દ્વારા**

- નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન નવી લાઇન, ડબલીકરણ, ગેજ પરિવર્તનમાં 2400 કિલોમીટરનાં લક્ષ્યની સરખામણીમાં 2904 કિલોમીટરનું લક્ષ્ય હાંસલ કરવામાં આવ્યું.
- ભારતીય રેલવે વિશ્વની સૌથી મોટી ગ્રીન રેલવે બનવાના મિશન તરીકે કામ કરી રહી છે અને વર્ષ 2030 પહેલાં 'શૂન્ય કાર્બન ઉત્સર્જન' બનવાની દિશામાં આગળ વધી રહી છે.
- 2014 બાદ રેલવે વિદ્યુતીકરણ લગભગ 10 ગણું વધી ગયું છે. 31-03-2022 સુધી ભારતીય રેલનાં બ્રોડગેજ નેટવર્કે 65,141 કિલોમીટર રૂટમાંથી 52,247 કિલોમીટર રૂટનું વિદ્યુતીકરણ કર્યું છે, જે કુલ નેટવર્કનાં 80.20 ટકા છે.



**15 નવેમ્બર 2021નાં રોજ રાણી કમલાપતિ રેલવે સ્ટેશન દેશનાં પ્રથમ ISO સર્ટિફાઈડ, પીપીપી મોડલ આધારિત રેલવે સ્ટેશન તરીકે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું. આશરે 200 સ્ટેશનો પર કામ ચાલુ.**

8 વર્ષ કર્તવ્યનાં માર્ગે...

## સલામત રેલવેની દિશામાં પ્રયાણ

- કુલ 444 પેનલ/સ્ટેશનોનાં ઇલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ પર કામ કરવામાં આવ્યું અને મોટી લાઈનો પર માનવરહિત રેલવે લેવલ ક્રોસિંગ ગેટને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધાં છે.
- 100 ટકા કવરેજ સાથે 68,800 કોચમાં બાયો ટોયલેટ લગાવવામાં આવ્યા.
- કવચ જેવી નવી સ્વદેશી ટેકનોલોજી, વંદે ભારત ટ્રેનો અને સ્ટેશનોનાં પુનઃવિકાસ પર ફોકસ કરવામાં આવી રહ્યું છે.
- કેન્દ્રીય બજેટ 2022-23માં દેશમાં આગામી ત્રણ વર્ષમાં ભારતમાં 400 વંદે ભારત ટ્રેનની જાહેરાત કરવામાં આવી છે.
- નાના ખેડૂતોને ધ્યાનમાં રાખીને એક સ્ટેશન-એક ચીજ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.
- 7 હાઈ સ્પીડ રેલ કોરિડોર માટે સર્વેક્ષણ કરવા અને ડીપીઆર તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે.
- અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પ્રગતિમાં છે. ભરૂચમાં પિલ્લરનું કામ પૂરું. પ્રથમ પરીક્ષણ 2026માં બિલિમોરા અને સુરત વચ્ચે હાથ ધરવામાં આવશે.
- માલગાડીઓ માટે 2 ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર બનાવવાની શરૂઆત. 1504 કિ.મી લાંબો દાદરી-મુંબઈ કોરિડોર ટૂંક સમયમાં પૂરો થઈ શકે છે. 1856 કિ.મી. ના દાનાકુનીથી લુધિયાણા સુધીનાં ઈસ્ટર્ન કોરિડોરનું કામ ચાલી રહ્યું છે.
- કાશ્મીરમાં ચિનાબ નદી પર વિશ્વનાં સૌથી ઊંચા રેલવે બ્રિજનાં આર્કનું કામ પૂરું. બનિહાલથી બારામુલા સુધી 136 કિલોમીટર લાંબી રેલવે લાઈન શરૂ થઈ ચૂકી છે, તો પૂર્વોત્તર રેલવેનાં 75 ટકાથી વધુ માર્ગ પર અત્યાર સુધી વિદ્યુતીકરણ શરૂ થઈ ચૂક્યું છે.



# પોર્ટ સંબંધિત વિકાસ માટે પ્રતિબધ્ધ સાગરમાલા યોજના...

- પોર્ટનાં આધુનિકીકરણ અને નવા પોર્ટનાં વિકાસ, પોર્ટની કનેક્ટિવિટી વધારવા, પોર્ટ આધારિત ઔદ્યોગિકીકરણ અને કાંઠાના સમુદાયોનાં વિકાસનાં હેતુથી માર્ચ 2015માં સાગરમાલા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.
- 13 ટોચનાં પોર્ટની ક્ષમતા માર્ચ 2014નાં અંતમાં પ્રતિ વર્ષ 871.52 મિલિયન ટન હતી, જે માર્ચ 2021નાં અંત સુધી 79 ટકા વધીને 1560.61 મિલિયન ટનનાં સ્તરે પહોંચી ગઈ હતી.
- પોર્ટ્સ, શિપિંગ અને વોટરવેઝ મંત્રાલયનાં રિપોર્ટ કાર્ડ પ્રમાણે વર્ષ 2035 સુધી 5.48 લાખ કરોડ રૂપિયાનાં 802 પ્રોજેક્ટ્સ પૂરા કરવાના છે, જેમાંથી 99,000 કરોડ રૂપિયાનાં 194 પ્રોજેક્ટ્સ પૂરાં થઈ ગયા છે. 45,000 કરોડ રૂપિયાનાં મૂલ્યનાં કુલ 29 પ્રોજેક્ટ્સ પીપીપી મોડલ અંતર્ગત છે.
- આ ઉપરાંત, 2.21 લાખ કરોડ રૂપિયાનાં મૂલ્યનાં 218 પ્રોજેક્ટ્સ નિર્માણાધીન છે અને તે બે વર્ષમાં પૂરા થવાની આશા છે. આ ઉપરાંત, 2.37 લાખ કરોડ રૂપિયાનાં મૂલ્યનાં 390 પ્રોજેક્ટ્સ વિકાસનાં તબક્કામાં છે.
- દરિયા કિનારાનાં વિકાસ અને ઔદ્યોગિક અને નિકાસ વૃધ્ધિને પ્રોત્સાહન માટે પોર્ટ આધારિત ઔદ્યોગિકીકરણ કરવામાં આવી રહ્યું છે. 14 કોસ્ટલ ઈકોનોમિક ઝોન દ્વારા તે હાંસલ કરવામાં આવશે. મહારાષ્ટ્રનાં ઉત્તર કાંઠે વધાવનમાં એક નવાં ડીપ ડ્રાઉચ પોર્ટનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.



## ભારતમાલા પ્રોજેક્ટ

પોર્ટ અને રોડ, નેશનલ કોરિડોરની સ્થિતિ સુધારવી અને નવાં નેશનલ કોરિડોર બનાવવા પણ આ પ્રોજેક્ટમાં સામેલ છે. સાત તબક્કામાં 34,800 કિલોમીટર લાંબા રોડ બનાવવામાં આવશે. 50 ઈકોનોમિક કોરિડોર બનાવવામાં આવશે. 4 લેન અથા તેનાંથી વધુ લેન ધરાવતા હાઈવેથી 500 જિલ્લાને જોડવામાં આવી ચૂક્યા છે. અત્યાર સુધી 8,134 કિ.મી રોડ બનાવી દેવામાં આવ્યા છે.



## પર્વતમાલા

દેશમાં પ્રથમ વાર હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને ઉત્તર-પૂર્વનાં રાજ્યો માટે પર્વતમાલા યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાથી પર્વતો પર પર્યટન અને કનેક્ટિવિટીની આધુનિક વ્યવસ્થા બનશે. આ રોપવે પ્રોજેક્ટ 3 S પર આધારિત છે. આ પ્રોજેક્ટથી પ્રતિ કલાક 6000-8000 લોકો પ્રવાસ કરી શકે છે. વર્ષ 2022-23માં 60 કિલોમીટર લાંબાં આઠ પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટ આપવામાં આવશે. તેનાથી આપણા સરહદી ગામડાં મજબૂત બનશે.



# જળમાર્ગ

**111** આંતરદેશીય જળમાર્ગ છે હવે ભારતમાં. 2014માં તેની સંખ્યા માત્ર પાંચ હતી.

- ભારત સરકારનાં પોર્ટ, શિપિંગ અને વોટરવેઝ મંત્રાલય અંતર્ગત અગ્રણી ભારતીય પોર્ટે અગાઉનાં નાણાકીય વર્ષની સરખામણીમાં નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન જહાજની હેરફેરમાં 6.94 ટકા અસરકારક વૃધ્ધિદર હાંસલ કર્યો છે.
- ભારતમાં જળમાર્ગના સંચાલન માટેની કાનૂની સંસ્થા ધ ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI)એ રાષ્ટ્રીય જળમાર્ગ દ્વારા કુલ 105 મિલિયન ટન કાર્ગોનું પરિવહન કર્યું છે, જે વર્ષ પ્રતિ વર્ષ ધોરણે 25.61 ટકાનો વધારો સૂચવે છે.
- મોટાં પોર્ટ પર કન્ટેનર શિપ્સ માટે સરેરાશ ટર્નએરાઉન્ડ ટાઈમ 2014માં 43.44 કલાક હતો, જે 2021માં ઘટીને 26.58 કલાક થયો છે. આનાથી સમયમાં મોટી બચત થઈ છે.



## સ્માર્ટ સિટી મિશનથી શહેરી વિકાસને ગતિ

- સ્માર્ટ સિટીઝ મિશન (SCM) એક પરિવર્તનલક્ષી મિશન છે, જેનો હેતુ દેશમાં શહેરી વિકાસના કામની પદ્ધતિઓમાં વ્યાપક પરિવર્તન લાવવાનો છે.
- SCM હેઠળ સૂચિત કુલ પ્રોજેક્ટમાંથી રૂ. 1,93,143 કરોડના 7,905 પ્રોજેક્ટ માટે ટેન્ડરો 10 એપ્રિલ 2022 ના રોજ આપવામાં આવ્યા છે અને આશરે રૂ. 1,80,508 કરોડનાં 7,692 પ્રોજેક્ટ્સ માટે કામ ફાળવાઈ ગયાં છે. રૂપિયા 60,919 કરોડનાં 3,830 પ્રોજેક્ટ પૂર્ણ થયા છે અને હાલમાં કાર્યરત છે.
- સ્માર્ટ સિટી મિશન અંતર્ગત 2,05,018 કરોડ રૂપિયાનાં કુલ રોકાણમાંથી 93,552 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ્સને કેન્દ્ર અને રાજ્યના ફન્ડમાંથી વિકસાવવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. 10 એપ્રિલ 2022 સુધી તેમાંથી લગભગ 100 ટકા એટલે કે 92,300 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ્સ પર કામ કરવાનો આદેશ અપાઈ ગયો છે. સ્માર્ટ સિટી મિશનની નાણાકીય પ્રગતિમાં પણ ઝડપ આવી છે. 2018માં મિશનમાં કુલ ખર્ચ 1000 કરોડ રૂપિયા થયો હતો, જે હવે વધીને રૂપિયા 45,000 કરોડ થઈ ગયો છે. શહેરોને ભારત સરકારનાં કુલ ભંડોળમાંથી 91 ટકાનો ઉપયોગ થઈ ગયો છે.

## ગ્રાહકોનાં હિતોનાં રક્ષણ માટે રેરામાં ક્રાંતિકારી જોગવાઈ

- (RERA): રેરા કાયદામાં પરિવર્તનકારી જોગવાઈ કરવામાં આવી છે, જે અંતર્ગત રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ગ્રાહકોને છેતરતા બિલ્ડર સામે કડક સજા થઈ શકે. કોઈ પણ પ્રોજેક્ટને સક્ષમ અધિકારી દ્વારા મંજૂર પ્રોજેક્ટનાં નકશા વગર વેચી ન શકાય. નોટબંધી અને જીએસટી કાયદા બાદ રેરાએ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મોટા પાયે કાળા નાણાને નાબૂદ કર્યું છે.
- નાગાલેન્ડને બાદ કરતાં તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ રેરા અંતર્ગત નિયમો બહાર પાડ્યાં છે. નાગાલેન્ડમાં પ્રક્રિયા ચાલી રહી છે. આ ઉપરાંત, 31 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ લેન્ડ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની સ્થાપના કરી છે.
- 28 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ લેન્ડ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલની સ્થાપના કરી છે અને તેની વેબસાઈટ એપેલેટ ઓથોરિટી દ્વારા સંચાલિત થઈ રહી છે.
- દેશભરમાં રેરા રજીસ્ટર્ડ 78,734 રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ અને 62,204 રિયલ એસ્ટેટ એજન્ટ્સ નોંધાયા છે. દેશભરમાં લેન્ડ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા 88,894 ફરિયાદો ઉકેલવામાં આવી છે. (16 એપ્રિલ, 2022ની સ્થિતિએ).

# નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન પ્રોજેક્ટ

નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઈન પ્રોજેક્ટ (NIP) 6,835 પ્રોજેક્ટ સાથે શરૂ કરવામાં આવ્યો હતો. હવે કુલ રૂ. 142.45 લાખ કરોડનાં ખર્ચે NIPનું વિસ્તરણ લગભગ 9,367 પ્રોજેક્ટ્સ સુધી થયું છે. હાલમાં 2,444 પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે.


## શહેરી પરિવહન

2014 અગાઉ દેશમાં માત્ર 5 શહેરોમાં જ મેટ્રોની સુવિધા હતી. 2014 સુધી દેશના માત્ર દિલ્હી-એનસીઆરમાં જ મેટ્રોનું વ્યાપક વિસ્તરણ હતું. બાકીનાં માંડ એક બે શહેરોમાં મેટ્રો સેવા શરૂ જ થઈ હતી. આજે મેટ્રો દેશના બે ડઝનથી વધુ શહેરોમાં કાર્યરત થઈ ગઈ છે અથવા ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. દિલ્હી મેટ્રો નેટવર્ક પર 94 કિ.મી પર ડ્રાઈવર વિનાની ટ્રેન ચાલે છે. આ સાથે, ભારત વિશ્વની મેટ્રો સિસ્ટમ્સનાં વિશિષ્ટ વર્ગમાં ચોથા ક્રમે છે જે ડ્રાઈવર વિનાની ટ્રેનોનું સંચાલન કરે છે.



**700** | કિ.મી થઈ મેટ્રો રૂટની લંબાઇ 2021 સુધી. 2014માં તે માત્ર 250 કિ.મી હતી. 1000 કિ.મી. લાંબા નવા મેટ્રો રૂટ પર કામ ચાલુ છે.

## સેન્ટ્રલ વિસ્ટા



સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ આત્મનિર્ભર ભારતના નિર્માણ તરફ આપણી પ્રતિબદ્ધતા અને પ્રયાસોનું પ્રતીક છે. નવી સંસદ ભારતીય સામગ્રીનો ઉપયોગ કરીને ભારતીયો દ્વારા ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવી રહી છે. આ પ્રથમ ભારતીય સંસદ હશે જે લોકોની, લોકો દ્વારા અને લોકો માટે બનાવવામાં આવશે

## મિશન અમૃતથી બદલાઇ રહી છે તસવીર..

- 80,713 કરોડ રૂપિયાનાં 5818 પ્રોજેક્ટસ અમલી છે.
- વડાપ્રધાન મોદીએ શહેરોને જળ સુરક્ષિત કરવા અને તમામ ઘરોમાં નળ દ્વારા પાણી પહોંચાડવાના હેતુથી 1 ઓક્ટોબર 2021નાં રોજ અમૃત 2.0 લોંચ કર હતી.
- અમૃત 2.0 માટે કુલ જોગવાઇ રૂ. 2,77,000 કરોડ છે, જેમાં 2021-22થી 2025-26ની મુદત માટે રૂ. 76,760 કરોડનાં કેન્દ્ર સરકારનાં ફાળાનો સમાવેશ થાય છે.
- જળ પુરવઠા ક્ષેત્રમાં 41,850 કરોડનાં 1326 પ્રોજેક્ટ્સ માટે કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યા છે, જેમાં 11,530 કરોડ રૂપિયાનાં 740 પ્રોજેક્ટ્સ પૂરા કરી દેવામાં આવ્યા છે.
- આ ઉપરાંત, 358 કરોડ રૂપિયાનાં 18 પ્રોજેક્ટ્સ ટેન્ડરનાં વિવિધ તબક્કામાં છે. બધાંને નળનું પાણી પૂરું પાડવા માટે 1.39 કરોડ નળ જોડાણો પૂરાં પાડવાનો લક્ષ્ય છે.

# દેશનાં સંરક્ષણ ક્ષેત્રની કાયાપલટ

**વર્ષોથી ભારતમાં સંરક્ષણ મંત્રાલયની છબી એવી મહાકાય સંસ્થા તરીકેની હતી, જેમાં ફેરફાર કરવો અત્યંત મુશ્કેલ હતો અને જ્યાં ધીમી ગતિથી કામ થતું હતું. આ મંત્રાલયની જવાબદારી દેશનાં રક્ષણની જ નહીં, પણ આશરે 15 લાખ સૈનિકો ધરાવતી વિશાળ સેના (ભૂમિ દળ, નૌકા દળ, વાયુ દળ અને તટરક્ષક)નો વહીવટ સંભાળવાની પણ છે. આ એ મંત્રાલય છે જેને સરકાર દર વર્ષે બજેટમાં સૌથી વધુ નાણા આપે છે. 2014માં સત્તા સંભાળનાર વર્તમાન સરકાર સમક્ષ અનેક પડકારો હતા. દાયકાઓ સુધી સંરક્ષણ ક્ષમતા અને તાકાત પર ધ્યાન નહોતું આપવામાં આવ્યું. તેમાં પરિવર્તન લાવવાનું હતું. પણ, કેન્દ્ર સરકારે સંરક્ષણ ઉત્પાદનમાં મેક ઈન ઈન્ડિયાની પહેલ કરી અને એટલી ઝડપથી સેના માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું કે દુશ્મન દેશોનાં ભવા ઊંચાં થઈ ગયા...**

### સ્વદેશીની દિશામાં સંરક્ષણ ખરીદ નીતિ

દેશનાં સંરક્ષણ ઉપકરણોની ખરીદીમાં પાયાનું પરિવર્તન લાવવા માટે સંરક્ષણ ખરીદ નીતિ 2016ની જાહેરાત પ્રથણ પગલું હતું. આ નીતિ જ માર્ગદર્શકનું કામ કરે છે. આ સિદ્ધાંતનો સીધો અર્થ એ છે કે સંરક્ષણ સામગ્રીની પરિકલ્પના કરીને પોતે જ જેનું ઉત્પાદન કરવા સક્ષમ છે, તેવી ભારતીય કંપનીઓને દેશની ત્રણેય સેનાઓ માટે ઉપકરણ અને શસ્ત્રો ખરીદવામાં પ્રાથમિકતા આપવામાં આવશે. અત્યાર સુધી કુલ 310 સંરક્ષણ સામગ્રી / પ્રણાલિઓની ત્રણ યાદી પ્રસિધ્ધ થઈ ચૂકી છે, જેની આયાતને પ્રતિબંધિત કરીને દેશમાં જ તેની ખરીદી કરવામાં આવશે. આ વખતે સંરક્ષણ બજેટમાં 68 ટકા રકમ સ્થાનિક બજારમાંથી સંરક્ષણ સામગ્રીની ખરીદી માટે ફાળવવામાં આવી છે.

### દરેક જરૂરિયાતનું ધ્યાન...

સંરક્ષણ મંત્રાલયમાં પછીનું પગલું હતું ત્રણેય સેનાઓમાં એ મહત્વની યોજનાઓની ઓળખ, જેનાં માટે તાત્કાલિક ફન્ડ પૂરું પાડવાનું અને તેને લાગુ કરવું જરૂરી હતું. જેમ કે, 50,000 બુલેટપ્રુફ જેકેટ ખરીદવાનું કામ ફાસ્ટટ્રેકનાં આધારે કરવામાં આવ્યું, કારણ કે આતંકવાદ અને ઘુસણખોરી ઓપરેશનમાં તૈનાત જવાનો પાસે પૂરતી માત્રામાં બુલેટપ્રુફ જેકેટની ભારે અછત હતી. ત્યાં સુધી કે જવાનોની સલામતી માટે અત્યંત જરૂરી હેલમેટ પણ નહોતાં અને આશરે બે દાયકા બાદ જવાનો માટે હેલમેટ ખરીદવાનું કામ શરૂ કરવામાં આવ્યું. કાનપુરની એક કંપની એમકેયુ ઈન્ડસ્ટ્રીઝને 1.58 લાખ હેલમેટ સપ્લાય કરવા માટે રૂ. 180 કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો. સપ્ટેમ્બર, 2016માં પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક બાદ પાકિસ્તાન તરફથી સંભવિત કોઈ પણ અટકચાળાનો સામનો કરવા માટે સલામતી બાબતોની

**48,000**
કરોડ રૂપિયામાં સ્વદેશી તેજસની ખરીદીને મંજૂરી

**25**
ટોચનાં શસ્ત્ર નિકાસકારોમાં પ્રથમ વાર ભારતનો સમાવેશ

**36**
રાફેલ વિમાનો ખરીદવાનો નિર્ણય લેવાયો. ફેબ્રુઆરી 2022 સુધી તેમાંથી 35 વિમાન ભારત આવી ચૂક્યા છે. તેની સ્ક્વોર્ડન અંબાલા અને હાશીમારા એરબેઝ પર તૈનાત કરવામાં આવી છે.



## સેનાને ખરીદશક્તિ આપી

- સંરક્ષણ દળોનાં આધુનિકીકરણ અને ખરીદી માટે 2022-23નાં બજેટમાં 1.52 લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી. 2014થી અત્યાર સુધી તેમાં આશરે 76 ટકા વધારો કરવામાં આવ્યો છે.
- ત્રણેય સેવાઓના કમાન્ડિંગ સ્તરનાં અધિકારીઓને 100 કરોડ રૂપિયા સુધી અને નાયબ સેનાધ્યક્ષનાં સ્તર પર 200 કરોડ રૂપિયા સુધીનાં સોદા મંજૂર કરવાની સત્તા આપવામાં આવી છે.
- ઘાતક શસ્ત્રો અને દારૂગોળો ખરીદવા માટે ત્રણેય સેનાઓને પ્રતિ પ્રોજેક્ટ 500 કરોડ રૂપિયા સુધીની નાણાકીય મંજૂરી આપી.

### બોર્ડર પર મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચર

| 2008 થી 2014 | |
|---|---|
| **3600** કી.મી રોડ | **7270** પુલ |
| **2014-2021** | |
| **6763** કી.મી રોડ | **15000** જેટલાં પુલ |



**ઘાતક શસ્ત્રોની ખરીદીઃ** રશિયાથી એસ-400 એર ડિફેન્સ સિસ્ટમની પ્રથમ ખેપ મળી ગઈ છે. કલાશનિકોવ એકે-203 હવે દેશમાં જ બનશે. ધનુષ, કે-9 વજ્ર, શારંગ અને અલ્ટ્રા લાઇટ હોવિત્ઝર તોપો હવે દેશમાં જ બની રહી છે. નૌસેનાને મજબૂતી આપવા માટે 6 સ્કોર્પિન સબમરીન ભારતમાં જ બનાવવામાં આવી છે. અપાચે અને ચીનુક હેલિકોપ્ટરએ વાયુ સેનાને મજબૂતી આપી છે.

**યુએપીએને તાકાતઃ** આતંકવાદને મૂળમાંથી નાબૂદ કરવા માટે વિધેયકમાં સંશોધન કરીને રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઇએ)ને વ્યાપક અધિકાર આપવામાં આવ્યા. ગેરકાયદેસર પ્રવૃત્તિ (અટકાયત) અધિનિયમ (Unlawful Activities (Prevention) Act-UAPA.) માં સુધારો કરીને તેને વધુ કડક બનાવવામાં આવ્યો છે.

## સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની પહેલ

- સુક્ષ્મ-લઘુ ઉદ્યોગો સાથે સ્ટાર્ટઅપને જોડવા માટે ઈન્ડેક્સ કેમ્પેન ચલાવવામાં આવ્યું
- મેક ઈન ઇન્ડિયા અંતર્ગત શસ્ત્ર સરંજામ બનાવવાની શરૂઆત
- 37 સૂચિત જંગી જહાજ અને સબમરીન ભારતમાં જ બનાવવાનો નિર્ણય
- તામિલનાડુ અને ઉત્તર પ્રદેશમાં બે ડિફેન્સ કોરિડોરની સ્થાપના



## સીડીએસની રચના

સેનાઓ વચ્ચે સુસંકલન માટે વર્ષોથી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની માંગ હતી, જે સ્વીકારવામાં આવી. જનરલ બિપિન રાવત પ્રથમ સીડીએસ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## આંતકવાદને જડબાતોડ જવાબ

કલમ 370 નાબૂદ થયા બાદ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓની સંખ્યામાં ઘણો ઘટાડો થયો છે. દુશ્મનનાં દરેક અટકચાળાનો જવાબ ભારતે સર્જિકલ સ્ટ્રાઇક અને બાલાકોટ એર સ્ટ્રાઇક દ્વારા આપ્યો.

મંત્રીમંડળીય સમિતિએ ત્રણેય સેનાઓને રૂ. 20,000 કરોડ સુધીનાં સોદા ફાસ્ટટ્રેક પ્રક્રિયા દ્વારા કરવા સત્તા આપવામાં આવી. આ તમામ પગલાં પ્રાથમિકતા સાથે લેવા એટલાં માટે પણ જરૂરી હતા કે પાછલી સરકારે ત્રણેય સેનાઓની પ્રાથમિક જરૂરિયાયોની પણ અવગણના કરી હતી. ભૂતપૂર્વ સીએજી (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ)એ સંસદમાં રજૂ કરેલાં અહેવાલમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, "જોખમનું લઘુતમ સ્વીકાર્ય સ્તર આવ્યા છતાં પણ શસ્ત્રોનો ભંડાર સુનિશ્ચિત ન કરવામાં આવ્યો. માર્ચ, 2013માં સેનામાં ઉપયોગમાં લેવાતા કુલ 179 પ્રકારનાં શસ્ત્રોમાંથી 125નો સંગ્રહ અને ઉપલબ્ધતા જોખમનાં આ સ્તરથી પણ નીચે જતી રહી હતી." આ ઉપરાંત, જે 50 પ્રકારનાં શસ્ત્રો આ સ્તર સુધી નહોતા પહોંચ્યા, તેનો સંગ્રહ અને ઉપલબ્ધતા પણ અત્યંત નાજુક સ્થિતિમાં હતી. હાલત એવી હતી કે કોઇ પણ પ્રકારનાં યુધ્ધની સ્થિતિમાં આપણી પાસે 10 દિવસનાં શસ્ત્રો પણ નહોતા. આ નાજુક અને જોખમી સ્થિતિમાં સુધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય સશસ્ત્ર દળો અંતર્ગત આવતાં સાત દળોનાં કર્મચારીઓ અને તેમનાં પરિવારજનોને 35 લાખ આયુષ્યમાન સ્વાસ્થ્ય કાર્ડ વિતરીત કરવાનું કામ પૂરું થઈ ચૂક્યું છે. આ અંતર્ગત તેઓ દેશભરની 24,000 હોસ્પિટલોમાંથી કેશલેસ સારવારનો લાભ ઉઠાવી શકે છે.



## મિનિમમ ગવર્મેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ

# નવા ભારતનાં સપનાઓને મળી ડિજિટલની ઉડાન

રાજકારણ હોય કે રાષ્ટ્રનીતિ, ડિજિટલનું મહત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી સારી રીતે કોણ સમજી શકે. ડિજિટલ આજની જરૂર છે અને ભવિષ્યની અનિવાર્યતા છે. એટલાં માટે 2014માં દેશનું નેતૃત્વ સંભાળતા જ તેમણે સરકારી યોજનાઓથી માંડીને પાયાના સ્તર સુધી દરેક જગ્યાએ ડિજિટલ અને ટેકનોલોજીને મહત્વ આપ્યું છે. ડિજિટલ ઈન્ડિયા મિશન આ દિશામા પ્રયાસ રહ્યો છે. કારણ કે તેમાંથી મિનિમમ ગવર્મેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ સાથે ઈઝ ઓફ લિવિંગનો રોડમેપ તૈયાર થયો છે...

કર્તવ્યનાં માર્ગે... 8 વર્ષ

યોજના

## ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ

| મુદત | 1 જુલાઈ, 2015 |
|---|---|

# ડિજિટલ ઈન્ડિયાની પ્રગતિથી ડિજિટલ અર્થતંત્રની તરફ આગળ વધતાં ડગ

**હેતુ:** *ડિજિટલ સમાવેશિતા અને ડિજિટલ સશક્તિકરણ માટે ભારતને ડિજિટલ સશક્ત સમાજ અને નોલેજ ઈકોનોમી તરીકે સ્થાપિત કરવું*

પ્રગતિ

- ઈન્ટરનેટ ઓફ થીંગ્સ, બ્લોક ચેઈન, ડેટા એનાલિટિક્સ જેવી ઊભરતી ટેકનોલોજીમાં ઉત્કૃષ્ટ કેન્દ્ર સ્થાપિત કરવું, ભારતીય આઈટી વ્યાવસાયિકોને કૌશલ્ય પૂરું પાડવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બીગ ડેટા જેવી ઊભરતી ટેકનોલોજીમાં ફ્યુચર સ્કિલ્સ પ્રાઈમ પ્રોગ્રામ સહિત એક મજબૂત ભારતીય સોફ્ટવેર ઉત્પાદન વિકાસનું ઈકો-સિસ્ટમ બનાવવાની દ્રષ્ટિથી સોફ્ટવેર પ્રોડક્ટ-2019 રાષ્ટ્રીય નીતિનો શુભારંભ કરવામાં આવ્યો.
- બેન્ક ખાતાને મોબાઈલ અને આધાર સાથે જોડીને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરે ધિરાણ પ્રવાહને સુવિધાજનક બનાવવાની સાથે સાથે ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપ્યું છે.
- આ જ રીતે, જાહેર ડિજિટલ પ્લેટફોર્મ આરોગ્ય, શિક્ષણ, કૃષિ, આઈટી ઉદ્યોગ અર્થતંત્રમાં સમગ્ર વિકાસ અને પરિવર્તનકારી વિવિધતાનાં સ્ત્રોત છે.
- આ દિશામાં રૂપે પેમેન્ટ ગેટવેનું વિસ્તરણ, ડિજિટલ કરન્સી અને 5જી તરફ આગળ વધતાં પગલાં સેવાઓને વધુ સરળ કરશે.

## ડિજિટલ સેવાઓનો આધાર

**132**

**કરોડ આધાર કાર્ડ જારી કરવામાં આવ્યા છે ફેબ્રુઆરી 2022 સુધી**

યુઆઈડીએઆઈ દેશભરમાં 55,000થી વધુ કેન્દ્રો દ્વારા આધાર રજીસ્ટ્રેશન સહિતની સેવાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત, 79 આધાર સેવા કેન્દ્રો પણ ચલાવાવમાં આવી રહ્યા છે. જે નાગરિકોએ પોતાનાં મોબાઈલને આધારથી લિન્ક કર્યો છે, તેઓ ઓનલાઈન પોર્ટલ myaadhaar.gov.in. પર પોતાનું નામ, ઉંમર, લિંગ અને જન્મતિથીમાં ફેરફાર કરાવી શકે છે.

## યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ)



આ ટોચનું ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ છે. તેમાં એક જ મોબાઈલ એપ્લિકેશન પર અનેક બેન્ક ખાતાઓને જોડી શકાય છે. તેમાં પેમેન્ટને શીડ્યુલ પણ કરી શકાય છે. ફેબ્રુઆરી, 2022 સુધી 229 બેન્ક યુપીઆઈની સેવા સાથે જોડાઈ હતી. નાણાકીય ક્ષેત્ર અને અર્થતંત્રને ડિજિટલ બનાવવાનાં સરકારનાં વ્યૂહ અંતર્ગત છેલ્લાં કેટલાંક વર્ષોમાં ડિજિટલ પેમેન્ટમાં ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે.

**8.27**

**લાખ કરોડ રૂપિયાનાં મૂલ્ય સાથે 452.75 કરોડ ડિજિટલ પેમેન્ટ કરવામાં આવ્યાં છે ભીમ-યુપીઆઈ પર 28 ફેબ્રુઆરી, 2022 સુધી**

## યુપીઆઇ પેમેન્ટ




આંકડા કરોડ રૂપિયામાં, ફેબ્રુઆરી, 2022

# હવે ગ્રામીણો પણ થયા ડિજિટલ રીતે સશક્ત

## ડિજિટલ ઇન્ડિયા લેન્ડ રેકોર્ડ આધુનિકીકરણ



- કેન્દ્ર સરકારનાં 100 ટકા ફન્ડિંગ સાથે 1 એપ્રિલ, 2016થી ચલાવવામાં આવી રહ્યું છે. તેનો હેતુ ઇન્ટીગ્રેટેડ લેન્ડ ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ ઊભી કરવાનો છે.
- તેનો હેતુ જમીનની રિયલ ટાઇમ માહિતીમાં સુધારો, જમીન સંસાધનોનો મહત્તમ ઉપયોગ, જમીન વિવાદોમાં ઘટાડો, બેનામી લેવડદેવડ રોકવાનો અને વેચનાર-ખરીદનારાઓને લાભ અપાવવાનો છે. 1,62,71,251 નકશામાંથી 1,11,47,387 નકશાને ડિજિટાઇઝ કરી દેવામાં આવ્યા છે.

**6, 11, 178**

**ગામોમાં લેન્ડ રેકોર્ડનું કમ્પ્યુટરાઈઝેશન પૂરું કરી દેવામાં આવ્યું છે. તે દેશનાં કુલ ગામોનાં 93.10 ટકા છે.**

## પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન

ઇલેક્ટ્રોનિક અને આઇટી મંત્રાલયે 6 કરોડ ગ્રામીણ પરિવારોમાંથી પ્રતિ પરિવાર એક વ્યક્તિને 31 માર્ચ, 2023 સુધી સામેલ કરીને ગ્રામીણ ભારતમાં ડિજિટલ સાક્ષરતા માટે અભિયાનની શરૂઆત કરી. 15 માર્ચ, 2022 સુધી 4.81 કરોડથી વધુ ઉમેદવારોને તાલીમ આપી છે અને 3.56 કરોડથી વધુ ઉમેદવારોને પ્રમાણિત કર્યા છે.

## ડિજિટલ ગામ પાયલટ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટ ઓક્ટોબર, 2018માં શરૂ થયો હતો. 700 ગ્રામ પંચાયતોમાં ડિજિટલ આરોગ્ય સેવા, શિક્ષણ સેવા, નાણાકીય સેવા, કૌશલ્ય વિકાસ, સરકાર અને નાગરિક સેવાઓ ડિજિટલી આપવામાં આવી રહી છે.

## ભારત નેટ

ગ્રામીણ વિસ્તારોમાં બ્રોડબેન્ડ કાર્યક્રમને ગતિ આપવાની પહેલ છે. દૂરસંદેશાવ્યવહાર વિભાગનાં આ પ્રોજેક્ટમાં 2.5 લાખ ગ્રામ પંચાયતો અને ગામોને જોડવામાં આવશે. 15 માર્ચ, 2022 સુધી 1,75,827 ગ્રામ પંચાયતોમાં બ્રોડબેન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેવા માટેની તૈયારી થઈ ચૂકી છે.

## કિસાન રથ મોબાઇલ એપ્લિકેશન

કૃષિ ઉપજનાં પરિવહન માટે વાહનોને ભાડા પર લેવા માટે ખેડૂતો, ખેડૂત ઉત્પાદન સંગઠનો અને વેપારીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને કિસાન રથ મોબાઇલ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે. મોબાઇલ એપ્લિકેશન એન્ડ્રોઇડ અને આઇઓએસ બંને વર્ઝનમાં હિન્દી અને અંગ્રેજી સહિત 10 ભાષાઓમાં ઉપલબ્ધ છે.

**5.84** **લાખ ખેડૂત, ખેડૂત ઉત્પાદક સંગઠન, વેપારી અને સર્વિસ પ્રોવાઇડર્સ રજીસ્ટર્ડ છે રથ મોબાઇલ એપ્લિકેશન પર**

## ડિજિટલથી સરળ બન્યું જીવન

### સામાન્ય સેવા કેન્દ્ર

ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ઓગસ્ટ, 2015માં સામાન્ય સેવા કેન્દ્ર 2.0ની શરૂઆત દેશનાં 2.5 લાખ ગ્રામ પંચાયતોને આવરી લેવા માટે કરવામાં આવી. આ કેન્દ્રો પર 400થી વધુ ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ છે. ડિસેમ્બર, 2021ની સ્થિતિ પ્રમાણે 4.46 લાખથી વધુ સીએસસી છે, જેમાંથી 3.48 લાખ ગ્રામ પંચાયત સ્તર પર કામ કરી રહ્યા છે.

### ડિજિટલ લોકર

ડિજિટલ લોકર દસ્તાવેજોને અપલોડ કરવા માટે રિપોઝીટરી અને ગેટવે સંગ્રહ સાથે એક ઇકો સિસ્ટમ પૂરી પાડે છે. તેમાં ફેબ્રુઆરી, 2022નાં પ્રથમ સપ્તાહ સુધી 9.23 કરોડથી વધુ યુઝર રજીસ્ટર થઈ ચૂક્યા છે. તેનાં માધ્યમથી 19 એપ્રિલ, 2022 સુધી 507 કરોડ રૂપિયાથી વધુ દસ્તાવેજ જારી કરવામાં આવ્યા છે. તેમાં 1695 ઇશ્યુઅર અને 349 સંગઠનોને સામેલ કરવામાં આવ્યા છે.

## ઇ-સિગ્નેચર

- ઇ-હસ્તાક્ષર સેવા નાગરિકોને કાયદાકીય રીતે સ્વીકાર્ય ઓનલાઇન ફોર્મ અને દસ્તાવેજો પર તાત્કાલિક હસ્તાક્ષર કરવાની સુવિધા પૂરી પાડે છે. વિવિધ એપ્લિકેશન્સ યુઆઇડીએઆઇની ઓટીપી આધારિત સર્ટિફિકેશન સેવાઓનો ઉપયોગ કરી શકે છે. ફેબ્રુઆરીનાં પ્રથમ સપ્તાહ સુધી કુલ 23.72 કરોડ ઇ-હસ્તાક્ષર જારી કરવામાં આવ્યા છે. સી-ડેકે પણ કુલ 4.45 કરોડ ઇ-સિગ્નેચર જારી કર્યા છે.

## હયાતીનું પ્રમાણપત્ર

- પેન્શનધારકો માટે હયાતીનું પ્રમાણપત્ર લેવા માટેની સમગ્ર પ્રક્રિયાને હવે ડિજિટલ કરી દેવામાં આવી છે. આ સાથે, હવે પેન્શનધારકોએ ડિસ્બર્સિંગ એજન્સી અથવા સર્ટિફિકેશન ઓથોરિટી સમક્ષ હાજર રહેવાની જરૂર નથી. 2014થી ફેબ્રુઆરી, 2022 સુધી આશરે 5.58 અબજ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ્સ જારી કરવામાં આવ્યા હતા.

## ઇ-ડિસ્ટ્રીક્ટ મિશન મોડ પ્રોજેક્ટ (MMP)

- ઇ જિલ્લા એમએમપીને સમગ્ર દેશમાં અમલી બનાવવાનો હેતુ જિલ્લા સ્તર પર ઓળખવામાં આવેલી નાગરિક કેન્દ્રી સેવાઓ ઇલેક્ટ્રોનિકલી ઉપલબ્ધ કરાવવાની છે. દેશનાં 709 જિલ્લામાં 3916 ઇ-જિલ્લા સેવાઓ શરૂ થઈ ચૂકી છે.

## ઉમંગ એપ

ઉમંગ એ નવાં જમાનાના શાસન માટે એકીકૃત મોબાઇલ એપ્લિકેશનવાળી મોબાઇલ એપ છે. મુખ્ય સેવાઓને વિતરીત કરવા માટે ઉમંગને સિંગલ મોબાઇલ પ્લેટફોર્મ તરીકે વિકસિત કરવામાં આવી છે. હાલમાં ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (BBPS) ઉપયોગિતા સેવાઓની 20,527 સેવાઓની સાથે સાથે 279 કેન્દ્ર અને રાજ્ય સરકારનાં વિભાગો, 33 રાજ્યની એજન્સીઓની 1417 સેવાઓને ઉમંગમાં સામેલ કરવામાં આવી છે.

## ઇ-હોસ્પિટલઃ ઓનલાઇન રજીસ્ટ્રેશન સિસ્ટમ

ઓનલાઇન રજીસ્ટ્રેશન અને ઇ-હોસ્પિટલ એપ્લિકેશન્સ એનઆઇસીનાં નેશનલ ક્લાઉડ પર હોસ્ટ કરવામાં આવે છે. હાલમાં, 631 હોસ્પિટલોને ઇ-હોસ્પિટલ સાથે જોડવામાં આવી છે, જેમાં 23.38 કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન્સ થયા છે. દેશભરની 422 હોસ્પિટલોએ ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રણાલિને અપનાવી છે, જેનાંથી 49 લાખથી વધુ એપોઇન્ટમેન્ટ બુક કરવામાં આવી છે.

## રૂપે પેમેન્ટ ગેટવે

- ભારતનું આ પ્રથમ ગ્લોબલ પેમેન્ટ નેટવર્ક છે, જે બેન્ક ખાતા સાથે સંકળાયેલું છે. આ અંતર્ગત કાર્ડ કે ઓનલાઇન મોડમાં લેવડદેવડ કરી શકાય છે. તો, રૂપે ક્રેડિટ કાર્ડ કોઇ પણ બેન્ક ખાતા સાથે લિન્ક કર્યા વગર જારી કરવામાં આવે છે.
- 4 દેશોમાં આપણું રૂપે કાર્ડ માન્ય છે. તેમાં સિંગાપોર, યુએઇ, ભુટાન અને નેપાળનો સમાવેશ થાય છે. નેપાળમાં પશુપતિનાથ, લુમ્બિની, જનકપુર, મનકામના સહિત અનેક જગ્યાઓ પર 1400 મશીનો લગાવવામાં આવ્યાં છે.




**70** કરોડ ભારતીયો પાસે રૂપે કાર્ડ છે.

# જ્ઞાન અને પ્રોત્સાહનની ડિજિટલ પહોંચ સુનિશ્ચિત

## નેશનલ નોલેજ નેટવર્ક (NKN)

- નેશનલ નોલેજ નેટવર્કનો હેતુ તમામ નોલેજ ઈન્સ્ટિટ્યૂટ્સને હાઈ સ્પીડ ડેટા નેટવર્કથી જોડવાનો છે, જેથી સંસાધન વહેંચણી અને સંયુક્ત રિસર્ચ થઈ શકે. 20 ફેબ્રુઆરી, 2022ની સ્થિતિએ 1752 વેબ લિન્ક શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત દેશભરમાં એનઆઈસી જિલ્લા કેન્દ્રો સાથે 522 નેશનલ નોલેજ નેટવર્ક લિન્ક જોડાયેલી છે.

## સાઇબર સુરક્ષા

- ઈન્ટરનેશનલ ટેલિકમ્યુનિકેશન એસોસિએશન દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલા ગ્લોબલ સાઈબર સિક્યોરિટી ઈન્ડેક્સ-2020નાં મહત્વનાં સલામતી માપદંડોમાં ટોચનાં 10 દેશોમાં ભારતે સ્થાન મેળવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર સાઈબર ફ્રોડની ફરિયાદ નોંધાવવા માટે ટોલ ફ્રી નંબર 1930 જારી કર્યો છે.

## બીપીઓ ઇન્સેન્ટિવ સ્કીમ

- યુવાનો માટે રોજગારની તકોનું સર્જન કરવા માટે ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ નાના શહેરોમાં બીપીઓ કામગીરી માટે બીપીઓ પ્રોત્સાહન યોજના અને નોર્થ ઈસ્ટ પ્રોત્સાહન યોજના શરૂ કરવામાં આવી હતી. બંને યોજનાઓ અંતર્ગત કામગીરી શરૂ કરવા માટે માન્ય સંસ્થાઓને 61,208 સીટો ફાળવવામાં આવી છે.

## ડિજિટલ કરન્સીઃ ઇ પાસપોર્ટથી ભવિષ્ય પર નજર

**ડિજિટલ કરન્સીઃ** રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તેની ડિજિટલ કરન્સી, ડિજિટલ રૂપીનાં લોંચ માટે તબક્કાવાર અમલ પધ્ધતિ વિક્સાવી રહી છે. આરબીઆઈ હાલમાં ઉપયોગની પેટા પધ્ધતિઓ ચકાસી રહી છે, જેને કોઇ પણ અડચણ વિના લાગુ કરી શકાય. આનાથી, ભારતને ડિજિટલ કે કેશલેસ ઈકોનોમી તરફ જવામાં મદદ મળશે. આનાથી, રોકડ ઉપયોગ ઘટી જશે. ટ્રાન્ઝેક્શન ખર્ચ ઘટશે અને ડિજિટલ, ઓનલાઈન તથા રિટેલ પેમેન્ટ વધુ સલામત અને જોખમમુક્ત બની જશે. આનાથી, ગ્લોબલ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ વિક્સાવવામાં સરળતા રહેશે.

## ભારતમાં આ વર્ષે શરૂ થશે 5જીની શરૂઆત

મે, 2021માં ટેલિકોમ વિભાગે કંપનીઓ પાસેથી મળેલી અરજીઓનાં આધારે એક વર્ષ માટે 5જી ટેકનોલોજીનું પરીક્ષણ કરવાની મંજૂરી આપી હતી. 2022માં જ 5જી નેટવર્કને ક્રમશઃ શરૂ કરવાની યોજના છે.

## એનિમેશન અને ગેમિંગ સેક્ટરમાં દરમિયાનગીરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત વિવિધ પ્લેટફોર્મ પરથી એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક (AVGC) પર કામ કરવાનું આહવાન કરતા આવ્યા છે. બજેટમાં એક ટાસ્ક ફોર્સની રચનાની જાહેરાત પણ કરવામાં આવી છે.

## ઇ-પાસપોર્ટ સેવા

ભારત સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં સંયુક્ત રીતે દસ્તાવેજ અને ઈલેક્ટ્રોનિક માહિતી વાળો ઇ-પાસપોર્ટ નાગરિકોને જારી કરવાની યોજના બનાવી છે. તેમાં એક એમ્બેડેડ રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન (IFID ચીપ) અને બેક કવરમાં ઈનલેનાં રૂપમાં એમ્બેડેડ એન્ટીના હશે. પાસપોર્ટની મહત્વની માહિતી ડેટા પેજ પર પ્રિન્ટ થવાની સાથે સાથે ચિપમાં પણ સ્ટોર થશે. દસ્તાવેજ અને ચિપની વિશેષતાઓ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન દસ્તાવેજનાં હિસાબે તૈયાર થશે. ઇ-પાસપોર્ટ ઈન્ડિયા સિક્યોરિટી પ્રેસ, નાસિકમાં તૈયાર કરવામાં આવશે, જેણે ઓપરેટિંગ સિસ્ટમ સહિત 4.5 કરોડ ઈલેક્ટ્રોનિક ચિપ ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી છે. ઇ-પાસપોર્ટની શરૂઆત વિશ્વની સર્વોત્તમ પધ્ધતિઓને અનુરુપ હશે.

## 75 ડિજિટલ બેન્ક યુનિટ શરૂ થશે

ડિજિટલ બેન્કિંગને પ્રોત્સાહન આપવા માટે દેશમાં 75 જિલ્લામાં ડિજિટલ બેન્કની શરૂઆત કરવામાં આવશે. કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે ચાલુ નાણાકીય વર્ષનાં બજેટ ભાષણમાં તેની જાહેરાત કરી હતી. આરબીઆઇએ ડિજિટલ બેન્કિંગની સ્થાપના માટે દિશા નિર્દેશ પણ જારી કરી દીધાં છે. ડિજિટલ બેન્કિંગ એકમોને બેન્કિંગ આઉટલેટ માનવામાં આવશે.




## આદિવાસી-લઘુમતીઓનો વિકાસ

# દેશના સંસાધનો પર હવે બધાંનો સમાન અધિકાર

**કોઈ પણ રાષ્ટ્રનાં નવનિર્માણમાં દરેક વ્યક્તિની મહત્વની ભૂમિકા હોય છે. આ અભિગમ સાથે વર્ષ 2014થી સમાજનાં તમામ વર્ગોને દેશનાં સંસાધનોમાં સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે અનેક લાંબા ગાળાની યોજનાઓ લાવવામાં આવી. વંચિત અને પછાત સમુદાયો માટે વિશેષ યોજનાઓ સાથે જીવનમાં સગવડો લાવનારી કેન્દ્ર સરકારની તમામ યોજનાઓમાં તેમને ભાગીદાર બનાવવામાં આવ્યા છે. આ કારણસર, દાયકાઓ સુધી અંતરિયાળ વિસ્તારોમાં રહેનારા આદિવાસીઓ હોય કે લઘુમતી સમુદાય સાથે સંકળાયેલા તમામ વર્ગો હોય, હવે કોઈ ભેદભાવ નથી રાખવામા આવતો કારણ કે દેશનાં સંસાધનો પર બધાંને સમાન અધિકાર આપવામાં આવી રહ્યો છે.**

### સશક્ત આદિવાસી, રાષ્ટ્રનું સશક્તિતરણ

ભારતની કુલ વસતિમાં 8.6 ટકા વસતિ અનુસૂચિત જનજાતિ (એસટી) છે એટલે કે 10.4 કરોડ લોકો. ભારતના બંધારણની કલમ 342 હેઠળ નોટિફાઇડ અનુસૂચિત જનજાતિઓની સંખ્યા 705થી વધુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘સબકા સાથ સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ’નાં સૂત્રને ધ્યાનમાં રાખીને સમાજનાં તમામ વર્ગોનાં સમાન વિકાસની યોજનાઓ પર કામ કરવામાં આવી રહ્યું છે. આ વિકાસમાં કેન્દ્ર સરકારે જનજાતિઓના વિકાસ, તેમનો વારસો અને સંસ્કૃતિનાં સંરક્ષણને પણ પ્રાથમિકતા આપી છે અને વધુ પ્રતિબધ્ધતા સાથે નવાં પ્રગતિ પથ માટે સક્ષમ બનાવ્યા છે...




## બજેટમાં બમણાથી વધુ વધારો

આદિવાસીઓનાં વિકાસને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આદિવાસી બાબતોના મંત્રાલયનું બજેટ 2014-15નાં રૂ. 3850 કરોડ સામે 2022-23માં વધારીને રૂ. 8407 કરોડ કર્યું હતું.

## જનજાતિય ગૌરવ દિવસ

આદિવાસીઓના ભગવાન તરીકે પૂજાતા બિરસા મુંડાની જયંતી 15 નવેમ્બરને જનજાતીય ગૌરવ દિવસ તરીકે જાહેર કરવામાં આવી

### આદિવાસી સંગ્રહાલય

દેશભરમાં 10 આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલય બની રહ્યા છે. આદિવાસીઓ કઈ રીતે પોતાનાં જંગલ, જમીન, અધિકારો, સંસ્કૃતિનાં રક્ષણ માટે સંઘર્ષ કર્યો અને પોતાની વીરતા સાથે બલિદાન આપ્યું. આ ગાથાને હવે સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરવામાં આવી રહી છે. આ સંગ્રહાલય ગુજરાત, ઝારખંડ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કેરળ, મધ્યપ્રદેશ, તેલંગાણા, મણિપુર, મિઝોરમ અને ગોવામાં છે.

## એકલવ્ય મોડલ સ્કુલ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનજાતિય ગૌરવ દિવસ પ્રસંગે 27 જિલ્લામાં 50 નવી એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કુલનું શિલારોપણ કર્યું.

એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કુલ (EMRS)ને પ્રોત્સાહન આપવા માટે નિર્ણય લેવામાં આવ્યો છે કે વર્ષ 2026 સુધી 50 ટકાથી વધુ એસટી વસતિ ધરાવતા દરેક બ્લોક અને ઓછામાં ઓછા 20,000 આદિવાસી વ્યક્તિઓ દીઠ એક સ્કુલ પ્રમાણે 740 એકલવ્ય મોડલ સ્કુલ શરૂ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## આદિવાસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ

2014 બાદ દેશમાં 10 આદિવાસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ્સને મંજૂરી આપવામાં આવી છે. આ સંસ્થાઓ આંધ્રપ્રદેશ, ઉત્તરાખંડ, કર્ણાટક, અરૂણાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ, મેઘાલય અને ગોવામાં સ્થાપવામા આવી રહ્યા છે. આમાંથી ત્રણ સંસ્થાઓ સ્થપાઈ ચૂકી છે અને બાકીનું કામ ચાલી રહ્યું છે. સ્કુલ ઈનોવેશન એમ્બેસેડર ટ્રેઈનિંગ પ્રોગ્રામ લોંચ કરવામાં આવ્યો છે જેનો હેતુ 50,000 શિક્ષકોને ઈનોવેશન, આંત્રપ્રિન્યોરશીપ, આઈપીઆર, ડિઝાઈન થિન્કીંગ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ, આઈડિયા જનરેશન વગેરેની તાલીમ આપવાનો છે.



કર્તવ્યનાં માર્ગે... વર્ષ

# એકલવ્ય મોડલ ડે બોર્ડિંગ સ્કુલ ( EMDBS)



- પસંદગીનાં પેટા જિલ્લાઓમાં જ્યાં અનુસૂચિત જનજાતિની વસતિ 90 ટકા કે તેનાંથી વધુ છે ત્યાં એસટી વિદ્યાર્થીઓ માટે રહેણાંક સુવિધા વગરની શાળામાં ભણવા માંગતા વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક ધોરણે એકલવ્ય મોડલ ડે બોર્ડિંગ સ્કુલ ( EMDBS) સ્થાપવાની દરખાસ્ત છે.
- આદિવાસી બાબતોના મંત્રાલય અને સીબીએસઇએ સંયુક્ત રીતે ઇએમઆરએસ અને સીબીએસઇ શિક્ષકો માટે 21મી સદી માટે પ્રાયોગિક શિક્ષણ પર ઓનલાઇન પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કર્યો છે.
- આદિવાસી બાબતોના મંત્રાલય અને એનસીઇઆરટી ઇએમઆરએસ શિક્ષકો અને આચાર્યો માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમ માટે એકત્ર થયા.
- તમામ પ્રકારની શિષ્યવૃત્તિને ગણતાં દર વર્ષે 2500 કરોડ રૂપિયાથી વધુની રકમ શિષ્યવૃત્તિ તરીકે 30 લાખથી વધુ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.
- ટોપ ક્લાસ શિષ્યવૃત્તિ યોજનાઃ આમાં દર વર્ષે 1,000 વિદ્યાર્થીઓને આઇઆઇટી, આઇઆઇએમ, એઇમ્સ જેવા ટોચની સંસ્થાઓમાં પ્રવેશ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.



## ગોઇંગ ઓનલાઇન એઝ લીડર્સ

ગોલ (ગોઈંગ ઓનલાઈન એઝ લીડર્સ) ડિજિટલ રીતે સક્ષમ મેન્ટરશીપ અને આદિવાસી યુવાનોને તેમનાં રસનાં વિષયમાં મજબૂત બનાવવા માટે ફેસબુકના સહયોગમાં મંત્રાલયની સંયુક્ત પહેલ છે. ગોલ કાર્યક્રમમાં અત્યાર સુધી 23 રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોને સામેલ કરવામાં આવ્યા છે.



## ટ્રાઇબ્સ ઇન્ડિયા- આદિ મહોત્સવ

- આદિ મહોત્સવ એક લઘુ ભારત છે, જ્યાં આદિવાસી કારીગરો, વણકરો, કુંભાર, કઠપુતળી બનાવનાર અને એમ્બ્રોઇડરી કરનારાઓની ઉત્કૃષ્ટ શિલ્પ પરંપરા એક સ્થળે જોવા મળે છે.
- આદિવાસી બાબતોના મંત્રાલય અને ગોવા સરકારે સંયુક્ત રીતે પરપ્રાંતીય શ્રમિકો અને આદિવાસી શ્રમિક ભંડોળ માટે શ્રમશક્તિ ડિજિટલ ડેટા સોલ્યુશન લોંચ કર્યું
- આદિવાસી બાબતોના મંત્રાલયે 19 જૂન, 2021નાં રોજ વિશ્વ સિકલ સેલ રોગ દિવસ પ્રસંગે ભારતમાં સિકલ રોગ પર બીજાં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કર્યું. સિકલ સેલ રોગને નાબૂદ કરવા માટે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો.
- આદિવાસી આરોગ્ય સહયોગ 'અનામય' : આદિવાસી આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપવા માટે આ મહત્વની પહેલ શરૂ કરવામાં આવી.

# આદિવાસી ચીજો/ઉપજનાં વિકાસ અને માર્કેટિંગ માટે સંસ્થાકીય મદદ

- આ યોજના અંતર્ગત ટ્રાઈફેડ તેનાં પોતાનાં પોર્ટલ www.tribesindia.com દ્વારા આદિવાસી ચીજવસ્તુઓનાં ઈ-કોમર્સ વેચાણને પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત, આ ચીજો એમેઝોન, સ્નેપડીલ, ફ્લિપકાર્ટ, પેટીએમ અને જીઈએમ જેવાં તમામ અગ્રણી ઈ-કોમર્સ પોર્ટલ પર પણ ઉપલબ્ધ છે.
- ટ્રાઈફેડનાં ઓનલાઈન પોર્ટલ પર 1,25000 કારીગર પરિવાર જોડાયેલાં છે. અહીં 1,00,000થી વધુ ચીજો ઉપલબ્ધ છે.
- ટ્રાઈફેડે 30-10-2021 સુધી દેશભરમાં આવેલાં 145 આઉટલેટ્સનું નેટવર્ક સ્થાપ્યું છે, જેમાં પોતાનાં 97 સેલ્સ આઉટલેટ્સ, કન્સાઈનમેન્ટ સેલ પર 33 આઉટલેટ અને 15 ફ્રેન્ચાઈઝી આઉટલેટસનો સમાવેશ થાય છે.

## વન ધન વિકાસ કાર્યક્રમ

- માઈનોર ફોરેસ્ટ પ્રોડક્શન્સ (MFP) માટે એમએસપી યોજના અંતર્ગત વન ધન વિકાસ કેન્દ્ર ક્લસ્ટર (VDVKC) સ્થાનિક રીતે ઉપલબ્ધ ગૌણ વન્ય પેદાશોની ખરીદી અને મૂલ્યવર્ધન માટે સામાન્ય સુવિધા કેન્દ્રો તરીકે કાર્ય કરે છે.
- વન ધન વિકાસ કેન્દ્ર ક્લસ્ટર (VDVKC) સ્થાપવા માટે છેલ્લાં ત્રણ વર્ષોમાં ટ્રાઈફેડને 254.64 કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા.
- 2019-20માં સ્થાપના થયા બાદ અત્યાર સુધી 3110 VDVKCને મંજૂરી આપવામાં આવી છે, જેનાંથી 52,000થી વધુ એસએચજીનાં 9.28 લાખ એમએફપી સંગ્રહકર્તાને લાભ થયો છે.



## ગૌણ વન્ય પેદાશો

મોટાં ભાગની ગૌણ વન્ય પેદાશોની એમએસપીમાં વધારો કરવામાં આવ્યો છે. 2020-21થી એમએફપી માટે એમએસપી યોજના અંતર્ગત 37 નવી ચીજો. એમએસપી યોજના અંતર્ગત એમએફપીની સંખ્યા 2020-21 દરમિયાન 50થી વધીને 87 થઈ ગઈ. એમએફપી માટે એમએસપી યોજના લાગુ થયા બાદ ભારત સરકારના ભંડોળથી રાજ્યો દ્વારા 317.89 કરોડ રૂપિયાની એમએફપીની ખરીદી.

## NSTFDC / STFDCને ઈક્વિટી મદદ



- NSTFDC (National Scheduled Tribes Finance and Development Corporation) પોતાની અમલીકરણ એજન્સીઓ દ્વારા આવક સર્જનની પ્રવૃત્તિઓ/સ્વરોજગાર માટે પાત્ર અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓને રાહત દરે ધિરાણ આપે છે.
- NSTFDC દ્વારા છેલ્લાં ત્રણ વર્ષમાં (2019-20થી 30-11-2021)માં પાંચ યોજના અંતર્ગત 4.04 લાખ આદિવાસી લાભાર્થીઓને 748.75 કરોડ રૂપિયા વિતરિત કરવામાં આવ્યા છે.
- NSTFDCએ PMEGP યોજના અંતર્ગત અમલીકરણ એજન્સી તરીકે કામ કરવા માટે કેવીઆઈસી સાથે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા છે. એમઓયુનો હેતુ બેન્કો અને એસસીએ દ્વારા આર્થિક મદદ મેળવનાર આદિવાસી ઉદ્યોગ સાહસિકોને રાહત દરે ધિરાણ પૂરું પાડવાનું છે. એસટી લાભાર્થીઓને યુનિટ પડતરના 35 ટકા સુધી બેન્ક સબસિડી મળશે.



# લઘુમતીઓ માટે વિકાસની પુષ્કળ તકો સર્જાઈ



દેશની સમૃધ્ધિ માટે દરેક વર્ગ, દરેક સ્તર પર વિકાસ થવો જરૂરી છે. આજે દેશ પણ એ માર્ગે આગળ વધી રહ્યો છે, જ્યાં દરેક નાગરિકને કોઈ પણ પ્રકારનાં ભેદભાવ વગર દેશમાં થઈ રહેલાં વિકાસનો લાભ મળે. દેશ આજે એ માર્ગ પર આગળ વધી રહ્યો છે, જયાં દરેક નાગરિક, બંધારણે આપેલા અધિકારો અંગે નિશ્ચિંત રહે, પોતાનાં ભવિષ્ય અંગે નિશ્ચિંત રહે. દેશ આજે એ માર્ગ પર આગળ વધી રહ્યો છે જ્યાં ધર્મને કારણે કોઈ પાછળ ન રહે, બધાંને આગળ વધવાની સમાન તકો મળે, બધાં પોતાનાં સપના પૂરા કરી શકે. દેશની નિયત અને નીતિઓમાં આ સંકલ્પ દેખાઈ રહ્યો છે. આજે દેશ ગરીબો માટે જે યોજના બનાવી રહયો છે તે કોઈ પણ પ્રકારના મત કે ધર્મનાં ભેદભાવ વગર દરેક વર્ગ સુધી પહોંચી રહી છે.

### વક્ફ સંપત્તિઓનો ઉપયોગ

આઝાદી પછી પ્રથમ વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ હેઠળની સરકાર નબળા વર્ગો માટે પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK) અંતર્ગત વક્ફ જમીન પર શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, કમ્યુનિટી હોલ અને અન્ય માળખાકીય સુવિધાઓનાં વિકાસ માટે 100 ટકા ફન્ડિંગ પૂરૂં પાડી રહી છે. લગભગ 7,94,875 રજીસ્ટર્ડ વક્ફ સંપત્તિ છે. તમામ રાજ્ય વક્ફ બોર્ડોનું ડિજિટાઇઝેશન પૂરું કરી લેવામાં આવ્યું છે.

## શૈક્ષણિક સશક્તિકરણ

- છેલ્લાં આઠ વર્ષ દરમિયાન છ નોટિફાઇડ લઘુમતી સમુદાયો- પારસી, જૈન, બૌધ્ધ, શીખ, ખ્રિસ્તી અને મુસ્લિમ સમુદાયોનાં લગભગ 5.29 કરોડ વિદ્યાર્થીઓને પ્રી-મેટ્રિક, પોસ્ટ-મેટ્રિક, મેરિટ-કમ-મીન્સ, બેગમ હઝરત મહલ ગર્લ્સ સ્કોલરશિપ આપવામાં આવી છે. શિષ્યવૃત્તિ યોજનાનાં 50 ટકાથી વધુ લાભાર્થી વિદ્યાર્થીનીઓ છે.
- **મુસ્લિમ વિદ્યાર્થીનીઓનાં ડ્રોપ રેટમાં ઘટાડોઃ** એક સમયે ભારતમાં મુસ્લિમ દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો 70 ટકાથી વધુ હતો. દીકરીઓ દ્વારા આ રીતે અધવચ્ચેથી અભ્યાસ છોડવાને કારણે મુસ્લિમ સમાજની પ્રગતિમાં અવરોધ આવતો હતો. 70 વર્ષથી એવી સ્થિતિ હતી કે 70 ટકાથી વધુ મુસ્લિમ દીકરીઓ પોતાનો અભ્યાસ પૂરો કરી શકતી નહોતી. હવેઆ પ્રમાણ ઘટીને 30 ટકા રહી ગયું છે.
- પહેલાં લાખો મુસ્લિમ દીકરીઓ શૌચાલયની અછતને કારણે અભ્યાસ છોડી દેતી હતી. હવે સ્થિતિ બદલાઈ રહી છે. મુસ્લિમ દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઓછો થાય તે માટે કેન્દ્ર સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં સ્કુલ ડ્રોપ આઉટ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે 'બ્રિજ કોર્સ' ચલાવવામાં આવી રહ્યો છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વધીને 35 ટકા થઈ ગઈ છે.



## હુનર હાટઃ ઉદ્યોગ સાહસિકતા અને સમાન વિકાસને નવી તકો

- લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા દેશનાં વિવિધ સ્થળો પર યોજવામાં આવી રહેલી 'હુનર હાટ' કુશળ કારીગરો, શિલ્પકારો અને કલિનરી બિશારદને બજાર અને તકો પૂરી પાડવાનું કામ કરી રહ્યું છે.
- 'હુનર હાટ', 'આત્મનિર્ભર ભારત' અને 'વોકલ ફોર લોકલ'નું વિશ્વાસપાત્ર પ્લેટફોર્મ સાબિત થયું છે.
- છેલ્લાં લગભગ 8 વર્ષ દરમિયાન 39 'હુનર હાટ'નાં માધ્યમથી 8.5 લાખથી વધુ માસ્ટર કારીગરો, શિલ્પકારો અને કલિનરી બિશારદ અને તેમની સાથે સંકળાયેલા લોકોને રોજગારની તકો પૂરી પાડવામાં આવી છે.
- 'હુનર હાટ' ઓનલાઇન પોર્ટલ અને ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ પર પણ ઉપલબ્ધ છે.



## પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK)

**છેલ્લાં લગભગ 8 વર્ષથી સરકારે લઘુમતી વિસ્તારોમાં દેશભરમાં સામાજિક-આર્થિક-શૈક્ષણિક અને રોજગારલક્ષી ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કર્યો છે. તેમાં આ સુવિધા મહત્વની છેઃ**

- 1550 નવા સ્કુલ બિલ્ડિંગ
- 23094 વધારાના ક્લાસરૂમ્સ
- 691 હોસ્ટેલ્સ
- 177 રેસિડેન્શિયલ સ્કુલ્સ
- 14312 સ્માર્ટ ક્લાસરૂમ
- 38 કોલેજ
- 94 આઇટીઆઇ
- 13 પોલિટેકનિક
- 6 નવોદય વિદ્યાલય
- 413 બહુહેતુક સામુદાયિક કેન્દ્ર 'સદભાવ મંડપ'
- 553 માર્કેટ શેડ
- 6742 શૌચાલય-સ્વચ્છતા સુવિધાઓ
- 18,692 પીવાના પાણીની સુવિધાઓ
- 170 કોમન સર્વિસ સેન્ટર
- 27 નોકરિયાત મહિલા માટે હોસ્ટેલ
- 2324 હેલ્થ પ્રોજેક્ટ્સ
- 12 ક્રાફ્ટ હબ
- 91 વિવિધ રમતગમત સુવિધાઓ
- 6014 આંગણવાડી કેન્દ્ર
- 11,483 પાકા મકાન




# જેમણે પોતાની કલમથી ક્રાંતિ જગાવી

**"સ્વરાજ્ય માટે જોઈએ એક સંપાદક. પગાર- બે સૂકી રોટલી, એક ગ્લાસ ઠંડુ પાણી અને દરેક તંત્રી લેખ માટે 10 વર્ષ જેલ." વર્ષ 1884માં પ્રસિધ્ધ થયેલી આ જાહેરાત કદાચ વિશ્વની એક માત્ર એવી જાહેરાત હશે, જેમાં પગારમાં 10 વર્ષ જેલની વાત કરવામાં આવી હતી. આ જાહેરાત દર્શાવે છે કે ગુલામીના સમયમાં ભારતમાં પત્રકારત્વ કેટલું મુશ્કેલ હતું. એ જ સમયગાળામાં 30 મે, 1826નાં રોજ ભારતમાં ઉદન્ત માર્તંડ નામનું પ્રથમ હિન્દી ભાષાનું અખબાર પ્રકાશિત થયું હતું. ભારતમાં અંગ્રેજો વિરુધ્ધ આઝાદીની લડાઈ અનેક રીતે લડવામાં આવી હતી, જેમાં લોકો વિસ્તાર, જાતિ, જૂથનાં બંધન તોડીને સામે આવી ગયા હતા. આ લડાઈમાં સમાજનાં પ્રતિષ્ઠીત અને પ્રબુધ્ધ લોકોની સાથે સાથે પત્રકારોએ પોતાની કલમની મદદથી ક્રાંતિ કરી હતી. સકારાત્મક પત્રકારત્વ દેશ અને સમાજનાં વિકાસ માટે ઊર્જાનું કાર્ય કરે છે. અમૃતકાળમાં જ્યારે સ્વર્ણિમ ભારતનાં સંકલ્પને સાકાર કરવાની દિશામાં રાષ્ટ્ર આગળ વધ્યું ત્યારે નવા ભારતનાં નિર્માણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એ ઉક્તિ મહત્વની બની રહે છે, જેમાં તેઓ કહે છે, "130 કરોડ ભારતીયોને કૌશલ્ય, તાકાત અને રચનાત્મકતા દર્શાવવા માટે આપણાં મિડિયાનો વધુને વધુ ઉપયોગ કરી શકાય તેમ છે."**

કવયિત્રી મહાદેવી વર્મા કહે છે, "પત્રકારોના પગનાં છાલાથી ઈતિહાસ લખાય છે. " મહાદેવી વર્માનાં આ શબ્દો એ હકીકતનો સંકેત આપે છે કે સ્વતંત્રતા સંગ્રામમાં પત્રકારોની કેવી ભૂમિકા હતી. આ પત્રકારોનો હેતુ સામાન્ય માણસને જાગૃત કરવો અને સમાજ સુધારાની સાથે સાથે રાષ્ટ્રીય આંદોલન માટે પ્રેરણા આપવાનો હતો. એ સમયે અખબાર કાઢવું બહુ હિંમતનું કામ હતું, કારણ કે અંગ્રેજોને તેમાં પ્રકાશિત અહેવાલ ન ગમે તો પત્રકારને સજા કરવામાં આવતી હતી. સ્વતંત્રતાના આંદોલનમાં અખબારોને લડાઈનું સશક્ત માધ્યમ અને શસ્ત્ર માનવામાં આવતું હતું. સામ્રાજ્યવાદી શાસન વિરુધ્ધ દેશનાં લોકોને એક કરવા માટે સમગ્ર ભારતમાં શરૂ થયેલા અખબારોની ગૌરવશાળી પરંપરા રહી છે. અખબારની તાકાતને વર્ણવવા અકબર ઈલાહાબાદીએ કહ્યું હતું, "ખીંચો ન કમાનો કો, ન તલવાર નીકાલો., જબ તોપ મુકાબિલ હો તો અખબાર નિકાલો." ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં એવાં અનેક સેનાનીઓ થયાં જેમણે પત્રકારત્વનાં માધ્યમથી દેશની સેવા કરી. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન લગભગ દરેક મોટાં સેનાની અખબાર કે લેખન સાથે સંકળાયેલા હતા. હાલમાં, ભારતમાં પત્રકારત્વનું વર્તુળ ઘણું મોટું થઈ ગયું છે અને તેની જવાબદારી ઘણી વધી ગઈ છે. એટલાં માટે જ વડાપ્રધાન મોદી પણ પત્રકારત્વનાં માધ્યમથી રાષ્ટ્ર ઉત્થાન પર ભાર મૂકતા રહ્યા છે. તેઓ કહે છે, પત્રકારત્વ સકારાત્મકતાથી જ સાર્થકતા સુધી પહોંચે છે. **આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં વાંચો રાજા રામમોહન રાય, માખનલાલ ચતુર્વેદી અને અઝીમુલ્લાહ ખાનની કહાની, જેમણે પત્રકારત્વનાં માધ્યમથી સમાજ સુધારણા અને આઝાદીના આંદોલનને નવી દિશા આપવાનું કામ કર્યું છે..**

# અખબારી સ્વાતંત્ર્ય માટે રાજા રામમોહન રાયે પ્રથમ આંદોલન છેડ્યું હતું



ભારતમાં આઝાદીના આંદોલનને પોતાનાં પત્રકારત્વનાં માધ્યમથી એક નવી દિશા આપનાર રાજા રામમોહન રાયને આધુનિક ભારતના પુનર્જાગરણના પિતા માનવામાં આવે છે, જેમણે રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ ત્યાગી દીધું. 22 મે, 1722નાં રોજ બંગાળના રાધાનગરમાં એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમા જન્મેલા રાજા રામમોહન રાયે અંગ્રેજી, બાંગલા અને ઉર્દુમાં પણ અખબાર કાઢ્યું હતું અને તેમને સ્વતંત્ર પત્રકારત્વના જનક પણ માનવામાં આવે છે. તેમણે, લેખન સહિતની પ્રવૃત્તિઓ દ્વારા ભારતમાં સ્વતંત્ર પ્રેસ માટેનાં આંદોલનને પણ સમર્થન કર્યું હતું. ભારતમાં બ્રિટિશ શાસનની સ્થાપના બાદ 1778માં પ્રિન્ટીંગ પ્રેસની શરૂઆત થઈ હતી અને એ સમયે રાજા રામમોહન રાય પત્રકારત્વનાં ક્ષેત્રમાં આવ્યા. એ સમયે બ્રિટિશ સરકારે ભારતીય અખબારો પર નિયંત્રણો લગાવ્યા હતા. તેમણે અખબારી સ્વતંત્રતા માટે સૌ પ્રથમ વાર આંદોલન કર્યું હતું. 1819માં લોર્ડ હેસ્ટિંગ્સે પ્રેસ સેન્સરશીપ હળવી કરી ત્યારે રામમોહન રાયે ત્રણ સામયિકો- બ્રાહ્મણવાદી સામયિક (1821), બંગાળી સાપ્તાહિક-સંવાદ કૌમુદી (1821) અને ફારસી સાપ્તાહિક મિરાત-ઉલ-અકબરનું પ્રકાશન કર્યું. ભારતીય પુનર્જાગરણના અગ્રદૂત અને આધુનિક ભારતના જનક રાજા રામમોહન રાયે બ્રહ્મસમાજની સ્થાપનાની સાથે સાથે સ્વતંત્રતા આંદોલન અન પત્રકારત્વ દ્વારા સમાજમાં ચેતના ફેલાવવાનું પણ કામ કર્યું.

# અઝીમુલ્લાહ ખાને આંદોલનનો પ્રચાર કરવા 'પયામ એ આઝાદ' અખબાર કાઢ્યું



1857નાં બળવાના અનેક શૂરવીરોમાં અઝીમુલ્લાહ ખાનનું નામ મોખરે છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામનું કાનપુરથી નેતૃત્વ કરનાર અઝીમુલ્લાહ ખાન મહાન ક્રાંતિકારી અને વ્યૂહકાર હતા. અઝીમુલ્લાહ ખાનનો જન્મ 1830માં કાનપુરમાં થયો હતો. તેમનાં પિતા મિસ્ત્રી કામ કરતાં હતા. માતાનું નામ કરીમન હતું, જેઓ ગૃહિણી હતા. અઝીમુલ્લાના પડોશમાં એક મીઠાઈની દુકાન હતા. એક દિવસ વેપારી પોતાની દુકાન બંધ કરીને પાછો જઈ રહ્યો હતો ત્યારે ત્યાં એક અંગ્રેજ શાસક આવ્યો. દુકાન બંધ જોઈને સૈનિકને ગુસ્સો આવ્યો અને મીઠાઈવાળાને મારી મારીને અધમરો કરી દીધો. પોલિસ ઘટનાસ્થળે આવી તો મીઠાઈવાળાને પકડીને લઈ ગઈ. આ દ્રશ્ય જોઈને અઝીમુલ્લાને પિતાની ચિંતા થવા માંડી, જેઓ અંગ્રેજોને ત્યાં કામ કરતા હતા. એમનો આ ડર થોડાં સમય પછી સાચો સાબિત થયો, જ્યારે તેમના પિતા અંગ્રેજોના ગુસ્સાનો ભોગ બન્યા.

એક અંગ્રેજ અધિકારીએ અઝીમુલ્લાના પિતા નઝીબ મિસ્ત્રીને ઘોડાનો તબેલો સાફ કરવા કહ્યું. તેમણે ના પાડતાં અધિકારીએ નઝીબને અગાસી પરથી નીચે પાડી દીધા અને ઉપરથી ઇંટ મારી.

નઝીબ છ મહિના પથારીવશ રહ્યા અને તેમનું અવસાન થયું. આમ, દેશી રજવાડાઓ અને સિપાહીઓની લડાઇને એક સૂત્રમાં પરોવીને મહત્વની ભૂમિકા નિભાવનાર અઝીમુલ્લાહ ખાનને બાળપણમાં જ પિતાનો આશરો જતો રહ્યો. આ ઘટનાએ તેમનાં મન પર ઘેરી અસર કરી. 1857નાં બળવામાં અઝીમુલ્લાહ ખાનની ભૂમિકા માત્ર સૈન્ય અને રાજકીય બાબતો પૂરતી મર્યાદિત નહોતી. તેઓ એ બળવાના મહત્વપૂર્ણ વિચારક પણ હતા. 1857ના પ્રથમ ભારતીય સ્વતંત્રતા સંગ્રામનું કાનપુરથી નેતૃત્વ કરનાર અઝીમુલ્લાહ ખાન મહાન ક્રાંતિકારી અને વ્યૂહકાર હતા. કાનપુરના શાસક નાના સાહેબ પેશવાના પ્રથમ સલાહકાર અને બાદમાં વડાપ્રધાન રહેલા અઝીમુલ્લાહ યુરોપની યાત્રાએ ગયા ત્યારે ત્યાંથી પોતાની સાથે પ્રિન્ટીંગ પ્રેસ લઈ આવ્યા હતા. આ પ્રિન્ટીંગ પ્રેસમાંથી તેમણે અખબાર 'પયામ એ આઝાદી' પ્રકાશિત કર્યું., જેનાં દ્વારા ક્રાંતિ અને બળવાનો પ્રચાર કરવામાં આવતો હતો. કહેવાય છે કે અઝીમુલ્લાહે 'પયામ એ આઝાદી' અખબાર દ્વારા ગુપ્ત રીતે 1857નાં જે બળવાનો વ્યૂહ ઘડ્યો હતો. આ અખબારનાં માધ્યમથી તેઓ ક્રાંતિકારી દળો સાથે મળીને અંગ્રેજો વિરુધ્ધ બળવાનો વ્યૂહ ઘડવા માંડ્યા. આ અખબાર હિન્દી, ઊર્દુ અને મરાઠી ભાષામાં પ્રસિધ્ધ થતું હતું. આ અખબારમાં તેમણે લખેલું ગીત 'હમ હૈ ઇસકે માલિક, હિન્દુસ્તાન હમારા, પાક વતન હૈ કૌમ કા, જન્નત સે ભી પ્યારા' આગળ જતાં 1857ના બળવાખોરોનું ઝંડા ગીત બન્યું. આ ગીત 1857નાં ક્રાંતિકારી આદર્શ અને લક્ષ્યને પ્રતિબિંબિત કરે છે. આ ગીત 1857ની લડાઈમાં લોકોની ભાવનાને વાચા આપે છે. કહેવાય છે કે 1857નાં ક્રાંતિકારી સિપાહીઓનું આ ગીત રાષ્ટ્રીય ગીતોમાં શિરમોર છે. આ ગીતમાં માત્ર દેશનું સ્તુતિગાન જ નહીં, સ્વતંત્રતા સંઘર્ષ માટેનું આહવાન અને લલકાર પણ છે. આ ગીતને કારણે અઝીમુલ્લાહને ખાન આધુનિક ભારતના પ્રથમ રાષ્ટ્રવાદી કહીએ તો તે અતિશયોક્તિ નહીં ગણાય.



યુગપુરુષ માખનલાલ ચતુર્વેદી કવિ, લેખક અને પત્રકાર હોવાની સાથે સાથે પ્રખર સ્વતંત્રતા સેનાની પણ હતા. અસહકારની ચળવળ દરમિયાન અંગ્રેજોએ તેમને જેલમાં પણ પૂર્યા. દેશ આઝાદ થયો તે પહેલાં તેમણે પોતાની કલમ અને વાણી દ્વારા લોકોને પ્રભાવિત કર્યા અને આઝાદી બાદ

**આઝાદીના 75 વર્ષનું પર્વ 130 કરોડ દેશવાસીઓની ભાગીદારી અને ભાવનાઓનું પર્વ છે. અમૃત મહોત્સવ સનાતન ભારતના ગૌરવને જાળવી રાખનારું, દેશનાં શહીદોનાં ત્યાગમાંથી પ્રેરણા આપનારું અને તેમનાં સપનાનાં આધુનિક ભારત બનાવવાના સંકલ્પને નવી મજબૂતી આપનારું આયોજન છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# માખનલાલ ચતુર્વેદી: પત્રકારત્વ, સાહિત્ય અને રાષ્ટ્રીય આંદોલન માટે સમર્પિત યોદ્ધા

તેમને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણા આપી. માખનલાલ ચતુર્વેદીનો જન્મ 4 એપ્રિલ, 1889નાં રોજ મધ્યપ્રદેશના હોશંગાબાદ જિલ્લાના બાવઈ ગામમાં થયો હતો. 'દાદા' તરીકે જાણીતા માખનલાલે પત્રકારત્વ શરૂ કર્યું ત્યારે સમગ્ર દેશમાં અંગ્રેજ સરકાર વિરુધ્ધ રાષ્ટ્રીય આંદોલનની શરૂઆત થઈ ચૂકી હતી. એ સમયે રાષ્ટ્રીયતા અને સમાજ સુધારાની ચર્ચા થવા માંડી હતી અને અંગ્રેજોને હાંકી કાઢવા માટે લોકોમાં તીવ્ર લાગણી હતી. 1913માં ખંડવાના કાલુરામ ગંગરાંડેએ માસિક સામયિક પ્રભાનું પ્રકાશન શરૂ કર્યું, જેનાં સંપાદનની જવાબદારી માખનલાલને સોંપવામાં આવી. 1913માં તેમણે પ્રોફેસરની નોકરી છોડી દીધી અને સંપૂર્ણ રીતે પત્રકારત્વ, સાહિત્ય અને રાષ્ટ્રીય આંદોલન માટે સમર્પિત થઈ ગયા. માખનલાલ ચતુર્વેદીએ ઉચ્ચ સ્તરના સાહિત્યિક મેગેઝીન 'પ્રભા' દ્વારા આઝાદીના આંદોલનમાં પોતાનું યોગદાન આપવાનું શરૂ કર્યું. લોકોને હચમચાવતી અને જગાવતી રચનાઓ દ્વારા પ્રભાએ હિન્દી સાહિત્યમાં ભારે ચર્ચા જગાવી. ગણેશ શંકર વિદ્યાર્થીએ કાનપુરથી સાપ્તાહિક પ્રતાપનું સંપાદન શરૂ કર્યું ત્યારે માખનલાલ ચતુર્વેદી તેમાં જોડાઈ ગયા. મહાત્મા ગાંધીએ 1920માં શરૂ કરેલી અસહકારની ચળવળમાં મહાકૌશલમાં પ્રથમ ધરપકડ વ્હોરનાર માખનલાલ હતા. 17 જુલાઈ, 1920નાં રોજ 'કર્મવીર' નું સંપાદન શરૂ થયું, જેમાં નિર્ભયી રીતે દેશી રજવાડાઓનાં ભ્રષ્ટાચારની પોલ ખોલવામાં આવતી હતી. આ સામયિકમાં સાહસિક લેખો લખવામાં આવતા હતા. કેટલાંક રાજાઓએ સામયિકને મદદ કરવાનું બંધ કરી દીધું. સામયિકે અનેક મુશ્કેલીઓ છતાં પોતાનું કામ ચાલુ રાખ્યું પણ ક્યારેય હાર ન માની.

# ગૌરી શંકર રાય: સ્વતંત્રતા સંગ્રામને બળ પૂરું પાડવા પત્રકારત્વને શસ્ત્ર બનાવ્યું

વર્ષ 1886માં ભયંકર દુકાળના સમયે અંગ્રેજોની પોલ ખોલવા અને ઓડિશાના નવયુવકોને જાગૃત કરવા માટે ગૌરીશંકર રાયે પ્રથમ ઉડિયા સામયિક ઉત્કલ દીપિકાનું પ્રકાશન શરૂ કર્યું હતું. કહેવાય છે કે આ દુકાળથી ઓડિશાના વિવિધ વિસ્તારોમાં તે સમયે 10 લાખથી વધુ લોકોનાં મૃત્યુ થયા હતા. એ સમયે લોકોને લાગ્યું કે જો આપણે સ્વતંત્ર હોત તો આવા દુકાળનો સામનો ન કરવો પડત. ધીરે ધીરે સ્વતંત્રતા સંગ્રામની લડાઈ મજબૂત થતી ગઈ. આ દુકાળ દરમિયાન ગૌરી શંકર રાય અને બાબુ બિચિત્રનંદા દાસે ઉડિયા ભાષામાં ઉત્કલ દીપિકા સામયિકનું પ્રકાશન શરૂ કર્યું. તેનાંથી લોકો જાગૃત થવા માંડ્યા અને તેમને ખબર પડવા માંડી કે આ દુકાળનું સાચું કારણ શું છે. 13 જુલાઈ, 1838નાં રોજ કટકમાં જન્મેલા ગૌરીશંકર રાયની આગેવાનીમાં 4 ઓગસ્ટ, 1866નાં રોજ પ્રથમ વાર આ સામયિક પ્રકાશિત થયું અને એટલાં માટે જ આ દિવસને ઉડિયા પત્રકારત્વ દિવસ તરીકે મનાવવામાં આવે છે. જ્યારે ઓડિશા વિવિધ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું હતું ત્યારે આ સામયિકે દુકાળ અને ગરીબીના અહેવાલો પ્રસિધ્ધ કરીને સ્વતંત્રતાની હવાને જોર આપવાનું શરૂ કર્યું. રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા આ સામયિક દ્વારા ગૌરીશંકર રાયે ભારતીયોના હિતમાં અંગ્રેજો વિરુધ્ધ લડાઈ લડી. તેઓ સામયિકમાં અંગ્રેજો વિરુધ્ધ લખતા હતા અને લોકોની સમસ્યાઓને તેમનાં સુધી પહોંચાડતા હતા. તેઓ પૂર જેવી કુદરતી આપત્તિઓ રોકવા માટેનાં સૂચનો પણ પ્રકાશિત કરતા હતા. પછીથી તેમનાંથી પ્રભાવિત થઈને શશિભૂષણ રથ 1913માં બરહમપુરથી દૈનિક ઓડિયા મેગેઝિન છાપવા લાગ્યા અને ઉડિયા સાહિત્યને પ્રોત્સાહન આપવા માટે સત્યબતી નામનું સામયિક છાપવાનું શરૂ કર્યું. આ સામયિકનાં પ્રકાશન માટે તેમણે કટકમાં એક પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કરી, જેનું નામ કટક પ્રિન્ટિંગ કંપની હતું. અંગ્રેજો બાઈબલ છાપીને ઘેર ઘેર પહોંચાડવાનું કામ કરતા હતા ત્યારે તેઓ પોતાની પ્રિન્ટિંગ કંપનીમાં ઓડિયા ભાષામાં મહાભારત, રામાયણ અને પ્રાચીન ગ્રંથોનું પ્રકાશન કરી રહ્યા હતા. બ્રહ્મસમાજ સાથે સંકળાયેલા ગૌરી શંકર રાયે રાજ્યમાં સંગીત અને નાટકને પ્રોત્સાહન આપવા માટે પણ મહત્વની ભૂમિકા ભજવી અને સમાજના સાંસ્કૃતિક ઉત્થાનમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ●



# રાજમાતાથી લોકમાતા

**ભારતીય દર્શનશાસ્ત્રમાં સદવિચાર અને સદાચરણને પણ ધર્મ માનવામાં આવ્યો છે અને જેમાં આ બે ગુણ હોય એ જ રાજા કે શાસક પ્રજાને સુખ આપી શકે છે. 18મી સદીમાં આવાં જ ગુણો ધરાવતાં દેવી થઈ ગયા. એ હતાં અહિલ્યાબાઈ હોળકર. તેઓ વીર યોદ્ધા, કુશળ નિશાનેબાજની સાથે સાથે કુશળ વહીવટકાર પણ હતાં. તેમણે લોક કલ્યાણ માટે અનેક કાર્યો કર્યા અને ધર્મનાં માર્ગે ચાલીને રાજ્ય ઉપરાંત, બહારનાં રાજ્યોમાં પણ મંદિરો અને ઘાટોનું નિર્માણ કરાવ્યું. એટલાં માટે જ તેમને લોક માતા કહેવામાં આવ્યા.**

જન્મઃ 31 મે, 1725 મૃત્યુઃ 13 ઓગસ્ટ, 1795

દેવી અહિલ્યાબાઈ હોળકરનો જન્મ 31 મે, 1725નાં રોજ મહારાષ્ટ્રના અહમદનગરના છૌંડી ગામમાં એક સાધારણ પરિવારમાં થયો હતો. પિતા મંકોજીરાવ શિંદે ગામના પાટીલ હતા. તે સમયે છોકરીઓ શાળાએ નહોતી જતી, પણ અહિલ્યાબાઇને તેમનાં પિતાએ વાંચતાં લખતાં કર્યા. માલવાના રાજા મલ્હાર રાવ હોળકર એક વાર છૌંડી રોકાયા હતા, જ્યાં નાનકડી અહિલ્યાને જોઇને તેની બુધ્ધિમત્તાથી પ્રભાવિત થયા અને તેમણે અહિલ્યાને પોતાની પુત્રવધુ બનાવવાનો નિર્ણય લીધો. 1733માં તેમનાં લગ્ન ખાંડેરાવ હોળકર સાથે થયા. 1754ના કુંભેર યુધ્ધમાં પતિનું અવસાન થયું. 12 વર્ષ બાદ સસરા મલ્હાર રાવનું પણ મૃત્યુ થયું. તેનાં એક વર્ષ બાદ તેમના માલવાની મહારાણીનો તાજ પહેરાવવામાં આવ્યો.

શિવ પ્રત્યે તેમનો સમર્પણ ભાવ એ બાબત પરથી સમજી શકાય છે કે અહિલ્યાબાઈ આદેશ પર હસ્તાક્ષર કરતી વખતે પોતાનું નામ નહોતાં લખતાં, પણ પત્રની નીચે માત્ર શ્રી શંકર લખતાં હતાં. તેમનાં રૂપિયા પર શિવલિંગ અને બિલી પત્રનું ચિત્ર અને પૈસા પર નંદીનુ ચિત્ર અંકિત રહેતું હતું. એમ કહેવામાં આવે છે કે, ત્યારથી આઝાદી મળી ત્યાં સુધી ઈન્દોરના સિંહાસન પર જેટલાં પણ રાજા આવ્યા એ બધાંનાં આદેશ પર શ્રીશંકરનું નામ લખવામાં આવતું હતું. શ્રીશંકર વગરનો કોઇ પણ આદેશ માન્ય રાખવાં આવતો નહોતો અને તેનાં પર અમલ નહોતો થતો.

દેવી અહિલ્યાબાઈ કુશળ રાજકારણી પણ હતાં. એક વાર મરાઠા પેશવાઓએ તેમનાં શાસનને નબળું સમજીને કબ્જો કરવા માટે મલવાને ઘેરો ઘાલ્યો. તેમણે મરાઠા પેશવાઓને લખેલા પત્રમાં તેમની રાજકીય કુશળતા દેખાઈ આવે છે. પત્રમાં તેમણે લખ્યું હતું, તમે મહિલા સેના સામે જીતી જશો તો પણ તમારી કીર્તિ અને યશમાં કોઈ વધારો નહીં થાય. દુનિયા તો એમ જ કહેશે કે મહિલાની સેના સામે જ જીત્યા ને. અને જો તમે હારી જશો તો કેટલી હાંસીને પાત્ર બનશો તેનો અંદાજો તમે નહીં લગાવી શકો. અહિલ્યાબાઈની આ કુશળતા કામ કરી ગઈ અને પેશવાએ આક્રમણ કરવાનો વિચાર માંડી વાળ્યો.

આધુનિક ભારતનાં જૂજ નેતાઓ એવાં છે જેમણે દેવી અહિલ્યાબાઈ હોળકરનાં સનાતન ધર્મનાં સિધ્ધાંતો અને તેની ફિલોસોફી અપનાવવાનો પ્રયાસ કર્યો છે. તેમાં વડાપ્રધાન મોદીનું નામ મોખરે છે. ઇતિહાસકાર જોન કેયે અહિલ્યાબાઈ હોળકરને ફિલોસોફર ક્વિન કહ્યા હતાં, એ જ રીતે અનેક લોકો મોદીના શાસનની સરખામણી તેમના પ્રભાવશાળી, મજબૂત અને લોક કલ્યાણકારી શાસન સાથે કરી છે. પણ હકીકત એ છે કે બંને શાસનમાં ઘણી સમાનતા દેખાય છે. દેવી અહિલ્યાબાઈએ પોતાનાં જીવનકાળમાં અનેક મંદિરોનો જીર્ણોધ્ધાર કરાવ્યો, જે હૂમલાખોરો અને અંગ્રેજી શાસકોનાં હૂમલામાં ખંડિત થઇ ગયા હતા. તેમણે કાશી વિશ્વનાથ મંદિરનું પુનઃનિર્માણ કરાવ્યું. ધ્વસ્ત થઈ ગયેલા સોમનાથ મંદિર પાસે બે માળનું મંદિર બનાવડાવ્યું. મંદિરોનાં પુનરોધ્ધાર અંગે આવાં જ કાર્યો હાલમાં વડાપ્રધાન મોદીનાં પ્રયાસોમાં જોવા મળી શકે છે. અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરનું ભૂમિપુજન હોય કે કાશી વિશ્વનાથ કોરિડોર અથવા ચારધામ પ્રોજેક્ટ કે કેદારનાથ અને બદ્રીનાથ મંદિર પરિસરોની કાયાપલટ. દરેક જગ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં આ પૌરાણિક અને ધાર્મિક સ્થળોને તેમનું દિવ્ય અને ભવ્ય સ્વરૂપ પાછું મળી રહ્યું છે.

લોકમાતાની જેમ મોદી સરકારે વિદેશમાં જતી રહેલી સાંસ્કૃતિક કળાકૃતિઓને સ્વદેશ લાવીને વારસાને સાચવવાનો પ્રયાસ કર્યો છે. વડાપ્રધાન મોદીએ બહેરીનની રાજધાનીમાં 200 વર્ષ જૂના શ્રીનાથજી મંદિરનાં જીર્ણોધ્ધારનું ઉદઘાટન કર્યું. તેમનાં પ્રયત્નોથી યુએઇએ અબુ ધાબીમાં સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરવાની મંજૂરી આપી. અહિલ્યાબાઈએ મહેસુલ આવકની વ્યવસ્થા સરળ બનાવી હતી, મોદી સરકાર પણ જમીન વ્યવસ્થા સરળ કરી રહી છે. સ્વામિત્વ યોજના દ્વારા જમીનના રેકોર્ડનું ડિજિટાઇઝેશન જેવાં અનેક મહત્વનાં કાર્યો થઈ રહ્યાં છે. અહિલ્યાબાઈએ મહેશ્વરમાં સ્થાનિક હાથશાળ ઉદ્યોગનો વિકાસ કરીને વિશ્વને મહેશ્વર સાડીની ભેટ આપી હતી. મોદી પણ 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન આપી રહ્યા છે. ●



**PMO India** @PMOIndia

आज भारत के पास इतना कुछ है।

हमें बस अपने आत्मविश्वास को, आत्मनिर्भरता के अपने जज्बे को मज़बूत करना है।

ये आत्मविश्वास तभी आएगा जब विकास में सबकी भागीदारी होगा, सबका प्रयास लगेगा: PM @narendramodi



**Rajnath Singh** @rajnathsingh

The procurement by MoD on Government e-Marketplace (GeM) for 2021-22 reaches an all-time high of Rs 15047.98 Cr, which is a 3 times jump from FY 2020-21. Congratulations to Armed Forces & other stakeholders for their efforts in fulfilling PM Modi's vision for #EaseofDoingBusiness



**Amit Shah** @AmitShah

श्री @narendramodi जी ने #AzadiKaAmritMahotsav में आजादी के शताब्दी वर्ष में भारत को पूरी दुनिया में हर क्षेत्र में सर्वोच्च स्थान पर बिठाने का लक्ष्य देश के सामने रखा है। देश के हर नागरिक को इसके लिए संकल्प लेना चाहिए।

यही बाबू वीर कुंवर सिंह जी को सच्ची श्रद्धांजलि हो सकती है।



**Nitin Gadkari** @nitin_gadkari · 5d

The 3,300 km long East - West Corridor connecting Silchar to Porbandar, is a part of Golden Quadrilateral, a dream project of revered Atal ji.

Also, it has reduced the travel time by approximately one hour between Siliguri and Alipurduar in West Bengal. #PragatiKaHighway #GatiShakti



**Dr Mansukh Mandaviya** @...

India under PM @NarendraModi Ji's leadership has emerged as Global Medical Superpower by:

- Providing essential drugs, vaccines, medical expertise to various nations
- Boosting pharmaceutical exports & domestic manufacturing
- Strengthening research & development ecosystem



Anurag Thakur Retweeted

**Office of Mr. Anurag Thakur** · 6h

जहाँ विश्व की अर्थव्यवस्थाएं ग्रोथ के लिए संघर्ष कर रही हैं, वहीं भारत में नए-नए रिकॉर्ड बन रहे हैं! जीएसटी संग्रह में लगातार वृद्धि हो रही है; अप्रैल 2022 में ₹1.68 लाख करोड़ का रिकॉर्ड जीएसटी संग्रह हुआ है।

# चलती रहेगी 'उज्ज्वला' मिलता रहेगा कनेक्शन

विनोद श्रीवास्तव

नई दिल्ली। एसएनबी

केंद्र सरकार की गरीबों की रसोई घर के लिए निःशुल्क एलपीजी गैस कनेक्शन दिए जाने की योजना चलती रहेगी। बशर्ते योजना के लिए निर्धारित मानदंडों के मुताबिक अर्हता रखने वाली महिलाओं की ओर से आवेदन मिलता रहे। उज्ज्वला योजना ने दूसरे चरण में एक करोड़ एलपीजी कनेक्शन दिए जाने का लक्ष्य पूरा करने के बाद 18 लाख से अधिक आवेदकों को एलपीजी कनेक्शन दिए जा चुके हैं। सात लाख नए आवेदनों को मंजूरी दी जा चुकी है। कुछ सप्ताह में इन कनेक्शनों को भी लाभार्थियों के दे दिए जाएंगे। कुल मिलाकर पेट्रोलियम एवं प्राकृतिक गैस मंत्रालय ने योजना के तहत आने वाले आवेदनों को लगातार स्वीकार कर रहा है। योजना को अभी तक बंद नहीं किया है।



उज्ज्वला योजना 2.0 में एक करोड़ का लक्ष्य पूरा होने के बाद मिले 18 लाख नए कनेक्शन

दरअसल मोदी सरकार ने वर्ष 2016 में प्रधानमंत्री उज्ज्वला योजना के तहत पहले चरण में गरीब परिवारों को पांच करोड़ निःशुल्क एलपीजी गैस कनेक्शन दिए जाने की योजना शुरू की थी। लेकिन कुछ महीनों के दौरान पांच करोड़ कनेक्शन वितरित किए जाने के बाद तीन करोड़ फिर एलपीजी गैस कनेक्शन दिए गए। इस तरह से पहले चरण में ही उज्ज्वला योजना के तहत आठ एलपीजी गैस कनेक्शन लाभार्थियों को दिए गए। मोदी सरकार 2.0 में उज्ज्वला योजना के दूसरे चरण में एक करोड़ नए कनेक्शन देने की घोषणा की गई। इन एक करोड़ कनेक्शनों को वित्तीय वर्ष 2021-22 में ही लाभार्थियों को दे दिए गए। इसके बावजूद उज्ज्वला योजना अभी बंद नहीं की गई है। योजना के मानदंडों के अनुसार अर्हता रखने वाले लगातार आवेदन कर रहे हैं और उन्हें मंजूर किया जा रहा है।

पेट्रोलियम एवं प्राकृतिक गैस मंत्रालय के अनुसार, उज्ज्वला योजना के दूसरे चरण में ही 25 अप्रैल तक एक करोड़ 18 लाख 51 हजार 240 एलपीजी गैस कनेक्शन दि, जा चुके हैं। अगर इनमें से लक्ष्य के एक करोड़ कनेक्शन हटाने के बाद 18 लाख से अधिक कनेक्शन दिए गए हैं। इतना ही नहीं, योजना के तहत सात लाख नए आवेदनों को मंजूर किया गया है। इन्हें कुछ सप्ताह में लाभार्थियों को दे दिए जाएंगे। फिलहाल योजना के लिहाज से अर्हता रखने वाले आवेदकों को एलपीजी कनेक्शन दिए जाते रहेंगे।

पीएम मोदी ने असम में 6 कैंसर अस्पतालों का किया उद्घाटन, उद्योगपति टाटा भी रहे साथ

# केंद्र सरकार कर रही 'स्वास्थ्य के सप्तऋषि' पर फोकस, देश में बढ़ा रहे बड़े सुरक्षा कवच

सातवें की रखी आधारशिला स्वास्थ्य कल्याण को बताया लक्ष्य





ये भी बोले पीएम-अस्पताल आपकी सेवा में हैं, लेकिन नए अस्पताल खाली रहेंगे तो मुझे खुशी होगी

*अब इलाज के लिए बड़े शहरों में जाने की जरूरत नहीं होगी*

में अपने अंतिम वर्षों को स्वास्थ्य के लिए समर्पित कर रहा हूं



ये रहे सात ऋषि



कैंसर की दवाओं की कीमतों को किया आधा, 1000 करोड़ रु. बचा रहे

प्रधानमंत्री का असम में वादा, कहा-सरकार इसके लिए प्रयास कर रही

# पूर्वोत्तर से आफस्पा को पूरी तरह हटाएंगे : मोदी



पूर्वोत्तर में हिंसा में 75% की गिरावट : मोदी



मुख्यमंत्रियों से संवाद : प्रधानमंत्री ने कहा-यूरोपीय देशों में हालात गंभीर हो रहे, बच्चों को जल्द टीका लगवाएं

# कोरोना केस बढ़ रहे, सतर्क रहें: मोदी



प्रधानमंत्री ने कहा-मानवता के सामने खड़े सवालों का हल भारत के अनुभवों से ही संभव

# 'विश्व के सामने साझी चुनौतियां'



RNI No. :
DELGUJ/2020/78810
May: 16-31, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date May 5, 2022, Pages - 84)



# ભારતની માટીના સપૂતની જન્મજયંતીએ રાષ્ટ્રના નમન

# વીર સાવરકર

## 28 મે, 1883

"

**સાવરકરજી અંગેનું અદભૂત વર્ણન આપણા પ્રિય આદરણીય અટલ બિહારી વાજપેયીએ કર્યું છે. અટલજીએ કહ્યું હતું -સાવરકર એટલે તેજ, સાવરકર એટલે ત્યાગ, સાવરકર એટલે તપ, સાવરકર એટલે તત્વ, સાવરકર એટલે તર્ક, સાવરકર એટલે તારુણ્ય, સાવરકર એટલે તીર, સાવરકર એટલે તલવાર. કેટલું સચોટ ચિત્રણ કર્યું હતું અટલજીએ. સાવરકર કવિતા અને ક્રાંતિ બંનેને સાથે લઈને ચાલ્યા. સંવેદનશીલ કવિ હોવાની સાથે સાથે તેઓ સાહસિક ક્રાંતિકારી પણ હતા.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

પોર્ટબ્લેર સ્થિત સેલ્યુલર જેલમાં વીર સાવરકરને શ્રધ્ધાંજલિ અર્પિત કરતા વડાપ્રધાન મોદીનો વિડીયો જોવા માટે સ્કેન કરો

વીર સાવરકરનું તેમની જન્મ જયંતીએ સ્મરણ કરતા વડાપ્રધાને સાંભળવા માટે સ્કેન કરો.

Gujarati

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from
Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020